
# શ્રી ગજસિંહરાય ચરિત્ર રાસ



: પ્રકાશક :
આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર સુભાષ ચોક, ગોપીપુરા, સુરત. (ગુજરાત)

આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ નં.૧૪૬

# શ્રી ગજસિંહરાય ચરિત્ર રાસ

: કર્તા :

શ્રી નેમિકુંજર

: માર્ગદર્શક :

શાસ્ત્રસંશોધક શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સા.

: ભાવાનુવાદ :

સાધ્વી શ્રી વિરાગરસાશ્રીજી મ.

સાધ્વી શ્રી ધૈર્યરસાશ્રીજી મ.

: લિપ્યંતર અને સંકલન :

કિરીટભાઈ કાંતિલાલ શાહ.

: પ્રકાશક :

આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત. (ગુજરાત)

● **શ્રી ગજસિંહરાય ચરિત્ર રાસ**
(વિ.સં. ૧૫૫૬માં આલેખાયેલ રોચક કથાનક.)

● **હસ્તપ્રત :**
(૧) રતલામ જ્ઞાનભંડાર. રતલામ.
(૨) લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર,
અમદાવાદ.

JSBN
OMKAR0010

● **માર્ગદર્શક**
શાસ્ત્રસંશોધક શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સા.

● **શબ્દાનુવાદ**
સાધ્વી શ્રી વિરાગરસાશ્રીજી મ.,
સાધ્વી શ્રી ધૈર્યરસાશ્રીજી મ.

● **સંશોધન**
પં.શ્રી સુયશચન્દ્ર વિ.ગણી

● **પ્રકાશક :**
આ. ૐકારસૂરિ જ્ઞાન મંદિર
સુભાષ ચોક, ગોપીપુરા, **સુરત.**

● **પ્રાપ્તિસ્થાન :**
(૧) **આ. ૐકારસૂરિ જ્ઞાન મંદિર**
સુભાષ ચોક, ગોપીપુરા, **સુરત.** (ગુજરાત)

(૨) **જિનકલ્પ શાસ્ત્ર સંગ્રહ**
આ. ૐકારસૂરિ આરાધના ભવન - પાલ, સુરત.

● **આવૃત્તિ :** પ્રથમ ● **પ્રકાશન વર્ષ :** વિ.સં. ૨૦૭૬.

● **નકલ :** ૨૫૦ ● **મૂલ્ય :** ૧૬૦

● **મુદ્રણ સહાયક :** પીયૂષ શાહ, અમદાવાદ.

# પ્રકાશન સમયે.....

—આ. વિજય મુનિચંદ્રસૂરિ

શ્રી નેમિકુંજર રચિત ગજસિંહરાય ચરિત્ર રાસ (ગજસિંઘકુમાર રાસ)ની રચના વિ.સં.૧૫૫૬ના પ્રથમ જેઠ સુદ ૧૫ બુધવારે થઈ છે.

ચાર ખંડ (૧૯૮/૪૩૦ કડી)માં વહેંચાયેલા આ રાસમાં શીલનો મહિમા વર્ણવતી અનેક ચમત્કારિક ઘટનાઓનું વર્ણન કવિએ કર્યું છે.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' (મો.દ.દેસાઈ) પારા ૭૭૫ અને 'જૈન ગૂર્જર કવિઓ' ૧,૩(૧) પૃ.૧૦૦-૧૦૧ વગેરેમાં આની નોંધ છે. 'ગુજરાતી સાહિત્યકોશ' ખંડ.૧ મધ્યકાલ, 'મધ્યકાલીન કૃતિકોશ'માં પણ આનો ઉલ્લેખ છે.

૬૫૦ શ્લોક પ્રમાણના સોળમાં સૈકામાં રચાયેલા અપ્રગટ રાસની પ્રતિલિપિ શ્રી કીરીટભાઈ શાહે કરી. મધ્યકાલીન સાહિત્યના મર્મજ્ઞ વિદુષી સાધ્વી વિરાગરસાશ્રી અને સાધ્વી ધૈર્યરસાશ્રીએ આ રાસનું સંશોધન અને ભાવાનુવાદ કરી રાસની ઉપયોગિતામાં વૃદ્ધિ કરી છે. બંને સાધ્વીવર્યાને અભિનંદન એમની અને કીરીટભાઈ શાહની શ્રુતભક્તિની અનુમોદના.

•••

# પ્રકાશકીય.....

વિક્રમના સોળમાં સૈકામાં રચાયેલ અપ્રગટ રાસ 'ગજસિંહરાય ચરિત્ર રાસ'નું પ્રકાશન કરતાં આનંદ થાય છે.

ગ્રંથકાર શ્રી નેમિકુંજર જૈન મુનિ હતા એટલું ગુજરાતી સાહિત્યકોશમાં જણાવ્યું છે. એમની ગુરુપરંપરા કે અન્ય કોઈ વિગત જાણવા મળી નથી. પ્રસ્તુત રાસ સિવાય એમણે કોઈ કૃતિ રચી હોય એવી પણ ક્યાંય નોંધ મળી નથી.

વિ.સં. ૧૫૫૬માં રચાયેલ આ ઘટનાપ્રધાન રાસ કૃતિનો ભાવાનુવાદ વિદુષી સાધ્વી શ્રી વિરાગરસાશ્રી અને સાધ્વીશ્રી ધૈર્યરસાશ્રીજીએ કરી રાસની ઉપયોગિતામાં વૃદ્ધિ કરી છે. વિદુષી સાધ્વીવર્યાને વંદના.

ગ્રંથની પ્રતિલિપિ સંકલન વગેરે દ્વારા શ્રુતભક્તિ કરનારા શ્રી કીરીટભાઈ શાહને ધન્યવાદ.

વાચકો રાસમાંથી બોધ ગ્રહણ કરે એજ પ્રાર્થના.

લી.

પ્રકાશક

શ્રી નેમિકુંજર રચિત
ગજસિંહરાય ચરિત્ર રાસના
લાભાર્થી

**શ્રી ગૌતમ-જિન-કલ્પ શ્વેતામ્બર**
**મૂર્તિપૂજક જૈન સંઘ**
**સીમંધર કેંપસ, પાલ સૂરતના**
**જ્ઞાનદ્રવ્યમાંથી પ્રકાશનનો**
**લાભ મળેલ છે.**

હસ્તે

**શ્રી પરમ-જિનભદ્ર-શાંતિ શ્વેતામ્બર**
**મૂર્તિપૂજક જૈન સંઘ**

**અનુમોદના...**

## કૃતિપરિચય

**ગજસિંહરાય ચરિત્ર રાસ** સં. ૧૫૫૬માં લખાયેલ કૃતિની પ્રતિલિપિ સંવત ૧૭૦૮માં શ્રીપતિ ઋષિએ ધઈઠા નગરે કરેલ છે. આ કૃતિના કર્તા **નેમિકુંજર** છે. આ રાસના ચાર ખંડની રચનામાં દૂહા, ચોપઈ, વસ્તુ છંદ, ઢાળ, છંદ, સુભાષિત આદિ દ્વારા ૪૦૦થી વધુ કડીઓમાં ચમત્કારાત્મક વિષયોને લઈને શીલ અને સદાચારનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. મને આ કૃતિ સાધ્વીશ્રી વિરાગ-રસાશ્રીજી તરફથી પ્રાપ્ત થયેલ છે અને જ્ઞાનભંડારના નામોલ્લેખમાં માત્ર રતલામ જ્ઞાનભંડાર એટલું જ લખેલ છે. રતલામ જ્ઞાનભંડારની આ પ્રતમાં લગભગ દરેક પાના ઉપરના અક્ષરો સ્પષ્ટ વાચી ન શકાય તેવી સ્થિતિના છે.

કર્તાશ્રી આ કૃતિમાં મંગલાચરણ દ્વારા પાર્શ્વનાથ પરમાત્માને નમસ્કાર કરવાની સાથે શ્રી સરસ્વતી દેવીનું સ્મરણ કરી કથાનાયક શ્રી ગજસિંહકુમારે શીલવ્રત માટે જે સાહસ દાખવ્યું તે અંગેની કથાનું ચમત્કારો યુક્ત રોચક વર્ણન કરે છે. કૃતિનો મુખ્ય ઉદ્દેશ શીલ અને સદાચારનો મહિમા જણાવવાનો છે.

પ્રસ્તુત કૃતિમાં રચનાકાર **નેમિકુંજર** વિષે કે તેમની પાટપરંપરા વિષે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. **ગજસિંહરાય ચરિત્ર રાસ**ની બીજી એક કૃતિ પાંચ-છ વર્ષ પૂર્વે **લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ** તરફથી પ્રાપ્ત થયેલ. આ હસ્તપ્રત ઘણી ઉપયોગી થઈ છે. આ પ્રતમાં પણ કર્તાના નામોલ્લેખ સિવાય પાટપરંપરા કે ગુરુપરંપરા વિષે કોઈ માહિતી જોવા મળી નથી તો વિદ્વદ્વર્યો આ કૃતિના કર્તા **શ્રીનેમિકુંજર** વિષે માહિતી મેળવે તેટલું જણાવી સંતોષ માનીએ છીએ.

• • •

## પ્રતપરિચય-૧.

**આ** કૃતિનું સંપાદન રતલામ જ્ઞાનભંડારની હસ્તપ્રતના આધારે કરવામાં આવ્યું છે, ધઈઠા નગરે સંવત ૧૭૦૮માં શ્રીપતિ ઋષિએ પ્રતિલિપિ કરેલ છે, પ્રતની લંબાઈ ૨૫.૫ સે.મી. અને પહોળાઈ ૧૨ સે.મી. છે. પત્ર સંખ્યા ૯ છે એક પત્ર ઉપર ૨૧ લાઈન લખવાની ચોકસાઈ રાખવામાં આવેલ છે અને એક લાઈનમાં અંદાજે ૬૦ થી ૬૫ અક્ષરો છે. અમને પ્રાપ્ત થયેલ હસ્તપ્રતના અક્ષરો ઉકેલી ન શકાય તેવા હોવાથી લિપ્યંતરમાં ભૂલો હોવા સંભવ છે.

આ કૃતિ લોકભોગ્ય બને તે માટે **"ગજસિંહરાયચરિત્ર રાસ"**નો ભાવાનુવાદ સાધ્વીશ્રી વિરાગરસાશ્રીજીએ કરી આપતાં પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત થયો છે.

## પ્રતપરિચય-૨.

બીજી પ્રતિ **લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ** તરફથી પ્રાપ્ત થયેલ છે. જેના કર્તા **નેમિકુંજર** છે, જેનો અમે B . પ્રત સંજ્ઞાથી નામોલ્લેખથી ઉપયોગ કર્યો છે.

જેની પ્રતિલિપિ સંવત ૧૭૦૧ કાર્તિક સુદ આઠમના દિવસે રાજનગર મધ્યે શ્રી ગુણવિજયે કરેલ છે. પ્રતની લંબાઈ ૨૨ સે.મી. અને લંબાઈ ૧૧ સે. મી. છે, પત્ર સંખ્યા ૧૬ છે. એક પત્રમાં ૧૫ લાઈન છે. એક લાઈનમાં અંદાજીત ૪૨ અક્ષરો છે જે સુવાચ્ય છે.

• • •

# નમ્ર નિવેદન

**આ** કથાનકનું લિપ્યંતર પાંચ છ વર્ષ પહેલાં કર્યું ત્યારે એવી કલ્પના પણ ન હતી કે શાસ્ત્રસંશોધક પરમ પૂજ્ય શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી ગ્રંથરૂપે પ્રકાશિત થશે.

છેલ્લાં થોડાં વર્ષોથી જ્ઞાનભંડારોના કબાટો અને કલાત્મક ડાભડાઓ-પેટીઓમાં ગુંગળાતી મૃતપ્રાય થતી હસ્તપ્રતોનો પુનરુદ્ધાર કરવામાં અને પૂર્વાચાર્યો ઋષિમુનિઓએ માનવ જાતના કલ્યાણ માટે જે અપાર મહેનત કરી છે તેને પ્રકાશમાં લાવવા માટે ગણ્યગાંઠ્યા વર્તમાન મુનિપુંગવો અને કર્તવ્યનિષ્ઠ સંસ્થાઓ સક્રિય છે જે અનુમોદના અને આનંદનો વિષય છે.

આજના સમયમાં આ કાર્ય માટે કોઈ પણ આરંભ-સમારંભના કાર્યમાં જોડાયા વગર એકાંતમાં એક ચિત્તે મનને એકાગ્ર સ્થિતિમાં રાખવું મુશ્કેલ બનતું જાય છે. ત્યારે આ કાર્યની ગરિમાની મહત્તાને સમજનારો વર્ગ પ્રવૃત્ત થતો જોવા મળે તો વિશેષ આનંદ થાય.

આજે આપણી પાસે હાલમાં જે જે સાહિત્ય ઉપલબ્ધ છે તે બધું સાહિત્ય પ્રાચીન હસ્તપ્રતમાં સચવાયેલું હોવાથી આપણા સુધી પહોંચ્યું છે અને તેમાં મોટો ઉપકાર દીર્ઘદૃષ્ટિથી ઊભા કરેલા આપણા જ્ઞાનભંડારોનો છે. હવે આ જ્ઞાનભંડારો સાચવવાની જવાબદારી વર્તમાન જૈન સંઘની છે.

પ્રાચીન હસ્તપ્રતો અનેક ભાષામાં લખાયેલી હોય છે તેમ ગુજરાતી ભાષાની પ્રાચીન હસ્તપ્રત નાગરીલિપિમાં લખાયેલ હોય એટલે કે શબ્દોનાં મથાળાં બાંધેલાં હોય. આજની પદ્ધતિ પ્રમાણે શબ્દોને છૂટા પાડીને લખવાની પદ્ધતિ તે સમયે ન હતી એટલે શ્રાવક વર્ગ હસ્તપ્રતના કાર્ય અંગે એક જ ગ્રંથિ ધરાવે છે કે આ કાર્યમાં આપણું કામ નહીં, આ તો સંસ્કૃત-પ્રાકૃતના અભ્યાસુઓનું કામ એમ સમજીને હસ્તપ્રતને હાથમાં લઈ સમજવાનો પ્રયત્ન નહીં કરતા હોવાથી આ ક્ષેત્ર ઉપેક્ષિત રહ્યું છે.

મને પણ સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ ન હોવા છતાં મધ્યકાલીન ગુજરાતી હસ્તપ્રત માટે પ્રયત્ન કરવાથી થોડું કાર્ય કરી શક્યો છું, તેમાં વિદ્વાનોના સંપર્કમાં રહેવાની ધગશ અને કંઈક શીખવું છે તેવી નિષ્ઠા ઘણી ઉપકારક નીવડી છે. તેમજ આ કાર્ય માટે મારા પરિવારનો સહયોગ ખૂબ ખૂબ અનુમોદનીય રહ્યો છે.

આજે વ્યાવહારિક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ ઘણા શ્રાવક-શ્રાવિકાઓ નિવૃત્ત હોય તેઓ કંટાળા વગર ધીરજ અને નિષ્ઠાપૂર્વક આ કાર્યમાં પ્રવૃત્ત રહે તો હજુ વર્ષો સુધી કાર્ય થઇ શકે તેટલી હસ્તપ્રતો નિષ્ઠાવાન લોકોની રાહ જોઇને જ્ઞાન-ભંડારોમાં સચવાયેલી છે. તે માટે પ્રયત્ન કરવો અતિઆવશ્યક અને જરૂરી છે જો આ કાર્યમાં ઉદાસીન રહીશું તો જૈન શાસનને ઘણું મોટું નુકસાન થવા સંભવ છે.

ઘણા વર્ષોથી લિપ્યંતર કાર્ય મારા માટે નિવૃત્તિમાં પ્રવૃત્તિ એટલે નિજાનંદ. ઘણા ઘણા પ્રયત્ને કાંઇક થોડું લિપ્યંતર કરતાં શીખ્યો. આમાં જ્ઞાનપિપાસુ પૂજ્ય સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનો તેમજ હસ્તપ્રતોથી સમૃદ્ધ જ્ઞાનભંડારોનો સહયોગ પ્રાપ્ત થયો છે. જેથી આ તકે દરેકનો આભાર વ્યક્ત કરું છું.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી નેમિસૂરિજી મ.સા.ના સમુદાયના પરમ પૂજ્ય આચાર્ય શ્રી સોમચંદ્રસૂરિજી મ. સા.ના શિષ્યરત્ન પં. શ્રી સુયશચંદ્રવિજય ગણિવર્ય કે જેઓ પ્રાચીન હસ્તપ્રતના સંશોધન અને સંપાદનમાં અત્યંત વ્યસ્ત રહેવા છતાં આ કૃતિને સાદ્યંત તપાસી આપેલ છે. તેમજ આ ગ્રન્થનું પ્રુફ રીડીંગ સા.શ્રી ચંદનબાળાશ્રીજી મ.સાએ કરી આપેલ છે તેઓનો પણ આભારી છું.

એ-૧૫, અમીઝરા એપાર્ટમેન્ટ,
શાંતિવન,પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૫૩૭૧૬૪૫૯૪, ૯૩૧૬૬૦૯૫૯૦

લિ.
કિરીટ કે. શાહ.
તા. ૨૯-૯-૨૦૨૦

## ઋણ સ્વીકાર

***પ.પૂ.આ.શ્રી શીલચંદ્રસૂરિજી મ.સા., પ.પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા., પૂ.શ્રી ભુવનચંદ્રજી (ચિન્મય), પૂ. ગણિવર્ય શ્રી વિક્રમસેન-વિજયજીમ.સા. (શ્રી લબ્ધિસૂરિજી સમુદાય) પૂ. પં. શ્રી સુયશચંદ્રવિજય ગણી, પૂ. શ્રી સુજસચંદ્રવિજયજી ગણી (આ. ભ. શ્રી નેમિસૂરિ મ. સમુદાય) તથા વિદ્વદ્વર્યા સા. શ્રી ચંદનબાળાશ્રીજી મ.સા., સા. શ્રી વિરાગરસાશ્રીજી મ.સા., સા. શ્રી ધૈર્યરસાશ્રીજી મ. સા., તથા સુશ્રાવક પ્રોફેસર શ્રી કાંતિભાઈ બી.શાહ, શ્રી બાબુભાઈ બેડાવાળા તેમજ શરતચૂકથી નામોલ્લેખ ન થયો હોય તેવા નામી અનામી વિદ્વાનો તરફથી આ કાર્યમાં મને પ્રોત્સાહન, માર્ગદર્શન અને આશીર્વાદ મળ્યા છે જેઓનો આ તકે આભાર માનું છું. —કિરીટ કે. શાહ.***

# કૃતિસારાંશ

શ્રી નેમિકુંજર રચિત આ ગ્રંથમાં ગજસિંહ નામે બાહોશ રાજકુમારનું બહુ રસપ્રદ અને રોચક કથાનક આલેખવામાં આવેલ છે. આ હસ્તપ્રત વિ. સં. ૧૭૦૮માં ધઈઠા નગરમાં શ્રીપતિ ઋષિએ પ્રતિલિપિ કરેલ છે.

ઉજ્જૈની નગરીના જયસિંહ નામના રાજાને ત્યાં કલાવતી નામની રાણીને ગજસિંહ નામે પુત્ર અવતરે છે.

મોટો થતાં તેને ભણવા માટે નિશાળે મૂક્યો. તે સર્વ કળામાં નિપુણ અને શાસ્ત્રના મર્મને જાણનારો સર્વ ગુણોમાં પારંગત થયો.

એક દિવસ ઉજ્જૈનીની રાજ્યસભામાં સઘળી કળાનો જાણનાર એવો એક પરદેશી સુથાર આવ્યો. તેણે સુંદર મોર બનાવીને રાજાને ભેટણામાં આપ્યો.

રાજા જયસિંહ ભેટણામાં મળેલ મોરને જોઈ બોલ્યો કે, "આ મોરને જીવંત કરે તેને રાજ્ય તરફથી ઈનામ આપવામાં આવશે."

આ સાંભળીને કળાનો જાણકાર પરદેશી સુથાર બોલ્યો કે, "હે રાજન્ ! ધારાનગરીમાં એક બ્રાહ્મણ રહે છે તે આ મોરને જીવતો કરવાની વિદ્યામાં પારંગત છે." રાજા જયસિંહે જ્યારે આ વાત સાંભળી કે તુરંત એક દૂતને ધારાનગરીમાં મોકલી બ્રાહ્મણને ઉજ્જૈનીનગરીમાં બોલાવ્યો.

બ્રાહ્મણ રાજસભામાં આવી પહોંચતાં રાજા જયસિંહે બ્રાહ્મણને આદરસત્કાર આપીને કહ્યું, "આ સુથારે લાકડાનો મોર બનાવ્યો છે, લાકડાના મોરને તમારી વિદ્યાના બળે જીવંત કરો."

મોરને જીવંત કરવા રાજા જયસિંહે બ્રાહ્મણે કહ્યા મુજબની સામગ્રી પૂરી પાડી. બ્રાહ્મણે તાંત્રિક વિદ્યાના બળે મંત્ર લખેલ યંત્ર મોરને બાંધતાં મોર સજીવન થયો.

રાજા જયસિંહે આ મોર રમવા માટે ગજસિંહ કુમારને આપ્યો. મોરને પાંજરામાં રાખી ગજસિંહકુમાર સૂઈ ગયો, રાત્રીના સમયે દૂરથી એક યુવતીનો રડવાનો અવાજ સંભળાતાં કુમાર જાગી ગયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ નિર્બળ સ્ત્રીનું મારે દુઃખ દૂર કરવું જોઈએ.

જે દિશામાં દુઃખિયારી સ્ત્રી હતી ત્યાં આવી પહોંચ્યો. સ્ત્રીને સાંત્વના આપતાં ગજસિંહ કુમારે કહ્યું કે, "હે માનુની ! એવું તે શું દુઃખ તારા માથે આવી પડ્યું છે કે આમ તું વિલાપ કરી રહી છે ? જે હકીકત હોય તે મને કહે. હું તારા દુઃખને દૂર કરીશ." સ્ત્રી પોતાની વાત રજૂ કરતાં કહે છે કે, "મારા પતિને શૂળીએ ચડાવ્યો છે. તે ખૂબ ભૂખ્યો છે તેથી હું તેના માટે કંસાર બનાવીને લાવી છું પણ શૂળીએ ચડેલા મારા પતિ સુધી હું પહોંચી શકતી નથી માટે હું અત્યંત દુઃખી છું." વાત સાંભળી ગજસિંહકુમારે કહ્યું, "તું મારા ખભા ઉપર ચડીને તારા પતિની ભૂખ સંતોષ."

ગજસિંહકુમારે પોતાના ખભા ઉપર બેસાડી ત્યારે પ્રપંચી સ્ત્રીએ શૂળી ઉપર ચઢાવેલા પતિના શબના ટુકડા કરીને માંસ ખાવા લાગી. ગજસિંહ કુમારને થયું કે આ શેનો અવાજ આવે છે. નક્કી આ સ્ત્રી મને છેતરીને પ્રપંચ કરતી લાગે છે.

ગજસિંહકુમારે તે સ્ત્રીનો પગ પકડીને નીચે પછાડી અને આ સ્ત્રી ફરીને આવું ન કરે તે માટે તેનું નાક કાપી નાખ્યું. સ્ત્રીએ મનમાં નક્કી કર્યું કે હવે આ પુરુષનું હું વેર વાળીશ. આવા વિચારથી ગજસિંહકુમારનું રૂપ ધારણ કરીને રાજાના રાણીવાસમાં જઈ રૂપધારી કુંવર રાણીની બાજુમાં સૂઈ ગયો. રૂપધારી કુંવરને રાણીની બાજુમાં સૂતેલો જોઈ રાજા હાથમાં તલવાર લઈ ઊભો થયો, ક્રોધિત થયેલ રાજા તલવાર ઉગામે છે ત્યારે રૂપધારી માયાવી ગજસિંહકુમાર અદૃશ્ય થઈ ગયો.

સવાર થતાની સાથે જ ક્રોધિત થયેલ રાજાએ પ્રધાનને બોલાવી હુકમ કર્યો કે સાંજ પડતા પહેલાં કુંવરને મારી નાખજો. તેની કોઈ વાત સાંભળતા નહીં. રાજાની વાત સાંભળીને પ્રધાન મૌન રહ્યો.

સવાર થતાં કુંવરને પ્રધાને બોલાવ્યો અને કહ્યું, "રાજા તમારી ઉપર ગુસ્સે થયા છે" ત્યારે કુંવર બોલ્યો, "પિતાને કોપાયમાન થવાનું કારણ શું છે ?" પ્રધાન કહે, "કારણ હું જાણતો નથી પણ તું અહીંથી દૂર ચાલ્યો જઈશ તો જ જીવતો રહીશ."

ગજસિંહકુમાર કેડે તલવાર બાંધીને સુંદર એવા મોરને સાથે લઈ નગર બહાર જઈ મોર ઉપર સવારી કરીને આકાશમાર્ગે ચાલતો થયો. તેણે એક સિદ્ધયોગી પુરુષને જોયો તેથી આકાશમાર્ગેથી નીચે આવી પ્રણામ કરી ઊભો રહ્યો. ત્યારે તે સિદ્ધપુરુષે આદરપૂર્વક બોલાવીને કહ્યું, "હે ભાગ્યશાળી, મારા ગુરુજીએ મને સુવર્ણસિદ્ધિ મંત્ર આપ્યો છે તેને સિદ્ધ કરવા માટે એક ઉત્તરસાધકની જરૂર છે. જો તું ઉત્તરસાધક થાય તો મારી વિદ્યા સિદ્ધ થાય તેમ છે." ગજસિંહકુમારે યોગીપુરુષનું વચન માન્ય રાખ્યું. ભૈરવની સાધનાના પ્રભાવે યોગીપુરુષે સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરી.

યોગી અડધો સુવર્ણ રસ ઉત્તરસાધક એવા ગજસિંહકુમારને આપવા લાગ્યો ત્યારે કુમાર સિદ્ધ પુરુષને કહે છે કે, "મારે સુવર્ણ જોઈતું નથી. તેમ છતાં તમો મારા ઉપર

પ્રસન્ન થયા જ છો તો મને કોઈ ઉત્તમ વિદ્યા આપો તો સંકટ સમયે આગળ ઉપર મને હિતકારી થાય.''

યોગીએ ગજસિંહકુમાર ઉપર પ્રસન્ન થઈને બે ઔષધિ આપી. હવે કુંવર રજા લઈ મોર ઉપર ચઢીને આકાશમાર્ગ ચાલ્યો. માર્ગમાં એક નગર જોવામાં આવ્યું તે નગરમાં કોઈ મનુષ્ય જોવામાં આવ્યો નહીં. નગરમાં ફરતાં ફરતાં રાજમહેલ પહોંચ્યો, રાજમહેલમાં ફરતાં ફરતાં તે સાતમા માળે જઈ પહોંચ્યો. સાતમે માળે ગજસિંહને ચાર કન્યા જોવામાં આવી. તેમને બોલાવીને પૂછ્યું, ''આ નગરમાં તમો ચાર કન્યાઓ જ કેમ છો ?'' એક કન્યા બોલી, ''હે બળવાન પુરુષ ! તું અહીંયાં કેમ આવ્યો ? આ તો યમનું રાજ્ય છે. તું જલ્દી ભાગી જા.''

ગજસિંહ બોલ્યો, ''કેમ અહીં કોની બીક છે ? જે હોય તેને હું પહોંચી વળીશ.'' આ પ્રમાણે કહેતાં કન્યા બોલી, ''હે ઉત્તમ પુરુષ ! આનંદપુર નગરના રાજા નરસિંહ છે જે અમારા પિતા છે અમો ચારે બહેનો પિતાની સાથે મોટા વનમાં ગયેલ.

વનમાં એક તાપસ મળવાથી અમારા પિતાએ વિનયપૂર્વક ઘરે ભોજન લેવા માટે આમંત્રણ આપ્યું તે સમયે તાપસ અમારા રૂપને જોઈને મોહિત થયો. દષ્ટિ સારી ન હોવાથી તેને નગર બહાર કાઢ્યો આથી તાપસ ગુસ્સે થયો. તે કુબુદ્ધિ તાપસ રાત્રે અમારા આવાસે આવી પહોંચ્યો.ચારે બહેનો ઘસઘસાટ સૂતેલી હતી તે સમયે અમારા પિતાએ તાપસને આવાસમાં જોતાં તલવારથી પ્રહાર કરતાં તે ત્યાં જ મૃત્યુ પામ્યો.

તાપસ મરીને રાક્ષસ થયો અને બધાને પરેશાન કરવા લાગ્યો. આવું થતાં લોકો નગર છોડી ભાગી ગયા. રાક્ષસે વેર વાળવા અમારા પિતાને પણ મારી નાંખ્યા અને ચારે બહેનોને મહેલમાં બાંધી રાખી છે, કોણ જાણે હવે પછી અમારું શું થશે ? આમ બોલતાં કન્યાઓ રડવા લાગી.'' ત્યારે ગજસિંહકુમારે કહ્યું, ''તમો દુઃખી ન થાવ. હું તેનો બુદ્ધિથી ઉપાય કરીશ તે સાંભળો.

જ્યારે રાક્ષસ સ્નાન કરવા બેસે ત્યારે તમો ચારે બહેનો તેના શરીરને સુગંધી દ્રવ્યોથી ચોળવા લાગજો અને દ્રવ્ય તેની આંખમાં ભરી દેજો. આ પ્રમાણે થાય કે તુરત મને ઈશારો કરજો તે સમયે આવીને રાક્ષસને બાંધી દઈશ.'' આ પ્રમાણે કહી ગજસિંહકુમાર છુપાઈ ગયો.

કન્યાઓએ લાગ મળતાં રાક્ષસની આંખમાં દ્રવ્ય ભરી દીધું. આ તરફ ગજસિંહકુમારને ઈશારો કર્યો, ઝડપથી આવીને ગજસિંહકુમારે મયૂરબંધથી બાંધી દીધો ત્યારે રાક્ષસ બોલ્યો, ''હે શૂરવીર ! મને મૂકી દે, હું તારા શરણે છું.'' આમ કહેતાં ગજસિંહે રાક્ષસને છોડી મુકતાં વનમાં નાસી ગયો.

ચારે કન્યાઓ ગજસિંહકુમારને મોહી પડી અને કહેવા લાગી કે, તમો અમારા સ્વામી થાવ. અમારા નગરમાં લોકોનો વસવાટ કરાવી અમારા ભાઈને આ રાજ્ય ઉપર સ્થાપન કરો. આ સાંભળી ગજસિંહકુમારે તે બન્ને ભાઇઓને પ્રજા સાથે આનંદપુર રાજ્યમાં બોલાવી મોટા ભાઈને રાજા તરીકે સ્થાપન કરી રાજ્યાભિષેકનો મહોત્સવ કર્યો અને ચારે કન્યાઓ સાથે ગજસિંહનો લગ્નોત્સવ થયો.

સારા શુકન જોઈ ગજસિંહકુમાર અને ચારે સ્ત્રીઓ ઘોડા ઉપર બેસીને રવાના થયાં. ગહન અટવીમાં પહોચતાં દિવસ આથમ્યો ત્યારે એક વડના વૃક્ષ નીચે વિશ્રામ લીધો. થાકેલ સ્ત્રીઓ ઘસઘસાટ સૂઈ ગઈ. આ સમયે ગજસિંહકુમાર હાથમાં તલવાર લઈને જાગતો બેઠો છે તે સમયે વિદ્યાધરીઓ આકાશમાર્ગે જઈ રહી હતી. ગાઢ વનમાં ગજસિંહકુમારને જોઈ વિદ્યાધરીઓ વિચારે છે કે, સામાન્ય પુરુષ આવો ન હોય. આ ભાગ્યવાન પુરુષ દેવેન્દ્ર હશે, આપણી મનની આશાઓને પૂર્ણ કરીએ.

આ પ્રમાણે વિચારીને વિદ્યાધરીએ અવસ્વાપિની નિદ્રાનો ઉપયોગ કરવાથી કુમાર નિદ્રાધીન થઈ જતાં વિદ્યાધરીઓ કુમારને ઉપાડીને વિમાનમાં બેસાડી આકાશ માર્ગે થઈ વૈતાઢ્યપર્વત ઉપર આવી. આ બાજુ ગાઢવનમાં રહેલી ચારે સ્ત્રીઓ પ્રભાત થતાં જાગી ત્યારે પોતાના સ્વામી એવા ગજસિંહ કુમારને નહીં જોતાં દુઃખી થઈ મૂંઝાવા લાગી. વિરહવ્યાથાથી પોકારો કરતી રડી રહી છે. કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી આમ વિચારતી ચારે સ્ત્રીઓ મનમાં હિંમત એકઠી કરી દશરથપુર નગરમાં પહોંચી.

દશરથપુરનો રાજા સ્ત્રીલંપટ અને અન્યાયી છે. તેણે સેવકોને આજ્ઞા કરી કે આ ચારે સ્ત્રીઓને મારા આવાસે લઈ આવો. સેવકો સ્ત્રીઓને રાજભવનમાં લઈ ગયા અને નગરમાં હાહાકાર મચી ગયો તેથી મહાજનના આગેવાનો રાજભવન ગયા. રાજાને વિનંતિ કરવા લાગ્યા કે, "હે રાજન ! આ સ્ત્રીઓને લઈ આવ્યા છો તે સારું નથી કર્યું, આવું ન કરો."

મહાજનની વાત સાંભળી રાજા ક્રોધિત થયો. મહાજન કંટાળીને પાછું ફર્યું. આ બાજુ ચારે સ્ત્રીઓ શાસનદેવીને પ્રાર્થના કરવા લાગી. પુણ્ય પ્રભાવે શાસનદેવી પ્રત્યક્ષ થઈ ત્યારે સ્ત્રીઓ વિનંતિ કરતા બોલી, "હે દેવી ! તમે પ્રસન્ન થયાં છો તો અમને જણાવો કે અમારા સ્વામી કયાં છે ?"

દેવીએ કહ્યું, "તમારા પતિનું વિદ્યાધરીએ અપહરણ કર્યું છે પણ એક મહિનામાં તે તમને મળશે." સ્ત્રીઓ દેવીને કહેવા લાગી કે, આ નગરનો રાજા અન્યાયી છે, પાપથી ડરતો નથી અને અમારા ઉપર ખરાબ દૃષ્ટિ રાખે છે. આ સાંભળી શાસનદેવીએ હાર આપતાં કહ્યું, આને તમો પહેરી રાખજો. હારના પ્રભાવે રાજા તમારી ઉપર કુદૃષ્ટિ કરશે તો અંધ થઈ જશે."

હવે આ બાજુ ગજસિંહકુમારનું વિદ્યાધરીએ અપહરણ કર્યું હતું તે વિદ્યાધરી વૈતાઢ્યપર્વત ઉપર તેના આવાસે લઈ ગઈ. બન્ને વિદ્યાધરીઓ પ્રેમાલાપથી ગજસિંહકુમારને કહેવા લાગી કે, "હમણાં અમારો પતિ પરદેશ ગયો છે તે ન આવે ત્યાં સુધી આપણે રંગરેલિયાં મનાવીશું" આ પ્રમાણેની વાત જણાવતાં ગજસિંહકુમાર શીલને સાચવવા સાવધ થઈ ગયો.

વિદ્યાધરીઓ કામાવેગના કારણે આલિંગન આપતી કામ પ્રદીપ્ત કરવા અનેક પ્રકારની ચેષ્ટા કરી રહી છે. છતાં ગજસિંહકુમારનું મન ચલિત થતું નથી તેથી ક્રોધે ભરાયેલી વિદ્યાધરીઓ ચોર....ચોર આ પ્રમાણેના બૂમબરાડા કરવાથી લોકો દોડી આવ્યા. નગરના લોકો બોલવા લાગ્યા, "મારો...મારો." આ સમયે વિદ્યાધરીનો પતિ બધા લોકોને કહેવા લાગ્યો કે, "મહેરબાની કરીને આ અજાણ્યા પુરુષને કોઈ મારશો નહીં, કારણ કે મેં બધી હકીકત છૂપી રીતે મારી નજરે જોઈ છે. આ માણસ ચોર નથી, આ તો નિર્મળ સૂર્ય જવો તેજસ્વી શૂરવીર છે."

આ વાતની વૈતાઢ્યપર્વતના રાજા શ્રીધર વિદ્યાધરને ખબર પડી તેથી વિદ્યાધર રાજાએ પોતાના માણસો મોકલી ગજસિંહકુમાર અને શ્રીવંત વિદ્યાધરને પોતાની પાસે બોલાવ્યા. બન્ને રાજા પાસે પહોંચ્યા ત્યારે ખૂબ સન્માનપૂર્વક આદરસત્કાર કરી બેસાડ્યા, શ્રીવંત વિદ્યાધરે કહ્યું, "હે રાજન્ ! આ કુમાર ખૂબ ગુણવંત છે." શ્રીધર વિદ્યાધર રાજા આ સાંભળી ઘણો હર્ષિત થતાં રાજાએ પોતાની બે કુંવરીઓ ગજસિંહકુમારને પરણાવી.

વિદ્યાધર રાજા શ્રીધરે કુમારને પોતાને ત્યાં રહેવાનો આગ્રહ કર્યો ત્યારે ગજસિંહકુમારે કહ્યું, "અગાઉ હું ચાર કન્યાઓને પરણ્યો છું, તે સ્ત્રીઓ સાથે હું વનમાં રહ્યો હતો ત્યારે વિદ્યાધરીઓએ મારું અપહરણ કર્યું હતું તેની યાદ આવવાથી તે ચારે સ્ત્રીઓનો વિરહ મને દુઃખી કરી રહ્યો છે. જ્યાં સુધી એ ચારે સ્ત્રીની શોધ કરીને ન આવું ત્યાં સુધી આપની બન્ને પુત્રીઓને આપની પાસે રાખજો."

વિદ્યાધર રાજા શ્રીધરે ગજસિંહને સપ્રેમ રજા આપતાં કહ્યું, "હે કુમાર ! તમને હું બે વિદ્યા આપું છું તે તમોને કામ આવશે. એક વિદ્યા અંજનની છે. અંજનના પ્રભાવે તમો અદશ્ય થઈ શકશો અને બીજી આકાશગામિની વિદ્યા છે તેનાથી તમો આકાશગમન કરી શકશો." ગજસિંહકુમારે બે વિદ્યાઓને ગ્રહણ કરતાં કહ્યું કે, "હું ત્રણ મહિના અને સાત દિવસમાં પાછો આવી જઈશ."

ગજસિંહકુમાર આકાશગામિની વિદ્યાના પ્રભાવે આકાશમાં ઊડ્યો. વિદ્યાધરીઓ તેને ઉપાડી ગઈ હતી તે વનમાં વડના વૃક્ષ પાસે આવીને જુએ છે તો તેની પત્નીઓ જોવામાં નથી આવતી તેથી કુમાર વનમાં ફરવા લાગ્યો. રાત્રીનો સમય થવા આવ્યો ત્યારે

એક કન્યા આક્રંદ કરતી અરિહંત અરિહંત બોલી રહી છે. આ પ્રમાણેના શબ્દો સાંભળી ગજસિંહકુમાર હાથમાં તલવાર લઈને ચાલ્યો. આગળ જતાં એક હાથી સૂંઢમાં સ્ત્રીને લઈ ફરી રહ્યો છે.

ગજસિંહકુમારે હાથીનું પૂંછડું પકડીને વાળ્યું ત્યારે હાથી ક્રોધે ભરાયો. મહાપરાણે કુંવરે હાથીની સૂંઢમાંથી તે કન્યાને છોડાવી તેથી હાથી સૂંઢ ઉલાળતો કુંવરને પકડવા દોડ્યો. આ રીતે હાથી અને કુમારનું યુદ્ધ જામ્યું. આખરે ગજસિંહે હાથી ઉપર પ્રહાર કરવાથી હાથી મરણ પામ્યો.

કુમારે તે કન્યાને પૂછ્યું કે,"ક્યા કારણથી તું આ વનમાં આવી છે? કન્યા બોલી, "શ્રીપુર નામનું મારું નગર છે તે નગરના રાજા શ્રીચંદ્ર મારા પિતા છે. મારી બાલ્યવયમાં મારી માતાનું મૃત્યુ થયું છે. મારે મંત્રીના તાબામાં રહેવું પડે છે. આ મંત્રી મારા ઉપર ઘણો દ્વેષ રાખે છે. એકવાર મારા ઉપર ખોટો આરોપ મૂક્યો તે મારાથી સહન ન થતાં મેં સરોવરમાં પડતુ મૂક્યું તે સરોવરમાં ઘણા હાથીઓ ક્રીડા કરી રહ્યા હતા. એક હાથીએ મને સૂંઢમાં પકડી તે સરોવર બહાર ભાગ્યો ત્યારે મેં જિનેશ્વર ભગવંતનું સ્મરણ શરૂ કર્યું. તમારી સહાય મળી. તમેં મને જીવતદાન આપ્યું માટે હવે તમે મારી સાથે લગ્ન કરી જન્મોજન્મની તમારી દાસી બનાવો. ગજસિંહકુમારે તે કન્યાની વાત માન્ય રાખી તેની સાથે હસ્તમેળાપ કર્યા.

હવે આ બાજુ મંત્રીની માતાએ રાજાને કાનભંભેરણી કરી કે આપની પુત્રી નાશી ગઈ છે. રાજા સેવકોને લઈ કુંવરીની શોધમાં જંગલમાં ગયો. કુંવરી અને ગજસિંહકુમાર નજરે પડ્યા. સેવકો કુમારને કહેવા લાગ્યા, "હે યુવક ! હમણાં અમારા રાજા આવશે ને તને મારી નાખશે" પણ ગજસિંહકુમાર વિદ્યાના બળે રાજાની સામે યુદ્ધમાં જય પામ્યો. ગજસિંહકુમારે રાજાને જીતી લેતાં કુંવરને કહેવા લાગ્યા, 'હે વત્સ ! કુંવરી તમારી પાસે કેવી રીતે આવી ?' ગજસિંહકુમારે કહ્યું કે, "રાજન્ ! તમારી દીકરીને જ એકાંતમાં જઈને પૂછી જૂઓ, રાજાએ કુંવરીની વાત સાંભળી તેઓ ઘણા આનંદિત થયા."

ગજસિંહકુમાર શ્રીપુરનગર તરફ જઈ રહ્યા છે તે સમયે બહુ વરસાદ પડ્યો. નદીમાં પૂર આવ્યું તે સમયે નદીના ધસમસતા પૂરમાં બે કન્યાઓ તણાઈ રહી હતી તે રડતાં રડતાં બોલી રહી છે કોઈ બચાવો ! કોઈ બચાવો ! આ અવાજ સાંભળીને ગજસિંહે સામા પૂરમાં તરીને કન્યાઓને બચાવી લીધી. શ્રીચંદ્ર રાજા તે કન્યાઓ પાસે જઈને પૂછવા લાગ્યા, હે કન્યાઓ ! તમે આ પૂરમાં કઈ રીતે તણાઈ ગયાં ? કન્યા બોલી, "દશરથપુર અમારું નગર છે તે નગરીમાં નંદીદાસ નામે વેપારી રહે છે તે અમારા પિતા છે. ત્યાંના રાજા કુદૃષ્ટિ થતાં કોઈ પરદેશી ચાર સ્ત્રીઓને ઉપાડી પોતાના મહેલમાં લઈ આવ્યો તેથી નગરમાં ઘણો હાહાકાર થઈ ગયો."

નગરનું મહાજન પરદેશી સ્ત્રીઓને છોડાવા ગયું ત્યારે રાજા વધારે કોપાયમાન થયો. તેમ છતાં મહાજને રાજાને ઘણું સમજાવતાં છતાં પાપબુદ્ધિ રાજાએ કશું કાને ધર્યું નહીં ત્યારે નગરના લોકો જોઈતી સામગ્રી લઈ નગર છોડી ચાલી નિકળ્યાં નગર ખાલી થઈ ગયું. અમારા પિતાના કહેવાથી અમે બન્ને બહેનો તેમજ અમારા ભાઈ સાથે રથમાં બેસી શ્રીપુર નગર તરફ ગયાં.

શ્રીપુર નગરના રસ્તે નદી કિનારે ભોજન માટે રોકાયા અને અમારો ભાઈ સીધું-સામાન લેવાને શ્રીપુર નગરમાં ગયો. થોડા સમયે નદીમાં પૂર આવતાં પૂરનાં પાણીમાં રથ સહિત અમે બન્ને બહેનો તણાઈ અમારા પૂર્વકૃત પુણ્યથી આ પુરુષે આવીને અમને ઉગારી લીધી અને અમારી સાર-સંભાળ કરી છે તેથી આ પુરુષ અમારો પતિ થાઓ. નદીના પૂર ઓસરી ગયા તેટલા સમયમાં અમારો ભાઈ નદી કિનારે આવી પહોંચ્યો. અમારા ભાઈને સર્વે હકીકત અમે જણાવી.

સર્વે હકીકતથી માહિતગાર થયેલ ભાઈએ કુમારને પ્રણામ કરી કહ્યું,"હે કુમાર ! તમે મારી બન્ને બહેનોને જીવિતદાન આપ્યું છે સાર-સંભાળ કરી છે તેથી મારી બહેનોની તમને વરી ચૂકી છે તો તમે પાણિગ્રહણ કરો અને આપણા બન્ને વચ્ચે સાળા-બનેવીનું સગપણ બાંધો." આ પ્રમાણેની વાત થતાં ગજસિંહકુમારે સહમતી દર્શાવતાં શુભ મુહૂર્તે ગજસિંહકુમાર બન્ને કન્યાઓને પરણ્યો.

એક સમયે ગજસિંહકુમાર શ્રીચંદ્ર રાજાને જણાવે છે કે, રાજન ! મારી એવી ઈચ્છા છે કે, દશરથપુર જઈને પેલી સ્ત્રીઓને હું છોડાવું.

દશરથપુરનગરના કુદૃષ્ટિ એવા પાપબુદ્ધિ રાજાની પાસેથી પેલી સ્ત્રીઓને છોડાવવા માટે ગજસિંહકુમારે સૈન્ય તૈયાર કરીને પોતાના સાળાને સમાચાર મોકલ્યા તે પણ સૈન્ય લઈ આવી પહોંચ્યો શ્રીચંદ્ર રાજા તેમજ બીજા ઘણા રાજા-રાણાને સમાચાર મોકલતાં તેઓ પણ સૈન્ય લઈ આવી પહોંચ્યા.

શૂરવીર એવા સુભટો સાથે ગજસિંહકુમાર વિશાળ સૈન્ય સાથે દશરથપુર નગર બહાર પડાવ નાખી નગર ફરતે પોતાના સૈન્યને ગોઠવીને પાપબુદ્ધિ રાજાને સમાચાર મોકલ્યા કે, ચારે કન્યાઓને છોડી દો અથવા યુદ્ધ કરવા તૈયાર રહો.

પાપબુદ્ધિ રાજા પોતાનું સૈન્ય તૈયાર કરી યુદ્ધ માટે પ્રયાણ આદરે છે તે સમયે અનેક અશુકન થાય છે. લોકો કહેવા લાગ્યા કે, પાપીનો ક્યારેય જય થતો નથી. નક્કી આપણો રાજા રાજ્ય ગુમાવશે. તેમ છતાં પાપબુદ્ધિ રાજા યુદ્ધ માટે ચાલ્યો, બન્ને સૈન્યો સામસામે આવી જતાં યુદ્ધ શરુ થયું શૂરવીર બાણાવલીઓના બાણો છૂટતાં આકાશમાં સૂર્યના કિરણોને જાણે ઢાંકી દીધા.

બે પ્રહર સુધી રણસંગ્રામ ચાલ્યો. પાપબુદ્ધિ રાજાના અનેક સૈનિકો મોતને ભેટ્યા. સુભટોએ પાપબુદ્ધિ રાજાને પકડી ગજસિંહકુમાર પાસે લાવવામાં આવ્યો, ત્યારે ગજસિંહરાયે કહ્યું, "હે દુષ્ટ ! તેં પ્રજામાં ઘણો અન્યાય કરી ઘણું પાપ બાંધ્યું છે, કરેલા કર્મો આજે તારા ઉદયમાં આવ્યાં છે. જેથી તારું રાજ્ય ચાલ્યું ગયું છે."

પાપબુદ્ધિ રાજા નગર છોડી ચાલ્યો ગયો, ગજસિંહરાજા નગરમાં પ્રવેશ્યો નગરજનો ઘણા આનંદિત થતાં ભેટણું લઈ સામે આવ્યાં. શાસનદેવી પણ હર્ષિત થતાં પ્રત્યક્ષ થઈને ચારે સ્ત્રીઓને કહ્યું, "હવે તમારાં દુખનો પાર આવી ગયો છે. આજે એક માસે તમોને તમારો પતિ મળ્યો છે." આ પ્રમાણેનાં વચનો સાંભળી ગજસિંહ રાય આનંદિત થયો.

હવે ગજસિંહરાય ચારે સ્ત્રીઓને કહે છે કે, "તમારી જે હકીકત હોય તે કહો." ત્યારે સ્ત્રીઓ કહે છે કે, "હે સ્વામીનાથ ! શાસનદેવીએ અમારી ઘણી સાર-સંભાળ લીધી છે. દેવીએ અમને એકાવલી હાર આપ્યો, હારના પ્રભાવે જે પુરુષ ખરાબ દષ્ટિથી જુએ તે આંધળો થઈ જાય. આ કારણે અમારું શીલ અખંડિત રહ્યું છે." આ સાંભળી ગજસિંહરાય ઘણો આનંદિત થયો.

ગજસિંહરાય પુણ્ય પ્રભાવે દશરથપુર નગરના રાજ્યને પામ્યો અને તેનાં સઘળાં કાર્યો સિદ્ધ થયાં. પુણ્યપ્રભાવે દેવો પણ મનુષ્યનું સાંનિધ્ય કરે છે.

હવે ગજસિંહરાય વિચારે છે કે, સમયની અવધિ પ્રમાણે વૈતાઢ્યગિરિ ઉપર બે વિદ્યાધરી સ્ત્રીઓને મૂકીને આવ્યો છું તેને લઈ આવું. મંત્રીને રાજ્ય ભળાવી વિદ્યાના પ્રભાવે ગિરિ વૈતાઢ્ય તરફ પ્રયાણ કર્યું.

વૈતાઢ્યગિરિ તરફ જતાં માર્ગમાં એક મંદિર જોવામાં આવ્યું. તે મંદિરમાં પ્રવેશ કરતાં એક યક્ષને જોયો. મંદિરના રંગમંડપમાં ધૂતારા બેઠેલા છે, તેઓને પૂર્વચરિત્ર પૂછતાં ધૂતારા પોતાની વાત કહેવા લાગ્યા કે, "અહીં અમોએ એક આશ્ચર્ય જોયું. આ પર્વતની અનેક ગુફા છે ત્યાં એક ગુફામાં વિદ્યાધર રહે છે તેને યૌવનને પ્રાપ્ત કરેલ ચાર પુત્રીઓ છે." આ પ્રમાણેની વાત સાંભળી ગજસિંહકુમાર ગુફા તરફ ગયો. ધૂતારાઓ પણ સાથે ચાલ્યા. ગુફા પાસે આવી અંદર જોયું તો સ્ત્રીઓ ધૂણતી હતી, ત્યાં માણસના મડદાની પાસે ધ્યાન ધરતો યોગી બેઠેલો છે આના ઉપરથી ગજસિંહકુમારે અનુમાન કરી લીધું કે નક્કી મારી સાથે કાંઈક કપટ રચાયું હોય તેવું લાગે છે.

કુંવરને જોતાં યોગી બોલ્યો, "ઘણા સમયથી તમારા જેવા ઉત્તમ પુરુષની રાહ જોતો હતો. મારે એક વિદ્યાની સાધના કરવી છે તે માટે એક ઉત્તરસાધકની જરૂર છે." યોગીની વાત સાંભળી ગજસિંહકુમાર ઉત્તરસાધક થવા તૈયાર થઈ ગયો, પણ ચતુર એવો કુમાર મનમાં બધું સમજી ગયો. નક્કી આમાં દગો થશે. યોગીએ હોમ શરુ કર્યો.

હવે ગજસિંહકુમાર વિચારે છે કે, મારી પાસે અંજન વિદ્યા તો છે જ તેના પ્રભાવને આજે અજમાવી જોઉં. કુમારે પોતાની આંખમાં અંજન કર્યું કે તરત ઊભો થઈ યોગીને પકડી અગ્નિકુંડમાં નાખી દીધો. અગ્નિકુંડમાં બળી મરેલ યોગી સુવર્ણ પુરુષ થયો.

ગજસિંહકુમારે ચારે સ્ત્રીઓને પૂછ્યું, "તમે કોણ છો ?" સ્ત્રીઓ બોલી, "અમારું અપહરણ કરીને અહીં લાવવામાં આવી છે. હરિપુર અમારું નગર છે તે નગરમાં ચાર વેપારી રહે છે તેમની અમે ચાર કુંવારી કન્યા છીએ. તે વેપારીઓને સમેતશિખરજીની યાત્રા કરવાની ઈચ્છા થઈ. નગરજનો એકઠા થઈ સહુ યાત્રા કરવા નીકળ્યા, વનમાં સંઘનો ઉતારો હતો. તે સમયે નિદ્રામાં સૂતેલી અમોને ધૂતારા ઉપાડી ગયા. સંકટમાંથી તમોએ અમોને ઉગારી લીધી. માટે મહેરબાની કરી ચારે બહેનો સાથે તમે લગ્ન કરો."

કન્યાઓ સાથે લગ્ન કરી ગજસિંહકુમાર સુવર્ણપુરુષને લઈ ચારે સ્ત્રીઓ સાથે હરિપુર નગર તરફ ચાલ્યો. રસ્તામાં પાટણનગરના પાદરે વૃક્ષની છાયામાં આરામ કરવા બેઠા. ગજસિંહકુમાર નગરમાં ગયો. ચારે પત્નીઓ વૃક્ષની છાયામાં બેઠી છે તે સમયે ગામની વેશ્યા ફરતી ફરતી તે ચારે સ્ત્રીઓ પાસે જઈ કપટપૂર્વક કહેવા લાગી, "ઓ હો હો ! તમો તો મારી ભોજાઈઓ છો ! ચાલો મારા ઘરે, મારો ભાઈ મારા ઘરે જ બેઠો છે. હું તમને તેડવા આવી છું."

ચારે સ્ત્રીઓ વેશ્યાના વિશ્વાસમાં આવી ગઈ પોતાના ઘરે આગતા-સ્વાગતા કરી બેસાડી અને કહેવા લાગી તમોને જે જોઈતું હશે તે બધું મળી જશે. વેશ્યાના આ પ્રમાણેનાં વચનો સાંભળી ચારે સ્ત્રીઓ સમજી ગઈ કે આ નગરનાયિકાનું ઘર લાગે છે.

ગજસિંહકુમાર નગર જોઈ બગીચામાં આવ્યો જ્યાં વૃક્ષ નીચે પોતાની સ્ત્રીઓ દેખાતી નથી તેથી પગેરું શોધવા નિર્ણય કર્યો. ગજસિંહકુમારે આંખમાં અંજન આંજી પગેરું જોતાં જોતાં તે વેશ્યાના ઘર પાસે અટક્યો. તેણે નિર્ણય કર્યો કે મારી ચારે પત્નીઓ આ ઘરમાં હોવી જોઈએ.

ગજસિંહકુમારે બ્રાહ્મણનો વેશ ધારણ કર્યો. વેશ્યાના ઘર પાસેથી પસાર થતાં વેશ્યાએ જોષીને બોલાવી તેની એક ચિંતા જણાવી ત્યારે જોષીએ કુંડળી બનાવી કહ્યું, "તમારે સ્ત્રી સંબંધી કોઈ ચિંતા છે." તમે જે કહ્યું તે સાચું છે. હવે આ ચિંતાનું નિવારણ કરી આપો. જોષી કહે, "નિવારણ તો કરી આપું પણ એક શરત છે કે જ્યાં સુધી હું વિધિ કરું ત્યાં સુધી તમારે દૂર રહેવું."

સ્ત્રીઓને બ્રાહ્મણના વેશમાં પોતાનો પતિ છે, તેવો વિશ્વાસ બેઠો. સ્ત્રીઓ આનંદમાં આવી ગઈ. પત્નીઓને ઉદ્દેશી બ્રાહ્મણ બોલ્યો, "જ્યાં સુધી હું વેશ્યાને સજા ન કરું ત્યાં સુધી તમો નિશ્ચિંત થઈ અહીં રહેજો."

વેશ્યાને બોલાવી કહ્યું, "આ સ્ત્રીઓનું હું નિવારણ કરી આપીશ. ત્યારે વેશ્યા બોલી બીજી કઈ કઈ વિદ્યા જાણો છો ?" બ્રાહ્મણે કહ્યું, "હું ઘણું બધુ જાણું છું, જેમકે નાની વ્યક્તિને ઘરડી અને ઘરડી વ્યક્તિને યુવાન કરી શકું છું." આ વાત સાંભળી વેશ્યા આનંદમાં આવી ગઈ. મને સોળ વરસની યુવતિ બનાવી દ્યો, બ્રાહ્મણ બોલ્યો, "તને યુવાન બનાવી દઉં પણ ઈનામ શું આપશે ?" લાખ દ્રવ્ય આપીશ. બ્રાહ્મણે કહ્યું, "તારે સઘળાં વસ્ત્રો ઉતારીને નગ્નવેશે થવું પડશે પછી તને યુવાન બનાવવામાં આવશે." બ્રાહ્મણ વેશધારી ગજસિંહકુમારની સૂચના મુજબ યુવાન થવા માટે વેશ્યાએ પોતાના માથે મુંડન કરાવ્યું.

આંખમાં અંજન આંજી વસ્ત્રો ઉતારી નગ્ન અવસ્થામાં જ્યાં લીમડાનો ધૂમાડો થતો જોવામાં આવે ત્યાંથી તેલ, સિંદૂર લઈ આવવા ગજસિંહકુમારે કહ્યું. તેલ સિંદૂર લેવા ગયેલ વેશ્યાની આંખમાં ધુમાડાના કારણે પાણી આવવા લાગ્યાં જેથી અંજન દૂર થઈ ગયું. લોકો તેના અસલ સ્વરૂપને જોવા લાગ્યા. લોકો વેશ્યાને ચોરામાં લાવ્યા.


અન્ય ગણિકાઓ રાજાને વિનંતિ કરવા લાગી કે, આ વેશ્યાને બચાવો. રાજા કહે ખરી હકીકત જે હોય તે કહો. આવી વાત થઈ રહી છે તે સમયે ગજસિંહકુમાર રાજસભામાં આવ્યો. તેણે ચાર સ્ત્રીઓને અપહરણથી માંડી સમગ્ર વાત કહી સંભળાવી, રાજાએ ઠપકો આપી વેશ્યાને છોડાવી.


ગજસિંહકુમાર અને તેની ચારે સ્ત્રીઓ હરિપુર નગર તરફ ચાલ્યાં, હરિપુર પહોંચતાં સ્ત્રીઓના પરિવારને મળ્યાં, સ્ત્રીઓએ પૂર્વની વાત તેના પિતાઓને કહી, ગજસિંહકુમાર અને ચાર સસરાએ મળી મહોત્સવ કર્યો.

હવે ગજસિંહકુમારે પૂર્વની સઘળી વાત કરતાં કહ્યું, "મારે વૈતાઢ્યગિરિ તરફ જવું પડશે જેથી ગજસિંહકુમાર આકાશગામિની વિદ્યાનો ઉપયોગ કરી વૈતાઢ્યગિરિ પહોંચ્યો."

પૂર્વનો સર્વ વૃત્તાંત વિદ્યાધર રાજાને કહ્યો. તે સાંભળી રાજા પણ આનંદ પામ્યો. તે પછી પોતાની સ્ત્રીઓ સાથે ગજસિંહકુમાર દશરથપુર થઈ પરિવાર સાથે ઉજ્જૈની નગરી પહોંચ્યો. રાજા જયસિંહ ગજસિંહકુંવરની રિદ્ધિ-સિદ્ધિ જોઈ આનંદિત થતાં સંતોષ પામવાથી ગજસિંહકુમારને રાજ્ય સોંપી ચારિત્ર ગ્રહણ કર્યું. નિર્મળ એવા ચારિત્રધર્મની આરાધના કરી જયસિંહ રાજા સ્વર્ગે સંચર્યા.

● ● ●





## *નેમિકુંજર કૃત*

## *શ્રી ગજસિંહરાય ચરિત્ર રાસ*

### *ખંડ-૧*

॥ श्रीवीतरागाय नमः ॥

### ॥ दूहा ॥

**पास जिणेसर पाय नमी, तेवीसमउं जिणंद ।**
**सेव्यो सुख संपत्ति दीइ, प्रणमइ सुर-नरइंद ॥१॥**

જેનાં ચરણકમળને દેવ, દેવેન્દ્રો અને રાજા-મહારાજા પણ નમસ્કાર કરે છે, જેની સેવા સુખ-સંપત્તિને આપનારી છે એવા આ અવસર્પિણી-કાળનાં ત્રેવીસમા જિનેશ્વર શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પદકમળમાં નમસ્કાર કરું છું. (૧)

**कासमीर मुख मंडणी, समरी सरसति माय ।**
**सील तणा गुण वरणवुं, गाउं गजसिंघ राय ॥२॥**

વળી કાશ્મીરનગરને શોભાવનારી એવી માતા સરસ્વતીનું સ્મરણ કરું છું. અને ગજસિંહરાજાની કથા દ્વારા શિયળગુણનું વર્ણન કરું છું. (૨)

**नवरस नवरंग वरणवुं, शास्त्रमांहि जे होइ ।**
**वीर कथा रस वरणवुं, ते निसुणो सहु कोई ॥३॥**

વળી શાસ્ત્રમાં જે નવરસ તથા નવરંગનું વર્ણન આવે છે તેમાંથી અહીં ગજસિંહકુમારે જે શિયળવ્રત માટે પરાક્રમ દાખવ્યું તે વીરરસને જણાવનારી કથાનું વર્ણન કરીશું. હે ભાગ્યશાળી ! જે કહું છું તે સાંભળો. (૩)

**॥ चउपई ॥**

**महिमंडलि छइ मालव देस, जिहां उजयणी नयर नवेस ।**
**गढ मढ मंदिर पउलि पगार, वसइ नगर नव जोयण बार ॥४॥**

આ પૃથ્વીમંડલને વિશે માલવદેશ છે અને તે દેશમાં ઉજ્જૈની નગરી રહેલી છે. વળી તે નગરી ગઢ, મઢ, મંદિર, દરવાજા અને કિલ્લા સહિત નવયોજન પહોળી અને બાર યોજન વિસ્તારવાળી છે. (૪)

**राज करइ जयसंघ भूपाल, न्यायवंत अरिभंजण काल ।**
**परदुःखकातर सुर सुजाण, नित पालि जिनवरनी आण ॥५॥**

તે ઉજ્જૈની નગરીને વિશે ન્યાયવંત, દુશ્મનનો નાશ કરવામાં યમરાજ જેવો, પારકાનાં દુઃખથી દુઃખી થનાર પરાક્રમી અને નિત્ય જિનેશ્વરની આજ્ઞાનું પાલન કરનારો એવો **જયસિંહ**નામે રાજા રાજ્ય કરે છે. (૫)

**तस घरि राणी कमलावती, रूपें करी रम्भा जीपती ।**
**प्रियसिंउ धरती प्रेम अपार, सुख भोगवइ निरंतर सार ॥ ६॥**

તેનાં ઘરે રૂપે કરીને રંભાને જીતે તેવી **કલાવતી** નામે રાણી છે. તે પ્રીતમ સાથે અપાર એવા પ્રેમને ધારણ કરતી હંમેશા સુખને ભોગવી રહી છે. (૬)

**एक दिवस नीस [१]पउढी बाल, पेखइ सुपन सार सुविसाल ।**
**गयवर सीह दोइ दीठा जिसइ, प्रह विहसी स्त्री जागी तिसई ॥ ७॥**

એક દિવસ રાત્રિને વિશે તે સૂતેલી છે ત્યારે સુંદર સારભૂત સ્વપ્નને દેખે છે. સ્વપ્નમાં તેને સુંદર એવા હાથી અને સિંહને જોયા અને પ્રાતઃ સમયે તે જાગી. (૭)

**ऊठी रमणि हरख मन धरइ, धरम ध्यान सविसेषें करइ ।**
**जई वीनवीयो निज भरतार, स्वामी सुपन अनोपम सार ॥ ८॥**

---

१. **पउढी**=સુતી, ઉંઘતી.

મનમાં હરખાતી તે રમણી ધર્મધ્યાનમાં સવિશેષ જોડાઈ પછી પોતાનાં સ્વામીની પાસે જઈ વિનયપૂર્વક જણાવ્યું કે, "હે સ્વામી ! મેં સુંદર એવું સારભૂત સ્વપ્ન જોયું." (૮)

**[१]निसभरि जाणुं गजनइं सिंघ, मई दीठा घरि करता रंग ।**

**सुणि वचन राजा गहगहइ, हीयइ विमासी राजा कहइ ॥ ९ ॥**

આખી રાત જાણે હાથી અને સિંહ મસ્તીથી રમતા મેં જોયાં. રાણીનાં વચન સાંભળી રાજા પણ હૈયામાં વિચાર કરી બોલ્યાં. (૯)

**होसे पुत्र घरें गुणवंत, राजधुरंधर निं बलवंत ।**

**राणी [२]उदरिं हूवो अवतार, दिनदिन ओछ्व जयजयकार ॥१०॥**

હે પ્રિયતમ ! આપણાં ઘેર ગુણવાન, રાજ્યની ધુરા ચલાવનાર, બળવંત એવો પુત્ર થશે. રાણીએ ઉદરમાં ગર્ભને ધારણ કર્યો. હંમેશા નિત નિત નવા ઓચ્છવો થાય છે. (૧૦)

**पूरिं मास सुत जनमीयों, राजें ओछ्व अति बहु कीयो ।**

**नगरमांहि सहु हरख्यो ठाम, गजसिंघ कुमर दिवास्यो नाम ॥११॥**

પૂરાં માસે પુત્રનો જન્મ થયો. રાજાએ પણ સુંદર એવા મહોત્સવને કર્યો. નગરજનો હર્ષિત થયાં. ગજ અને સિંહ સ્વપ્નમાં જોવાથી કુમારનું નામ **ગજસિંહ** રાખવામાં આવ્યું. (૧૧)

**जिम जिम वाधइ कुमर सरीर, तिम तिम बहु रिद्धि गुण गम्भीर ।**

**पांच वरस हूवा जेतलइ, भणवा मूक्यो सुत तेतलई ॥१२॥**

જેમ જેમ કુંવરનું શરીર વધતું જાય છે તેમ તેમ ગુણો પણ વધતાં જાય છે. કુંવર જ્યારે પાંચ વર્ષનો થયો ત્યારે તે પુત્રને ભણવા માટે મૂક્યો. (૧૨)

**सीखइ ते सास्त्र अति सार, कला बहुत्तरि लखिण उदार ।**

**गुणवंत पूरुं सुर बहू, तस वखाण करइं जन सहू ॥१३॥**

---

१. निसभरि=આખીરાત. २. उदरिं=પેટ.

તે સકલશાસ્ત્રનાં મર્મને જાણતો, બહોંતેર કળાનાં લક્ષણને શીખ્યો. સર્વ ગુણોમાં પારંગત થયેલાં એવાં તેનાં સહુ પ્રજાજનો વખાણ કરવા લાગ્યા. (૧૩)

॥ वस्तु ॥

एणि अवसरि एणि अवसरि नयरि उजेणि ।
कोई [१]वदेसि आवीयो । सूत्रधार सहु कला जाणइ ।
मोर एक रूडो घडीइ, राजसभा ते भेट आणइ ।
ते देखी चित्त रंजीयो, इम जंपइ ते राउ ।
ए जे जीवंतो करई, तस दिउ बहुत [२]पसाओ ॥१४॥

હવે એક સમયે ઉજ્જૈની નગરીમાં કોઈ પરદેશી, સઘળી કળાઓનો જાણકાર એવો સૂત્રધાર (સુથાર) આવ્યો અને સુંદર મજાનો એક મોર બનાવીને રાજાને ભેટ આપ્યો. રાજા પણ તે મોર દેખી ખૂબ આનંદિત થયાં અને બોલવા લાગ્યાં કે, ''જે આ મોરને જીવંત કરે તેને સારામાં સારું ભેટણ આપું.'' (૧૪)

॥ दूहा ॥

इसी वात तिणि साम्भली, तव बोलइ सूत्रधार ।
विप्र एक धारा नयरि, जाणइं विद्या सार ॥१५॥

રાજાનું કહેલું સાંભળી તે સુથાર બોલ્યો કે, ''હે રાજન્ ! ધારાનગરીમાં એક બ્રાહ્મણ રહે છે તે આ જીવતો કરવાની વિદ્યા જાણે છે.'' (૧૫)

राय वात तव साम्भली, तव मोकलीयो दूत ।
धारानयरि ततखिण गयुं, विप्र घरिं पहूत ॥१६॥

રાજાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તત્કાળ એક દૂતને મોકલ્યો. તે ધારાનગરી ગયો અને તે વિપ્રનુ ઠેકાણુ પૂછતાં પૂછતાં તેનાં ઘરે પહોંચ્યો. (૧૬)

---

१. वदेसि=વિદેસી. २. पसाओ=પ્રસાદ, દક્ષિણા.

**दूत भणइं विप्र निसुणि, तेडइ जयसिंघ राइ ।**
**विद्या ताहरी सांभली, आपइ अधिक पसाइ ॥१७॥**

દૂતે તે વિપ્રને કીધું કે, 'હે વિપ્ર ! સાંભળો. તમને જયસિંહ રાજા બોલાવે છે. તમારી વિદ્યાનાં વખાણ સાંભળ્યાં છે અને રાજાની તમારાં ઉપર કૃપા ઉતરી છે. માટે જલ્દીથી મારી સાથે પધારો. (૧૭)

**विप्र मन हरख्यो घणुं, तव उजेणी पहूत ।**
**रंगे राजा भेटीयो, आदर दीध बहूत ॥१८॥**

**राय भणइं विप्र निसुणि, करि जीवंतउ मयूर ।**
**कला प्रगट करि ताहरी, तूं छउ विद्या पूर ॥१९॥**

તે વિપ્ર પણ મનમાં ઘણો હર્ષિત થયો અને ઉજ્જૈની નગરી પહોંચ્યો. રાજાએ આલિંગન આપીને તેનો ઘણો આદર સત્કાર કર્યો. અને રાજાએ કહ્યું, "હે વિપ્ર ! સાંભળો. આ મોરને જીવંત કરવાનો છે. તમે તો ઘણી વિદ્યાનાં જાણકાર છો માટે તમારી કળાને અજમાવો." (૧૮-૧૯)

**॥ चउपइ ॥**

**विप्र भणइं राजा अवधारि, विद्या सार अछि संसारि ।**
**भाग विना नवि लहइ देव, यह वात तुम जाणों हेव ॥२०॥**

ત્યારે બ્રાહ્મણે પણ કહ્યું, "હે રાજા ! સાંભળો. ખરેખર વિદ્યા જ આ સંસારમાં સારભૂત છે અને ભાગ્ય વિના તે મળતી નથી તે નક્કી જાણો." (૨૦)

**आण्या अंखित[१] जपिंवा मंत, केसरसिउ तिणि लिखीयो जंत ।**
**आडंबर मांड्या अति घणा, कुसम अणाव्या कणियर तणा ॥२१॥**

હવે તે વિદ્યાને સારભૂત કરવા જે સામગ્રી જોઈએ તે મને આપો. એમ કહીને મંત્રજાપ કરવા માટે અક્ષત મંગાવ્યાં. કેસર ઘૂંટીને યંત્ર લખ્યો. વળી કણેરનાં ફૂલ મંગાવ્યા. આ રીતે ઘણો આડંબર માંડ્યો. (૨૧)

---

१. अखित=અક્ષત, ચોખા.

**आडंबर कीजइ इणि ठामि, स्त्री राजकुली सुसरा गामि ।**
**सभामहि वयरी देख, आडंबर कीजइ सु[ स ]विसेष ॥२२॥**

કહ્યું છે કે, આટલી જગ્યાએ આડંબર કરવો જોઈએ. સ્ત્રી આગળ, રાજકુળમાં, સાસરામાં, ગામની સભા ભરાઈ હોય ત્યાં અને શત્રુ દેખતો હોય ત્યાં વિશેષે કરી આડંબર કરવો. (૨૨)

**कीयो होम ने मांडीउ यंत्र, कीधी विद्या सघला तंत्र ।**
**करी यंत्र केडिं बांधीयो, तेतलई मोर सजीवुं थयो ॥२३॥**

આ બ્રાહ્મણે પણ એ રીતે યંત્ર માંડીને અંદર મંત્ર લખ્યો અને તાંત્રિક રીતે વિદ્યા સાધી. ત્યાર પછી તે યંત્ર કેડે બાંધ્યો એટલામાં તો મોર સજીવન થયો. (૨૩)

**राइं बांभण मान्यों घणुं, दालिद्र काप्यो तेहू तणुं ।**
**अम्बर ऊडइ [१]अधरां [२]भिडइ, जंत्र छोडइ तव हेठो पडइ ॥२४॥**

રાજાએ પણ બ્રાહ્મણને ઘણું માન આપ્યું અને તેનાં દારિદ્રયને દૂર કર્યું. મોર પણ હોઠ બીડીને આકાશમાં ઊડવા લાગ્યો. યંત્ર જ્યારે છોડ્યું ત્યારે તે હેઠો પડ્યો. (૨૪)

**राओं विद्या दीठी सार, तव तेड्यो गजसंघ कुमार ।**
**रमवा कारण आप्यो सही, महिमा विधि सघली ते कही ॥२५॥**

રાજાએ પણ આ કૌતુકીવિદ્યા જોઈ અને ગજસિંહકુમારને ત્યાં બોલાવ્યો. તેને રમવા માટે આ મોર આપ્યો અને તેનો સઘળો મહિમા તે કુમારને કીધો. (૨૫)

**तव हियडइ चिंतवइ कुमार, एह विद्या मुझ आपी सार ।**
**लेई पांजरुं ठवयो मांहि, निसभरिं पउढ्यो कुमर उछाहि ॥२६॥**

ગજસિંહકુમાર પણ ચિત્તમાં ચિંતન કરે છે. આજે તો સારભૂત વિદ્યા મને મળી એ પ્રમાણે આનંદિત થઈ સુંદર પાંજરામાં મોરને મુકવામાં આવ્યો અને તે પાસે લઈને કુમાર રાત્રે સુઈ ગયો. (૨૬)

---

१. अधरां=ઓઠ. २. भिडइ=ભીડવવા.

**राति बि पुहुर थई जेतलइ, कुमर सजग थयुं तेतलई ।**
**अबला एक रोवंती सुणी, मुख जंपइ हूं अभागिणी ॥२७॥**

રાત્રિના બે પ્રહર જેટલો સમય પસાર થયો હશે અને કુમારની ઊંઘ ઉડી ગઈ. કારણ કે, એક રડતી અબળા યુવતીનો રડવાનો અવાજ સંભળાયો. તે જોરજોરથી બોલતી હતી કે, હું અભાગણી છું. (૨૭)

**सुणी सबद ऊठीयो कुमार, कर लीधुं ततखिण हथियार ।**
**भांजुं दुःख ए अबला तर्णो, तउ सही साचुं राउतपर्णो[१] ॥२८॥**

આ પ્રમાણેનો શબ્દ સાંભળીને કુમાર ઊભો થયો અને તત્ક્ષણ હાથમાં હથિયાર લઈ કુમાર વિચારવા લાગ્યો કે, 'જો અબળાનાં દુઃખને ભાંગુ તો જ હું સાચો રાજકુમાર કહેવાઉં. (૨૮)

**लेई सबद तणुं अणुसार, राय उलंघ्या पउलि पगार ।**
**दीठी अबला वन एकली, आयो कुमार उतावलो वली ॥२९॥**

અને શબ્દને અનુસારે તે નગરનાં દરવાજેથી કિલ્લાને ઓળંગીને ચાલવા લાગ્યો. કુમાર ઉતાવળથી જયાં તે અબળા છે ત્યાં આવી પહોંચ્યો. (૨૯)

**अबला बोलावी तिणवारि, किर्णे दुःख रोवइ तुं नरि ।**
**तेह कारण मुज आगलि कहो, तुझ दुःख भांजसि रोती रहो ॥३०॥**

અને તે અબળાને બોલાવીને પૂછ્યું કે, 'એવું શું તારે દુઃખ છે કે તું રડે છે ? જે કારણ હોય તે મને કહે. રડીશ નહીં, તારાં દુઃખને અવશ્ય હું ભાંગીશ. (૩૦)

**भणइ नारि तूं बावनवीर, मुझ दुःख भांजसि साहसधीर ।**
**सूली घालिउ माहरो कंत, भूखो तरस्यो बहु हुवंत ॥३१॥**

સ્ત્રી બોલી કે, તું બાવનવીર છે. હે સાહસિક ધીર પુરુષ ! તું ખરેખર મારાં દુઃખને દૂર કરીશ. હવે જે મારે દુઃખ છે તે કહું છું. આ મારાં સ્વામીને શૂળીએ ચઢાવ્યો છે, તે ખૂબ ભૂખ્યો તરસ્યો થયેલો છે. (૩૧)

---

१. राउतपर्णो=રાજપુત્રપણું.

**मइं आण्यो छइं ए कंसार, हुं न सकुं देई आहार ।**
**ऊंची सूली आबउं नही, तिण कारणि दुखाणी सही ॥३२॥**

હું તેના માટે કંસાર બનાવીને લાવી છું પણ તેને ખવડાવી શકતી નથી. કેમ કે શૂળી ખૂબ ઊંચી છે. મારાથી ત્યાં પહોંચાતુ નથી તેથી ખૂબ દુઃખી થઈ છું. (૩૨)

**वीर भणि मुझ आवो खंध, दइ आहार चडी मुझ कंध ।**
**कुमर जाण्यो सहु साचुं एय, छलनौ[१] तउ नवि जाण्यो भेय ॥३३॥**

ત્યારે ગજસિંહ કુમાર કહે છે, 'તું મારા ખભા ઉપર ચઢી જા, અને તેને આહાર આપ. સરળ હૃદયવાળા કુમારે સ્ત્રીનું કહેલું સાચુ માની લીધું. તેને છેતરવા માટેનાં આ માયા-પ્રપંચને કુમાર જાણી શક્યો નહીં. (૩૩)

**ते नारी तिण खांधइ करी, सूली आगलि ऊंची धरी ।**
**ते सघलुं मांड्यो पाखण्ड, मृत्यक[२] करिवा लागी खण्ड ॥३४॥**

ભોળા એવા કુમારે તે સ્ત્રીને ખભા ઉપર બેસાડીને શૂલી આગળ ઊંચી કરી. તે માયાવી સ્ત્રીએ પણ ઘણો પાખંડ માંડ્યો અને કુમારનાં ખભા ઉપર ચઢીને શૂળી ઉપર ચઢાવેલ મૃતકના કટકા કરીને ખાવા લાગી. (૩૪)

**करइ आहार र्नि कलकलइ, जाणइ ए नर किमही छलइ ।**
**कुमरे एहवुं देखी जाम, पगि साहीनइं नाखी ताम ॥३५॥**

જયારે તે કલકલ કરીને માંસ ખાવા લાગી ત્યારે કુમારને થયું કે આ શેનો અવાજ આવે છે ? નક્કી મને છેતરીને આવાં કુકૃત્યો આ સ્ત્રી કરતી લાગે છે. કુંવરે ઊંચું જોયું ત્યારે સ્ત્રીની માયા-પ્રપંચને જાણી તેનો પગ પકડી નીચે પછાડી. (૩૫)

**छेद्यो नाक लेइर्नि छुरी, सीखामणि इम दीधी खरी ।**
**बुंब करंती नासी गइ, एणी वार्ति ते निकटी थई ॥३६॥**

અને ફરીથી આવું ન કરે તેથી છરી વડે તેનાં નાકને છેદી નાંખ્યું. ત્યારે તે નકટી સ્ત્રી ત્યાંથી બુંબારવ કરતી નાશી ગઈ. (૩૬)

---

१. लछनौ=છેતરવું. २. मृत्यक=મૃતક.

**ए छलतां हुं साम्ही छली, इसी बुध हिव न करुं वली ।**
**घणा घासव्या[1] घाठी[2] तेह, साहसीक नर साचुं एह ॥३७॥**

તે સ્ત્રી વિચારવા લાગી કે, આને છેતરતા તો હું જ છેતરાઈ ગઈ ! આનું નામ તો હવે ક્યારેય નહીં લઉં. આવાં તો ઘણાંયને છેતરીને નુકસાન પહોંચાડી મેં ભગાડ્યા પણ આ પુરુષ તો સાહસિક નીકળ્યો. (૩૭)

**मुजसिउं वयर कीयो इणि आज, हूं [ तु ]जइ ए छंडावुं राज ।**
**कपट रच्युं कुमरसिउं घणुं, तेह वात सुणो हुं भणु ॥३८॥**

ખરેખર મારું નાક કાપીને તે આજ મારો વૈરી થયો છે. હું પણ તેનું રાજ છોડાવીને હું મારું વૈર વાળીશ. એમ વિચારીને તે કુમારને રાજ્યથી દૂર કરવા માટે તે માયાવી સ્ત્રીએ એક કપટ રચ્યું. તે કેવા પ્રકારનું હતું તે સાંભળો. (૩૮)

**कीधुं तेणे कुमरनुं रूप, राउ न जाण्यो तेह सरूप ।**
**इसूं कूड ते देवी करी, गइ अन्तेउरमांहि संचरी ॥३९॥**

તે સ્ત્રીએ કુમારનાં સરખું રૂપ વિકુર્વ્યું કે, રાજા પણ તેને જુએ તો પણ ભેદ પારખી ન શકે તેવા પ્રકારનું કુડકપટથી કુંવરનું રૂપ કરીને તે રાણીવાસ (અંતઃપુર)માં ગઈ. (૩૯)

**पछिम राति जाग्यो भूप, दीठुं कुमरह तणो सरूप ।**
**राणी सरसो रमतुं दीठ, राजा हीयडि कोप पईठ ॥४०॥**

પાછલી રાત્રિએ રાણી પાસે રહેલ રાજા જાગ્યો. ત્યારે બાજુમાં કુમારને સૂતેલો જોયો. રાણી સાથે કુમારને રંગરેલીયાં મનાવતો જોઈને રાજાનાં હૈયામાં એકદમ ક્રોધ ઉત્પન્ન થયો. (૪૦)

**ऊठ्यो कर लेइ करवाल, राय भणइं ए मारुं बाल ।**
**पापी पाप न जाणइ वात, एणि कीधो मोटो उतपात ॥४१॥**

---

૧. **घासव्या**=નુકસાન પહોંચાડવું. ૨. **घाठी**=છેતરનાર.

ઊઠીને રાજાએ હાથમાં તલવાર લીધી અને બોલવા લાગ્યો કે, ''આ મારો પાપી બાળક પાપ શું છે ? તે જાણતો નથી તેથી જ તેને આ મોટો અનર્થ સરજ્યો છે.'' (૪૧)

**कोप धरीनइं चलीयो जिसइ, कुमर रूप नासी गयो तिसइ ।**
**[1]नंकटी देवीओ कीधुं सहू, राजा हियडइ कोप्युं बहू ॥४२॥**

જેટલામાં રાજા ક્રોધ કરીને કુંવરની સામે ઘસે છે તેટલામાં કુંવરનું રૂપ અદશ્ય થઈ ગયું. કારણ કે, આ તો માયાવી નકટી દેવીએ જ માયા રચેલી હતી પણ રાજાનાં હૈયામાં ક્રોધ સમાતો નથી. (૪૨)

**कूड करीनइं नासी गई, रयणी गई प्रह वेला थई ।**
**तउ राऔं बोलायो प्रधान, मारि कुमर म धरिजे कान ॥४३॥**

માયાવી સ્ત્રી તો કુડકપટ કરીને નાશી ગઈ પણ જ્યારે રાત્રિ પૂર્ણ થઈ અને પ્રભાત થયું ત્યારે રાજાએ પ્રધાનને બોલાવ્યો અને આજ્ઞા કરી કે કુંવરને તત્કાળ મારી નાંખજો, તેની વાત સાંભળતા નહીં અર્થાત્ કાને ધરતા નહીં. (૪૩)

**तव बोलइ वलतुं मंत्रीस, असुं कोप कांइ करो जगीस ।**
**सुगुण सरूप सुलखिण एह, कुविसन नव सइ एहनिं देह ॥४४॥**

આ સાંભળીને મંત્રી, રાજાને શાંત કરવા માટે બોલ્યા. ''હે રાજન્ ! આટલો કોપ કેમ કરો છો ? કોપનું કંઈ કારણ ? કુમાર તો ખરેખર ગુણિયલ છે, સ્વરૂપવાન છે, સર્વ લક્ષણથી યુક્ત છે. તેને કોઈ કુવ્યસન નથી. ખરેખર તેનો દેહ નિર્મળ છે. તેનાં પ્રત્યે આવો ક્રોધ શા માટે ?'' (૪૪)

**राय भणइ तूं म करि वखाण, काढि काढि कइ चूकसि प्राण ।**
**आप जंघ किम उघाडीए, जेणी बार्तिं साम्हां लाजीए ॥४५॥**

ત્યારે રાજા પણ કોપથી પ્રધાનને કહે છે કે, ''મહેરબાની કરી તેનાં વખાણ મારી સામે ન કરીશ, ગમે તેમ કરીને તેને મારાં સામેથી દૂર કાઢ નહીં તો તે મરશે જ. પોતાની જાંઘ ઉઘાડી કરતાં આપણે જ લાજીએ'' (૪૫)

---

૧. नकटी=નાક વિનાની.

**॥ वस्तु ॥**

**वयर पोखी वयर पोखी, गईय ते नारि ।**
**तव कुंवर घरि आवीयो, एह वात कांई न जाणइ ।**
**परधाने बोलावीयो, तुझ उपरि राय कोप आणइ ।**
**कुमर भणइ कारण किसुं, जे रूठो मुझ तात ।**
**जउ जईए तउ जीवीए, नहीतरि होसी घात ॥४६॥**

રાજાનાં આવા કોપયુક્ત વચન સાંભળીને પ્રધાન પણ મૌન થયો. અને પેલી સ્ત્રી પણ જાણે રાજા અને પ્રધાનનાં (વાર્તાલાપ) વચન સાંભળી, જાણે પોતે વૈર વાળીને સંતોષ પામતી હોય તેમ નાશી ગઈ. આ બાજુ સવાર થતાં કુંવર પણ ઘેર આવ્યો તેને તો કોઈ વાતની ખબર નથી. જ્યારે પ્રધાને બોલાવીને કુમારને કહ્યું કે, ''રાજા તમારી ઉપર કોપાયમાન થયા છે.'' ત્યારે કુમારે કહ્યું, ''પિતાને કોપાયમાન થવાનું કારણ શું છે?'' ત્યારે પ્રધાને કહ્યું, ''હું કારણ જાણતો નથી. તું અહીંથી જઈશ તો જીવિત રહીશ નહીંતર મરીશ.'' (૪૬)

**॥ चउपई ॥**

**भणइ प्रधान कुमर सुणि वात, ताहरुं जस छइ देस विख्यात ।**
**रायनों कोप हूवो सा भणी, तूं कीधो हूं तो राजनों धणी ॥४७॥**

વળી પ્રધાને એક વાત કહી, તમારો યશ પરદેશની અંદર જ ફેલાવાનો છે. રાજાનો કોપ શા કારણે થયો ? તે ખબર નથી પણ તેમાં નિમિત્ત તું છે તે વાત નક્કી. હું તો ચિઠ્ઠીનો ચાકર. રાજાની આજ્ઞા મારે માન્ય કરવાની હોય માટે કહું છું કે તું અહીંથી નાશી જા. (૪૭)

**कुमर भणइ नवि कीयो विणास, मइं न विलोप्यो[१] किहनउ ग्रास ।**
**को वयरी आवी नि मिल्युं, तिणि वयणें राजा मन टल्युं ॥४८॥**

ત્યારે કુંવરે કહ્યું કે, ''હે મંત્રીશ્વર ! મેં કોઈનો વિનાશ કર્યો નથી. કોઈનો ગ્રાસ પડાવી લીધો નથી છતાંય કોણ એવો વૈરી મળયો કે જેનાં વચને પિતા એવા રાજાનું મન પલટાઈ ગયું અને મારાં પ્રત્યે નફરત થઈ ?'' (૪૮)

---

૧. विलोप्यो=વિનાશ, વિલય.

॥ गाथा ॥

**तं नत्थि घरं तं नत्थि राउलं, देवलं पि तं नत्थि ।**
**जत्थ अकारणकुविया, दो-तिन्नि खला न दीसंति ॥४९॥**

કહેવાય છે કે, કોઈ એવું ઘર નથી, કોઈ એવો વગડો કે કોઈ એવું દેવલ નથી કે જ્યાં વિના કારણે કોપ કરનારા બે-ત્રણ ખલ-દુર્જન ન દેખાય. (૪૯)

॥ दोहा ॥

**[१]पत्थरडइ[२] इम [३]कंति [४]कडी परि( र )छिद्रेडे [५]एय [६]संति ।**
**सर्पह दुर्जन दो समा, एम विसास म करंति ॥५०॥**

સૂર્યના પ્રકાશનો વિસ્તાર થતાં જેમ વસ્તુ દેખાય છે તેમ દુર્જનો સજ્જનોના છિદ્રો વિસ્તારે છે. કહેવાય છે કે, સર્પ અને દુર્જન બેય સરખાં હોય છે તેનો વિશ્વાસ ન કરાય. (૫૦)

**दुर्जन पाहें अति भलो, काल डसइ इकवार ।**
**दुर्जन पगी पगी नित डसइ, जोइय छीद्र अपार ॥५१॥**

દુર્જન કરતાં સર્પ ઘણો સારો કે જે એકજ વાર ડસે છે જ્યારે દુર્જન તો પગલે પગલે ડસે છે કેમકે હંમેશા તે દોષ (છિદ્ર)ને જોતો ફરે છે. (૫૧)

**इम जाणीनिं चालीयो, लीधो मोर सुचंग ।**
**जंत्र प्रभाविं ऊडीओ, अम्बरे गयो उतंग ॥५२॥**

માટે અહીં રહેવામાં મજા નથી એમ સમજીને કુમાર ત્યાંથી ચાલ્યો. સુંદર એવા મોરને સાથે લીધો છે. યંત્રના પ્રભાવે મોર ઉપર બેસીને આકાશમાં ઊડ્યો. (૫૨)

॥ चउपइ ॥

**चाल्यो कुमर ते महाबलवंत, करि हथियार सार झलकंत ।**
**महावनमांहि पुहुतो जिसइ, सिधपुरुष इक दीठो तिसइ ॥५३॥**

---

१. B. પ્રત. [ **पच्छ(त्थ)रउइ? गर्वंति करी, परछद्दइं पयसंति ।**
**सर्पह दुर्जन दो समा, एम विसास म करंति ॥** ]
કહેવાય છે કે સર્પ અને દુર્જન બેય સરખાં હોય છે તેનો વિશ્વાસ ન કરાય. કારણ કે તેઓ હંમેશા ગર્વ (અભિમાન)થી ફેલાઇ-ફુલાઇ પરછિદ્રને જોતા ફરે છે.(૫૦) **२. पत्थरडइ=વિસ્તરવું, પથરાવું. ३. कंति=પ્રકાશ, પ્રકાશવું. ४. कडी=દુર્જન. ५. एय=આ. ६. संति=છે.**

મહાબળવંત એવો કુમાર આગળ ચાલ્યો જાય છે. હાથમાં હથિયાર ઝગારા મારી રહ્યું છે. ગાઢ એવા વનમાં તે પહોંચ્યો ત્યારે એક સિદ્ધપુરુષ ગજસિંહકુમારે જોયો. (૫૩)

**ते देखी कुमर ऊतरइ, विनय करी साम्हों संचरइ ।**
**ततखिण कुमरि कीयो प्रणाम, आदर वयण बुलाव्यो ताम ।।५४।।**

તે દેખીને કુમાર મોર ઉપરથી નીચે ઉતર્યો. વિનયપૂર્વક તે સિદ્ધપુરુષની સામે જઈ પ્રણામ કરીને ઊભો રહ્યો ત્યારે તે સિદ્ધપુરુષે પણ તેને આદરપૂર્વક બોલાવ્યો. (૫૪)

**सिद्ध भणिं नर सांभल[ ली ] वात, पहिलुं तुं मुझ सुणि अवदात ।**
**मुझ गुरु विद्या दीधी सार, सोवन सिद्धरस होइ अपार ।।५५।।**

તે સિદ્ધપુરુષ બોલ્યો, 'હે ભાગ્યશાળી ! મારી વાત પહેલાં સાંભળ. મારાં ગુરુજીએ મને સુંદર એવી વિદ્યા આપી છે કે જેનાં દ્વારા સુવર્ણરસની સિદ્ધિ પ્રાપ્ત થાય. પણ ઉત્તરસાધક વિના તે વિદ્યા હું સાધી શકતો નથી.(૫૫)

**जो तूं उत्तरसाधक थाय, मुझ विद्या जिम सिद्ध ज थाय ।**
**तउ तूं साहसीक नर सूर, तुझ दृष्टि [१]खुद्र जाए दूर ।।५६।।**

હે સાહસિક ! હે શૂરવીર ! ! જો તું ઉત્તરસાધક થાય તો મારી વિદ્યા સિદ્ધ થાય કેમકે તારી દષ્ટિથી ક્ષુદ્ર તત્વો દૂર જાય તેમ છે. (૫૬)

**तुझ सरीर छइ लखिण बत्रीस, तूं दीसइ सवि गुणनूं ईस ।**
**कुमर मान्यों वयण प्रमाणि, तव विद्या करइ सुजाण ।।५७।।**

તારો દેહ ખરેખર બત્રીસ લક્ષણોથી યુક્ત છે અને તું સર્વગુણોનો સ્વામી દેખાય છે. માટે તું ઉત્તરસાધક થા, ત્યારે કુંવરે પણ તે સિદ્ધપુરુષનું વચન માન્ય કર્યું. ત્યારે તે સિદ્ધપુરુષે પણ કઈ રીતે સાધના કરવાની છે તે કુંવરને જણાવ્યું. (૫૭)

---

१. खुद्र=क्षुद्र तत्त्वो.

**आण्यो रस ते गंधक रतिसार, आणिं सोहागीसोमलखार ।**
**आण्यां वननां ओषध घणां, नाम न जाणुं हूं तिह तणा ॥५८॥**

ત્યારપછી સિદ્ધપુરુષે સુવર્ણ સિદ્ધિ માટે જે રસ ટંકણખાર, સોમલખાર વગેરે તથા વનમાંથી ઘણાં ઔષધો કે જેનાં નામ પણ ન જાણ્યાં હોય તે એકઠાં કર્યાં. (૫૮)

**कीधी पूजा भयरव तणी, तेणें मांडी रसनी साधणी ।**
**कुंवर उत्तरसाधक थयो, लेई खडग निं पासइ रह्यो ॥५९॥**
**भूत प्रेत को छल नवि करई, कुमर तणी दृष्टिं सहु डरइ ।**
**विद्या सिद्ध थई अतिसार, सिद्धपुरुष हरख्यो तिणि वार ॥६०॥**

પછી ભૈરવની પૂજા કરી. ત્યાર પછી સુવર્ણરસ સાધવાની તૈયારી કરી, ગજસિંહકુમાર હાથમાં ખડગ લઈને ઉત્તરસાધક થઈને રહે છે. કુમારની દૃષ્ટિથી ડરીને ભૂત-પ્રેત વગેરે દૂર રહે છે. આ રીતે તે સિદ્ધપુરુષે સુંદર એવી સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરીને ખૂબ આનંદિત થયો. (૫૯-૬૦)

**सिद्ध भणे तूं बावन वीर, परउपगारी साहस धीर ।**
**लेंई सोवन्न वेल तुं साथि, अरधी विहची आपुं आंथि[1] [ हाथि ]॥६१॥**

સિદ્ધપરુષ કહે છે કે, ''ખરેખર તું બાવનવીર છે. ધીર, ગંભીર અને પરોપકારમાં સાહસિક છે. હવે આ સુવર્ણરસ છે તે લઈ લઈએ અને અડધો તને હું આપી દઉં.'' (૬૧)

**भणइ कुमर सोवन नही काज, सिद्धपुरुष मइ भेट्यो आज ।**
**सारी विद्या देओ हितकरी, हूउ [ जे ]आगलि होवइ खरी ॥६२॥**

આ સાંભળીને ગજસિંહકુમારે કહ્યું કે, ''યોગીરાજ ! મારે સુવર્ણ જોઈતું નથી. આજ તમારો ભેટો થયો તે જ મારા માટે આનંદની વાત છે. કોઈ એવી સારી વિદ્યા હોય તો આપો. જે આગળ ઉપર હિતકારી થાય.'' (૬૨)

---

૧. आंथि=સાધનસામગ્રી.

**तउ दीधी ओषधी सार, एकइ नवि लागइ हथियार ।**

**जल बूडंतो तारइ एक, दोय जडी आपी सुविवेक ॥६३॥**

તે યોગીરાજે પણ તેને ઔષધિ આપી, એક ઔષધિ એવી હતી કે તેને પાસે રાખવાથી હથિયારનો ઘા લાગે નહી અને બીજી ઔષધિ એવી હતી તે જળમાં ડૂબતાને તારે. યોગીપુરુષે બંને ઔષધિ ગજસિંહકુમારને ખૂબ પ્રેમથી આપી. (૬૩)

**[१]मोकलावी कुंवर संचरइ, हिईयामांहि आणंद अति धरइ ।**

**मोर[ रि ] चडी मननइ उछाहि, ते वाय तणी परि चाल्यो जाय ॥६४॥**

કુંવર પણ યોગીપુરુષની રજા લઈને આગળ ચાલ્યો. હૈયામાં આનંદનો કોઈ પાર નથી. મોર ઉપર ચઢી મનમાં ઉછરંગથી વાયુની જેમ ચાલ્યો જાય છે. (૬૪)

**दीठो नगर तिहां अति चंग, झलकइ गढ मढ पउलि उत्तंग ।**

**आव्यो नगरी धरी उल्हास, [२]उदवस नगर तिण न देख्यो वास ॥६५॥**

ત્યાં સુંદર એવું નગર તેના જોવામાં આવ્યું. ગઢ અને મઢ ઝળકી રહ્યાં છે. તે નગરને ફરતો ઊંચો એવો કિલ્લો છે. કુમાર તે નગરીમાં ઉલ્લાસ ધરીને આવ્યો પણ અહીં આવીને જોયું તો નગર ઉજ્જડ દેખાયું. (૬૫)

**कउत्तिग देखी चिंतइ असुं, मनुष्य नहीं ए कारण किसुं ।**

**जोऊं रायभवन को अछइ, ए कारण जाणीसइ पछइ ॥६६॥**

આવું સુંદર નગર અને ઉજ્જડ ? આવું જોઈને તેને આશ્ચર્ય થયું. એવું શું કારણ હશે કે મનુષ્ય કોઈ દેખાતું નથી. આટલા મોટા નગરમાં રાજભવન તો હશે જ ત્યાં જઈને જોઉં તો કદાચ કારણ જાણવા મળશે. (૬૬)

**आव्युं राजभवन संचरी, निरखे मंदिर दहदिस फिरी ।**

**सप्त भूमि घरि आव्यो जिसइ, च्यार कन्या तिण दीठी तिसइ ॥६७॥**

ફરતાં ફરતાં રાજભવન જોવામાં આવ્યું તેમાં તેને પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને દશેદિશામાં મહેલનું નિરીક્ષણ કરે છે. ફરતાં ફરતાં સાતમી ભૂમિએ (માળે) આવ્યો ત્યારે ચાર કન્યા તેનાં જોવામાં આવી. (૬૭)

---

१. मोकलावी=રજા લેવી, વિદાય લેવી . २. उदवस=ઉજ્જડ

**जाणों रूपिं रम्भा जिसी, सुर कन्या समवडि छइ तिसी ।**
**गजसिंघ कुमरे बुलावी तिहां, कुण कारणि पूछइ तुम्ह इहां ॥६८॥**

જાણે કે રંભા સરખી રૂપાળી દેવકન્યા ન હોય ! તેવી તે ચારે કન્યા ત્યાં રહેલી હતી તેની પાસે જઈને ગજસિંહકુમારે તેને બોલાવી અને પૂછ્યું કે, ‘‘કયા કારણથી અહીંયા રહ્યાં છો ?’’ (૬૮)

**नारि भणइ सुणि साहसधीर, इहां कां आव्यो बावनवीर ।**
**जमनुं घर ए नगर सुजाण, नास नास कइ चूकसि[१] प्राण ॥६९॥**

ત્યારે એક સ્ત્રી બોલી ‘હે સાહસિક પુરુષ ! તું અહીં કેમ આવ્યો છે ? આ તો યમનું નગર તું જાણ. જલ્દી તું અહીંથી ભાગ નહીં તો તારા પ્રાણ જશે. (૬૯)

**भणइ कुमर भय किहनो होय, राखस भूत प्रेत छइ कोय ।**
**दिउ सीखामणि तेहनई आज, कहो वात छांडी तुम्ह लाज ॥७०॥**

ત્યારે કુંવર બોલ્યો કે, ‘‘અહીં કોનો ડર છે ? રાક્ષસ, ભૂત-પ્રેત જે કોઈ હશે તેને હું બરાબરની શિક્ષા આપીશ. એકવાર લાજ છોડીને જે કોઈ વાત હોય તે મને કહો.’’ (૭૦)

**भणइ नारि नर सांभलि बात, नरसिंह राय अम्हारुं तात ।**
**आणंदपुर पाटणनो धणी, अम्हे च्यारि कुमरि तेह तणी ॥७१॥**

ત્યારે સ્ત્રી પણ કહેવા લાગી કે, ‘હે ઉત્તમ પુરુષ ! વાત સાંભળો. **નરસિંહ** રાજા જે અમારાં પિતા, **આનંદપુર** નગરનાં સ્વામી છે. અમે ચારે તેની કન્યા છીએ. (૭૧)

**एक दिवस ते नरसिंघ राय, रामति[२] मिस[३] रयवाडी जाय ।**
**महावनमांहि पुहुतो जिसइ, तापस एक दीठो तिहां तिसइ ॥७२॥**

એક દિવસ અમારા પિતા **નરસિંહરાજા** રયવાડી રમવાનાં બહાને મહાવનની અંદર જઈ પહોંચ્યા. ત્યારે એક તાપસ તેમનાં જોવામાં આવ્યો. (૭૨)

१. चूकसि=પ્રાણ ગુમાવવા १. रामति=રમત. २. मिस=બહાનુ કાઢવું, બહાનાથી.

**ते देखी राजा इम भणइ, जिमवा घर आवो आपणइं ।**
**राजा तेडी आव्यो जाम, जिमवा कारण बइठो ताम ॥७३॥**

રાજા તેની પાસે ગયાં અને વિનયપૂર્વક કહ્યું કે,"આપણા ઘેર જમવા પધારો, તાપસે પણ વિનંતી માન્ય કરી અને ઘેર જમવા માટે આવ્યાં." (૭૩)

**इणि अवसर अम्हे बहिनर( इ? ) चा[ च्या ]रि, आवी जोवा कारण बारि ।**
**देखी रूप तापस अम्ह तणुं, पापीइं पाप आण्यो मन घणुं ॥७४॥**

જ્યારે તે જમવા બેઠેલા છે ત્યારે અમે પણ કૌતુકથી તે સમયે જોવા માટે બહાર આવ્યાં. ત્યારે તે તાપસે પણ અમારા રૂપને જોયું અને મોહિત થયો. તે પાપી અયોગ્ય વિચાર કરવા લાગ્યો. (૭૪)

**चल्युं मन नवि आणइ ठाय, ते देखीनइ मन कोप्यो राय ।**
**एणे तप नीगमीयुं सहू, पापी पाप धरइ मन बहू ॥७५॥**

હવે તેનું મન ચલિત થવાથી ઠેકાણે રહેતું નથી. વારંવાર અમારી સામે જોયા કરે છે. પિતા એવા રાજાની દૃષ્ટિમાં તેનું આ પાપ આવ્યું અને પિતા ક્રોધિત થયાં. તેમને મનમાં વિચાર્યું કે, ખરેખર આ તાપસે પોતાનું આ તપ ગુમાવ્યું છે. મનમાં ઘણું પાપ ધારણ કરીને રહેલો છે. (૭૫)

**धरी रीस जणनइ इम कहइ, राजमाहि रखे तापस रहइ ।**
**काढउ नयर बाहिरे एह, पापें भरीयो छइ एहनुं देह ॥७६॥**

રાજાને ખૂબ ક્રોધ થવાથી સેવકને જાણ કરી. આ રાજ્યમાં કોઈએ આ તાપસને માન આપવું નહીં. હમણાં જ તેને નગરની બહાર કાઢો કેમકે તેનો દેહ પાપથી ભરેલો છે. (૭૬)

**आगि वानर नइं बलि छल्यो, जूवारी[१] नइं जूवटइ मिल्यो ।**
**दाहज्वर नइं दाधी देह, राउला जण नइं रूठा तेह ॥७७॥**

રાજા તાપસ ઉપર કોપ્યો છે અને તાપસને નગરમાંથી કાઢવાનું કહે છે. અહીં કવિ રાજાના આવા આચરણ માટે દૃષ્ટાંત આપે છે કે, એક તો

१. जूवारी=જુગારી.

વાંદરો ને ઉપરથી છલ્યો હોય, ઉશ્કેર્યો હોય. એક તો જુગારી તેમાં જૂવટું રમવામાં લાગ્યો હોય, એક તો શરીરમાં દાહજ્વર હોય અને ઉપરથી શરીર ધમે, એક તો રાઉલા-રાજાના માણસ હોય ને તેમાં પાછા રૂઠ્યા હોય, એ રીતે આ એક તો રાજા, તેમાં વળી કોપાયમાન થયો હોય ત્યારે રંજાડવામાં શું બાકી રાખે ? (૭૭)

**दूहव्यो तापस ते तिण वार, काढ्यो तापस साही नयरह बार ।**
**रोस आण्यो तिण मनमहि घणुं, हिव सुणों आचार तिह तणुं ॥७८॥**

તાપસને પરેશાન કરીને જનતાએ નગરની બહાર કાઢ્યો. તે તાપસે પણ મનમાં ઘણો રોષ ધારણ કર્યો. કુંવરી ગજસિંહકુમારને કહે છે, ''હે ઉત્તમ પુરુષ ! આગળ તેણે શું કર્યું તે સાંભળો.'' (૭૮)

**पापी कुबुधि मनमाहें धरी, आवइ निसभरि तिहां संचरी ।**
**राजभुवण गढ पउलि पगार, ते ओलंगी आव्यो बार ॥७९॥**

તે પાપી ખરાબ બુદ્ધિથી રાત્રે નગરમાં આવ્યો. ગઢનાં દ્વાર તથા કિલ્લાને ઓળંગીને છેક તે રાજભવનમાં આવી પહોંચ્યો. (૭૯)

**अम्हे चारे बहनर घरमांहि, सूती मनह तणइ उच्छाहि ।**
**इणि अवसरि जागीयो भूप, दीठो तापस तणो सरूप ॥८०॥**

અમે તો ચારે બેનો નિશ્ચિંત થઈને ઘરમાં ઘસઘસાટ સૂતેલી હતી પણ એ સમયે રાજા જાગ્યા અને તાપસને જોયો. (૮૦)

**उठो [ राय ][1] कर लीधा हथियार, ते तापसनुं कीध संहार ।**
**हण्यो खडगी अम्ह पासि जिसइ, तिण संचलि अम्हे जागी तिसइ ॥८१॥**

પિતાએ તત્ક્ષણ હાથમાં હથિયાર લીધું અને તત્ક્ષણ તાપસનો વિનાશ કર્યો. અમારી પાસે રહેલાં તાપસને ખડ્ગથી હણતાં અવાજ થયો અને અમે જાગી ગઈ. (૮૧)

૧. પુસ્તકમાં જ્યાં જ્યાં ચોરસ [ ] કૌસ જે પાઠ છે તે B. પ્રતનાં છે.

**ऊठी बाहर आवी जाम, तापस मार्यो दीठुं ताम ।**

**धिग [ धिग ] रूप अम्हारा सही, अम्ह कारण ए हत्या थई ॥८२॥**

અમે ઊઠીને જોયું તો તાપસ હણાયો હતો. તે ત્યાંજ મૃત્યુ પામ્યો. અમે વિચાર્યું કે ધિક્કાર છે અમારાં રૂપને કે જેનાં કારણે આ હત્યા થઈ. (૮૨)

**तापस मरीनइं राखस थयुं, पूरव भवनों वयर गहगह्युं ।**

**आव्यो नगर धरी नइं रोस, नगरमांहि तिण पाड्यो सोस ॥८३॥**

આ બાજુ તાપસ મરીને રાક્ષસ થયો. પૂર્વભવનું વૈર તેને સાંભળી આવ્યું. હવે એકદમ ક્રોધિત થઈને નગરમાં ધસી આવ્યો અને લોકોને પરેશાન કરવા લાગ્યો. (૮૩)

**लोक [१]दहोदिस नासी जाय, राखस आवी हणीयो राय ।**

**अम्हे एणें पापी [२]साही च्यार(रि), हिव करवा हींडइ छइ नारि ॥८४॥**

લોકો દશેદિશામાં નાશી ગયાં. રાક્ષસે રાજભુવનમાં આવીને રાજાને પણ હણ્યો અને અમને ચારેને તે પાપી રાક્ષસે અહીંયા પકડી રાખી હવે તે અમને પરણીને પોતાની સ્ત્રી કરવા માંગે છે. (૮૪)

**विवाह सजाइ लेवा गयो, इणि अवसरि तूं इहां आवीयो ।**

**हिवइ अम्हनइं गति केहवी होय, ए संकट उतारइ कोय ॥८५॥**

હમણાં તો તે રાક્ષસ વિવાહ માટેની સામગ્રી લેવા માટે ગયો છે ને એ અવસરે જ બરાબર તું અહીંયા આવ્યો છે. હવે અમારી ગતિ તો શું થશે કોણ જાણે ? આ સંકટમાંથી કોણ ઉગારશે ? જ્યારે ચારે કન્યાઓ રડવા લાગી. (૮૫)

**कुमर भणइ मन नांणों खेद, बुध करीनइ रचसुं भेद ।**

**बुधवंत नर जीपइ सही, तेणी वाति च्यारे गहगही ॥८६॥**

**जेहमांहि बुध बल तेहनूं सही, बुध विना बल कांई नही ।**

**ससलइ सीह [३]नपात्यो सही, पंचाख्यान बात अे कही ॥८७॥**

---

१. दहोदिस=દશે દિશાઓમાં. २. साही=પકડી રાખી. ३. नपात्यो=નાશ કર્યો.

ત્યારે કુમારે કહ્યું કે, 'મનમાં જરાય ખેદ લાવશો નહીં. બુદ્ધિથી એવો પ્રપંચ કરી એનો નાશ કરીશું. ત્યારે કન્યા વિચાર કરે છે કે ખરેખર આ બુદ્ધિશાળી માણસ છે અને ચારે કન્યા બોલી ઊઠી કે, ''ખરેખર જેની બુદ્ધિ તેનું બળ'' એવું કહેવાય છે. જો બુદ્ધિ ન હોય તો બળ કંઈ કામમાં આવતું નથી. જેમ સસલાએ સિંહનો બુદ્ધિથી નાશ કર્યો હતો તે વાત પંચાખ્યાનમાં પ્રસિદ્ધ છે. (૮૬-૮૭)

'પંચાખ્યાન'માં કહેવત ઉપરથી વાર્તા આવે છે તેમાં બુદ્ધિ અને બળ ઉપર નાનકડું દૃષ્ટાંત છે. જે નીચે પ્રમાણે છે -

વનનો રાજા સિંહ કહેવાય. એક સિંહ બધાને પરેશાન કરે છે. વનનાં બધાં પશુ ભેગાં થઈને વિચારે છે કે આપણે બધાં ભેગાં થઈને આ સિંહનો નાશ કરીએ પણ સિંહ આગળ કોનું બળ ચાલે ? પણ એક સસલું બુદ્ધિશાળી હતું તેને કહ્યું કે, 'આ સિંહનો હું ગમે તેમ કરીને નાશ કરીશ. સિંહમાં એક ગુણ હોય છે કે ભક્ષ્ય કર્યા પછી તેનું પેટ ભરેલું હોય ત્યારે તે કોઈને હેરાન કરે નહીં.''

સસલાએ બરાબર લાગ જોઈને સિંહનું પેટ ભરેલું હતું ત્યારે કહ્યું કે, ''મહારાજ ! તમારા જેવો જ બીજો કોઈ રાજા આ જંગલમાં આવ્યો છે તો તમારે તેનો નાશ કરવો જોઈએ કેમ કે શત્રુની અમને બીક લગે. અમો તો તમારાં જ શરણે છીએ. અમે તમને બાતમી આપીએ. બાકી એની સામે થવાની શક્તિ તો અમારામાં ક્યાંથી હોય ? આમ સસલાએ સિંહને બરાબર પાણી ચઢાવ્યું.

સિંહે પણ કહ્યું ''ક્યાં છે ? ચાલ, મને બતાવ. ત્યારે સસલું સિંહને એક કૂવા પાસે લઈ ગયું. આની અંદર એ છૂપાયેલાં છે, જુઓ. અને તમે જેવી રાડ નાંખશો તેવી તે પણ સામે રાડ નાંખશે. તે કૂવા પાસે જઈ અંદર જુએ છે તેથી તેનું જ પ્રતિબિંબ પાણીમાં દેખાયું. સિંહને થયું કે સસલાની વાત તો સાચી છે, અંદર કોઈ દેખાય તો છે જ. સિંહે મોં ફાડીને ત્રાડ નાંખી, સામે

પણ મોં ફાડીને ત્રાડ નાંખી, પડઘો પડ્યો. સિંહ સમજ્યો કે 'આ તો મારી સામું થાય છે એટલે ત્રાડ નાંખતો, સીધી કૂવામાં છલાંગ મારી, ઊંડા કૂવામાં સિંહ ફસાઈ ગયો. આ રીતે પ્રપંચ રચીને સસલાએ સિંહનો ત્રાસ દૂર કર્યો.

**बुद्ध करी कुंवर इम कहइ, जेणी वेलां राखस घरि रही ।**
**कूडी माया करिजो घणी, वात न कहिजो हीया तणी ॥८८॥**

કુંવર કહે છે કે આપણે પણ બુદ્ધિ રચીને તેને વશ કરીશું. જ્યારે તે રાક્ષસ ઘેર આવે તે વેળાએ તમે ચારે જણાં કુડકપટ કરી તેને વશમાં લેજો પણ હું તમને જે ઉપાય બતાવું તેની જરાય જાણ થવા દેશો નહીં. (૮૮)

**न्हावा कारण बइसइ जिसइ, नयण बेहू खल[१][ लि ] भरजो तिसइं ।**
**सांन करिजो मुहनइं तिसइ, आवी राखस बांधुं जिसइ ॥८९॥**

જ્યારે તે રાક્ષસ ન્હાવા બેસે ત્યારે તમે ઉવટણ (સુગંધી દ્રવ્યનું વિલેપન) કરવા લાગજો. અને માયાપ્રપંચ કરી તે લેપ તેની બંને આંખમાં ભરી દેજો. ત્યારપછી મને ઈશારો કરજો, તે સમયે આવીને હું તે રાક્ષસને બાંધી દઈશ. (૮૯)

**बुध करीनइं छानुं रह्यो, तेतलइ तापस [ राखस ] तिहां आवीयो ।**
**तउ तेणीइअे आदर कीधुं बहुं, बुध करीनइं जीपइ सहु ॥९०॥**

આ પ્રમાણે બુદ્ધિથી પ્રપંચ રચી તે એકબાજુ છુપાઈ ગયો. તેટલામાં તો તે રાક્ષસ પણ ત્યાં વિવાહ સામગ્રી લઈ આવી પહોંચ્યો. ચારે કન્યાએ ઘણો આદર આપ્યો અને તે બોલી ઊઠી, ‘‘સ્નાન માટેની તૈયારી કરો, ઉવટણું લાવો, પાણી લાવો.’’ કેટલાંય હેતથી તેને આ રીતે તૈયારી કરી. (૯૦)

**न्हावा तणी सजाई करी, कंकोडी खल[ लि ] भाणइ[ णुं ] भरी ।**
**न्हावा कारण बइठुं तउ, आंखि भरी तेणी खलसुं बेउ ॥९१॥**

કંકોડાનું ચૂર્ણ તૈયાર કર્યું. જ્યારે રાક્ષસ ન્હાવા માટે બેઠો ત્યારે વિલેપન કરવાનાં બહાનાથી કપટથી બંને આંખોમાં તે ચૂર્ણ ભરી દીધું. (૯૧)

---

१. खल=चूर्ण, भूको.

**करी सांन कुंवर आवीयो, मोरबंध राषसनइं कीयो ।**
**पाड्यो पग देइ बइठो पूठ, पहिलुं ताण्यो ते घण मूठ ॥९२॥**

હવે જયારે કુંવરને ઈશારો કરવામાં આવ્યો ત્યારે ઝડપથી કુંવરે આવીને રાક્ષસને મયૂરબંધથી બાંધી દીધો. પછી પગથી પકડીને ઊંધો પાડીને તે રાક્ષસની પીઠ ઉપર ઉપર બેઠો અને જોરથી તેને મૂઢમાર માર્યો. (૯૨)

**राखस चिंतइ मनमहि इसुं, सही को भेष[ द ]ज कारण किसुं ।**
**[1]परि करीजइ किमइ इह नही, कीया पाप ते लागा सही ॥ ९३॥**

ત્યારે રાક્ષસ પણ મનમાં વિચાર કરવા લાગ્યો કે નક્કી અહીં કોઈ ભેદ છે. શા કારણથી આ માયા કપટ થયું ? અહીં કોઈ હતું તો નહીં, નક્કી કોઈ પાપ પ્રગટ થયું હોય તેમ લાગે છે. (૯૩)

**मूकि मूकि तूं मोटो वीर, मइं तुझनइं दीधी धीर ।**
**लेई [2]वाच असुर छोडीयो, मूक्यो राखस वनमहि गयो ॥९४॥**

રાક્ષસ જોર જોરથી બોલવા લાગ્યો. 'ભાઈ ! તું મને મૂકી દે. મૂકી દે. તારા સાહસથી હવે વશ થયો છું. આ પ્રમાણે તે અસુરની વાત સાંભળીને કુંવરે તેને છોડી મૂક્યો અને તે પણ વનમાં જતો રહ્યો. (૯૪)

**नारी प्रति कुमर पभणेय, जिहां कहो तिहां मूकूं लेय ।**
**स्त्री भणइ अम्ह सरसी साथि, जनम जनम होजो तुम्ह संघाति ॥९५॥**

ચારે સ્ત્રીઓ (કન્યાઓ) પ્રત્યે કહ્યું કે, 'તમે જયાં કહો ત્યાં તમને મૂકી દઉં. તે સ્ત્રીઓએ કહ્યું ''તમારાં જેવા સ્વામી અમને ક્યાં મળશે? માટે જન્મોજન્મ તમારો સાથ અમને મળે. (૯૫)

**[3]वासो लोक करो पर काज, अम्ह बंधव बइसारो राज ।**
**तेम सुणी कुमर इम भणइ, छइं बंधव केता तुम्ह तणइं ॥९६॥**

બીજું કે આટલો પરોપકાર કરો અહીંયા લોકો વસે અને અમારા બંધવને રાજ્ય ઉપર બેસાડો. આ સાંભળીને કુંવરે પણ પૂછ્યું કે, 'તમારે કેટલાં ભાઈ છે ? (૯૬)

૧. B. પ્રત. [ पाप कीधइ जस होइ नहीं ।] ૨. वाच=વચન. ૩. वासो=વસવાટ કરવો.

**भणइ नारि अम्ह बंधव दोय, देवरथ नइं दाणव सोय ।**
**लोक सहित ते नासी गया, श्रीपुर नगर जईनइं रह्या ॥९७॥**

ત્યારે તે સ્ત્રીઓ પણ બોલી કે અમારે બે ભાઈ છે. એકનું નામ **દેવરથ** અને બીજાનું નામ **દાનવ** છે. સર્વ લોકની સાથે અહીંથી નાશી ગયાં છે અને **શ્રીપુર** નગરમાં જઈને રહેલાં છે. (૯૭)

**सुणी वात तेडाव्या तेय, कुमर राज बइंसारया बेय,**
**वास्यो नगरलोक अति बहू, दिन दिन ओच्छव करइं ते सहू ॥९८॥**

આ પ્રમાણે કન્યાની વાત સાંભળીને ગજસિંહકુમારે તે બંનેને તેડાવ્યા. આનંદપુર નગરનાં રાજ્ય ઉપર બેસાડ્યા. સર્વ લોકો પણ પાછા આવ્યા અને રાજ્યાભિષેક કરીને મહોત્સવ કર્યો. જેમ જેમ લોકો વસતા જાય છે તે તે દિવસે મહોત્સવ થઈ રહ્યો છે. (૯૮)

**गजसिंघकुमर ते परणी नारि अन्तेवरी थई ते च्यारि,**
**देवसुंदरि सुरसुंदरि जाम, रयणसुंदरि रयणावती ताम ॥९९॥**

આ બાજુ ગજસિંહકુમાર પણ ચારે કન્યાઓને પરણ્યો. તે **દેવસુંદરી**, **સુરસુંદરી**, **રયણસુંદરી** અને **રયણાવતી**ની સાથે સુંદર એવા ભોગોને ભોગવે છે. (૯૯)

**च्यारि खण्ड बहु बुध करी, एतलइ च्यारि नारि तिण वरी,**
**संघ तणी तां अनुमतिं लहुं, कथा खिणंतरि तउ किंपि कहुं ॥१००॥**

ગજસિંહકુમાર બુદ્ધિથી જેમ ચારે નારીઓને વર્યો તેમ હું પણ બુદ્ધિપૂર્વક આનાં ચાર ખંડની રચના કરીશ. હમણાં તો હું સંઘની અનુમતિ લઈ આ કથાને વિરામ આપું છું. આગળની કથા અવસરે કહીશ. (૧૦૦)

**॥ इति श्रीगजसिंघकुमार-चरित्र प्रथमखण्ड समाप्त ॥श्री १॥**

### ખંડ-૨

### ॥ वस्तु ॥

**कुमर चिंतइ कुमर चिंतइ मनह मझार ।**
**इहां रहिवुं जुगतुं नही, सास्त्र बुध हियडइ आणीय ।**
**नारि प्रतिं जंपइ इसूं तुम्हे, सुणो मुझ एक वाणीय ।**
**नर सासरि जे घणुं रहइ, निहचइ विणसइ सोय ।**
**नीतिशास्त्र जे बोलइ इसुं, इम जंपइ सहु कोय ॥१॥**

ગજસિંહકુમાર ચારે સ્ત્રીઓની સાથે આનંદપૂર્વક રહેલો છે ત્યારે ચિત્તની અંદર ચિંતન કરે છે કે શાસ્ત્રમાં કહેલું છે ''સાસરે પુરુષે ઘણું રહેવું સારું નહીં'' માટે મારે પણ અહીં રહેવું યોગ્ય નથી. એમ વિચારીને જ્યારે એક વાર વનિતા(પત્ની)ની સાથે વિનોદ કરતાં ગજસિંહકુમાર કહે છે, મારી એક વાત સાંભળો. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, 'જે મનુષ્ય સાસરે ઘણું રહે છે તે નિશ્ચે વિનાશ પામે છે' અને આ પ્રમાણે બધાં કહેતાં હોય છે. (૧)

### ॥ दोहा ॥

**स्त्री पीहर विणसय रही, नर सासरइ जो होय ।**
**तप विणसय माया करी, कुविसने[१] छोरु सोय ॥२॥**

કહ્યું છે કે, સ્ત્રી પીયરમાં વિનાશ પામે, પુરુષ સાસરીમાં, વળી તપ માયા કરવાથી વિનાશ પામે છે અને છોકરાંઓ ખરાબ વ્યસનથી વિનાશ પામે છે. (૨)

**इम जाणीनइं चालिवा, करइ सजाइ[२] वीर ।**
**देवरथ मोकलावा[३] गयो, तेह ज साहस धीर ॥३॥**

---

१. कुविसन=ખરાબ વ્યસન. २. सजाइ=તૈયારી. ३. मोकलावा=રજા લેવી, વિદાય.

આ પ્રમાણે જાણીને હવે આપણે અહીંયાથી ચાલવાની તૈયારી કરવી જોઈએ. **દેવરથ**ની રજા લેવા ગયો. (૩)

**जाण्यों बहनेवी चालतुं, दीधा तेजी तुखार ।**

**बहिनर संतोषी घणुं, आप्यो धन अतिसार ॥४॥**

જ્યારે દેવરથને આ સમાચાર મળયાં ત્યારે બનેવીને ત્યાંથી વિદાયગીરી આપવા માટે તૈયારી કરી, બનેવીને તેજી ઘોડા આપ્યાં. બેનને સંતોષ થાય તેવું ઘણું ધન આપ્યું. (૪)

**॥ चउपई ॥**

**चाल्यो कुमर अति सुविचार, लीधा पांच तेजीय तुखार ।**

**चारे नारी सार्थे लेय, महावन मांहि पुहुतुं तेय ॥५॥**

કુંવરે પણ સારાં શુકન જોઈને ત્યાંથી ચાલવાની તૈયારી કરી. પાંચ ઘોડા ઉપર ચાર સ્ત્રી અને પોતે એમ પાંચે જણ બેઠાં. અને ચાલતાં ચાલતાં ગહન એવા વનમાં જઈ પહોંચ્યા. (૫)

**बार जोयणनी अटवी होय, तिहां मनुष्य न दिसइ कोय ।**

**कुमर पुहुतो ते वनमांहि, चालइ मारगि दह-दिस[ दसि ] बाहि ॥६॥**

બાર યોજનની મહાન અટવી છે ત્યાં મનુષ્યોનો કોઈ પગ સંચાર પણ થતો નથી. કુમાર તેવી ગાઢ અટવીમાં જઈ પહોંચ્યો છે. દશે દિશા તરફ જવા માટે જ પગ કેડીઓ ત્યાં પડેલી છે. (૬)

**दिन आथमीयों रयणी थई, लीयो वीसामो वड थडि जई ।**

**बांध्या घोडा तरुवर तलेय, सूती नारि निद्र भरि तेय ॥७॥**

ધીમે ધીમે દિવસ આથમ્યો અને અંધકાર થવા લાગ્યો. ગજસિંહકુમારે એક વડના વૃક્ષની નીચે વિશ્રામ લીધો. ઘોડાઓને વૃક્ષનાં થડે બાંધ્યા. અને ચારે સ્ત્રીઓ ત્યાં ભર નિદ્રામાં સૂઈ ગઈ છે. (૭)

**जाग्यो कुमर खडग करि धरी, एणें अवसरि दोय विद्याधरी ।**

**मारगि चिंत धरइ मनमांहि, झलकइ तेजे सूरज प्राहि ॥८॥**

કુંવર હાથમાં ખડ્ગ લઈને ત્યાં જાગતો રહેલો છે. તે સમયે બે વિદ્યાધરીઓ તે વનમાં આવી અને તેને ખડ્ગનાં તેજને જોઈ વિચાર્યું કે 'સૂરજનાં તેજ જેવું અહીં કંઈક ઝબકી રહ્યું છે. (૮)

**दीठो कुमर वनमांहे जिसइ, विद्याधरी मन हरखी तिसइ ।**

**इस्युं पुरुष जउ दीठो आज, तउ सीधा मनवंछित काज ॥९॥**

ત્યાં આવીને તેજસ્વી એવા કુંવરને જોયો ત્યારે વિદ્યાધરીઓ એકદમ હર્ષિત થઈ. અહો ! આજ તો આવો સુંદર પુરુષ જોવામાં આવ્યો છે. ગાઢ વનમાં આપણા મનનાં કાર્યો સિદ્ધ થશે. (૯)

**॥ वस्तु ॥**

**कुमर देखी कुमर देखी, वनह मझारि ।**

**विद्याधरी इम चिंतवइ, भाग्यवंत नर अछइ कोई ।**

**सुरपति नरपति जाणींए, मनुष्य रूप एहवा न होई ।**

**हिव आपणि अपहरि, लीजीयइ, कीजइ भोग विलास ।**

**जीवतव्य फल एह छइ, पूरीजइ मंन आस ॥१०॥**

ગાઢ વનમાં કુંવરને દેખીને વિદ્યાધરીઓ ચિત્તમાં ચિંતવે છે કે, 'નક્કી કોઈ ભાગ્યવંત પુરુષ અહીંયા છે. કાં તો કોઈ દેવેન્દ્ર હશે અથવા કોઈ નરેન્દ્ર હશે. સામાન્ય પુરુષનું આવું રૂપ હોઈ શકે નહીં. હવે આપણે તેને અપહરણ કરીને લઈ જઈએ અને તેની સાથે ભોગ ભોગવશું. અને આ રીતે મનની આશાને આપણે પૂર્ણ કરીએ. આપણાં જીવિતનું ફળ તે જ છે. (૧૦)

**॥ दोहा ॥**

**इम जांणी विद्याधरी, अघोर निद्रा तिण दीध ।**

**कुमर निद्रावसि थयो, तउ ततखिण तिण लीध ॥११॥**

આ પ્રમાણે વિચારીને વિદ્યાધરીએ અવસ્વાપિની નિદ્રા મૂકી તેથી કુમાર પણ નિદ્રાધીન થયો. નિદ્રાધીન થયેલાં ગજસિંહકુમારને તે જ ક્ષણે વિદ્યાધરીએ ઉપાડી લીધો. (૧૧)

**विमाने बइसारी चली, कुमर न जाणि भेउ ।**
**गिर वइताढ सुहामणुं, हिवइ ते आव्या बेउ ॥१२॥**

વિમાનની અંદર બેસાડીને તે બંને વિદ્યાધરીઓ ચાલી અને સુંદર સોહામણા એવા વૈતાઢ્યપર્વત ઉપર આવી. કુમાર આ માયા-કપટને કંઈ જાણતો નથી. (૧૨)

**इणि अवसरि वन माहिली, जागी नारी च्यारि ।**
**कंत न देखइं आपणुं, झूरइ मनह मझारि ॥१३॥**

આ બાજુ વનમાં રહેલી ચારે સ્ત્રીઓ જાગી ત્યારે પોતાનાં સ્વામીને નહીં જોતાં મનમાં તે ઘણી ઝૂરવા લાગી અને મૂંઝાવા લાગી. (૧૩)

**॥ ढाल ॥ बिरहन ॥**

**नारी जागी इम भणइं ए, नही अम्ह दीसइ कंत तू ।**
**नाह तूं किहां गयो ए, मेलीय वनह मझारि तूं ॥१४॥**
**नाह तूं किहां गयो ए –ए आंकणी.**

**अम्हे गाढी अभागणी ए, सुख नवि सरज्युं आज तूं ।**
**के अम्हे करम बहु करया ए, के अम्हे दीधा आल तूं ॥१५॥ नाह तूं०**

વિરહ વ્યથાથી વ્યથિત થયેલી ચારે સ્ત્રીઓ 'સ્વામીનાથ ! સ્વામીનાથ ! એવો પોકાર કરવા લાગી. હે નાથ ! આવા વગડામાં અમને એકલાં મૂકીને તમે ક્યાં ચાલ્યા ગયાં ? હે અમારા સ્વામી ! તમે કેમ ક્યાંય દેખાતાં નથી. ખરેખર અમે ઘણી અભાગિણી છીએ કે આજે અમારું સુખ છીનવાઈ ગયું છે. અરેરે ! અમે કેવા એવાં ગાઢ કર્મ કર્યા હશે કે કોઈને ખોટા આળ દીધાં હશે ? (૧૪-૧૫)

**के अम्हे तप करी खंडीया ए, फोडी सरवर पाल, तूं ।**
**के अम्हे जीव विणासीया ए, मोडीय तरुवर डाल तूं ॥१६॥ नाह तूं०**

અથવા અમે કોઈ તપ કરીને ખંડન કર્યાં હશે કે ભવાંતરમાં સરોવરની પાળ તોડી હશે ? અરેરે ! અમે કોઈ જીવનો વિનાશ કર્યો હશે કે કોઈ વૃક્ષની ડાળો મોડી હશે ? (૧૬)

**के अम्हे बाल विछोगीया ए, पामिय दुःख पार तूं ।**
**वादली पूछुं वातडी ए, कहे कहां गयो अम्ह कंत तूं ॥१७॥ नाह तूं०**

કોઈ બાળકને માતાથી વિયોગ કરાવ્યો હશે કે જે કર્મે કરીને અમે આવા અપાર દુઃખને પામ્યાં છીએ. હે વાદળ ! હું તમને પૂછું છું કે, અમારાં કંત ક્યાં ગયાં તે તમે જોયા ? (૧૭)

**वनदेवति तुम्ह वीनवुं ए, किण अपहरीयो अम्ह कंत तूं ।**
**ईम विलवंतां रातडी[१] ए, वीतीय जसु प्रभाति तूं ॥१८॥ नाह तुं किहां.**

હે વનદેવતા ! હું તમને વિનંતી કરૂં છું કે અમારાં કંતનું અપહરણ કોઈએ કર્યું હોય તો અમને કહો. આ પ્રમાણે વિલાપ કરતાં રાત્રિ પૂરી થઈ અને પ્રભાત થયું. (૧૮)

**॥ चउपइ ॥**

**[२]प्रह विहसी उग्यो वली, थई नारि विरह आकुली ।**
**नाह नाह करि दह दिस जोय, साद करी सर लई सर रोय ॥१९॥**

જ્યારે પ્રભાતે સૂર્યોદય થયો ત્યારે સ્ત્રીઓ પણ વિરહથી વ્યાકુળ થઈ. નાથ ! નાથ ! નાં સાદ કરી દશે દિશાઓને ગજવતી માથુ પકડી જોરજોરથી રડવા લાગી. (૧૯)

**करम उदय सहि आव्या आज, जिम दवदंती थई नलराज ।**
**आज अम्हारइ ते पर[ रि ] होय, करम आगलि नवि छूटइ कोय ॥२०॥**

જોરજોરથી રડતી એવી તે બોલવા લાગી કે, નળરાજા જેમ દમયંતીને છોડીને ગયાં હતાં તેમ આજે અમારાં કર્મો ઉદયમાં આવ્યાં છે. અમારાં સ્વામી પણ અમને છોડીને ચાલ્યાં ગયાં છે. આવેલાં કર્મને ભોગવ્યા વિના કોઈનો છૂટકારો નથી. (૨૦)

---

૧. रातडी=રાત્રી.

૨. B પ્રત. [ **पूहिव दिसी रवि उगियो वली, नारी थइ विरह व्याकुली ।**
**नाह नाह करी दह दिसि जोय, साद करी स्वरि सर लई रोय ॥१९॥** ]

**कीजइ सुध को वसती जई, साहसपणुं मन आण्यो सही ।**
**[१]तुरी लेईनइ चालइ नारि, पुहुती दसरथ नयर मझारि ॥२१॥**

આમ ચારે સ્ત્રીઓ મનને મનાવતી ધીરે ધીરે કંઈક સ્વસ્થ થઈ. કોઈક વસતિમાં તપાસ કરવી જોઈએ. એવું વિચારી કંઈક મનમાં હિંમત એકઠી કરીને વસતિની શોધ કરવા લાગી. ચારે ઘોડા ઉપર બેસીને ધીરે ધીરે તે **દશરથપુર** નગરમાં પહોંચી. (૨૧)

**राज करइ तिहां पापी राय, लोपइ धरम करइ अन्याय ।**
**न्याय रीति नवि जांणइ किसी, पापबुध तसु हीयडइ वसी ॥२२॥**

હવે દશરથપુરનો રાજા ખૂબ પાપી છે. ધરમબરમ જાણતો નથી. અન્યાયને કરે છે. ન્યાયનીતિ તે જાણતો નથી કારણકે તેનાં હૈયામાં પાપબુદ્ધિ જ વસેલી છે. (૨૨)

**लोकें दीधु अन्याई नाम, पापी रंजण [ रंजाडि ] ते सर्व गाम ।**
**दंडइ लोक करइ आबाध, पापी पालइ दूहवइ साध ॥२३॥**

લોકોને વિશે 'અન્યાયી રાજા' તરીકે તે પ્રસિદ્ધ થયો. તેને પાપીઓનું પોષણ કરવામાં જ મજા આવે છે. લોકોને ગાઢ એવા દંડ કરે છે. પાપીઓને આનંદ આપવો અને સાધુસંતોને દુહવવા તે જ તેનું કામ છે. (૨૩)

**दीठी नारि अतिरूपिं सार, पापबुध मन धरइ गमार ।**
**करुं अंतेउर एहनइ आज, तउ जणनइ कहइ छांडी लाज ॥२४॥**

મનમાં પાપબુદ્ધિ જેને ધારણ કરી છે તેવા ગમારે અતિરૂપવંતી તેવી આ ચારે સ્ત્રીને જોઈ અને વિચાર્યું કે આજે આને મારાં અંતેઉરની રાણીઓ કરૂં એમ વિચારીને લાજ છોડીને સેવકોને આજ્ઞા કરી. (૨૪)

**च्यारे नारि ए तुम्ह अपहरो, अंतेउर माहि पुहुती करो ।**
**रूपवंत नइं रूडी [२]सही, असी नारि किहां दीसइ नही ॥२५॥**

કે આ ચારેને ઊઠાવો, ખરેખર આવી રૂડી રૂપાળી સ્ત્રીઓ આજ સુધી જોઈ નથી માટે આ ચારેયને લઈ જાઓ. રાણીવાસમાં પહોંચતી કરો. (૨૫)

१. **तुरी**=ઘોડો. २. **सही**=ખરેખર.

**तउ ततखिण तिण साही नारि, लेई गया राजभुवन मझारि ।**

**हाहाकार नगर माहि थयुं, महाजननइं मन कोप ज थयुं ॥२६॥**

ત્યારે તે જ ક્ષણે રાજાની આજ્ઞાને માન્ય કરતા તે સેવકો ચારે સ્ત્રીઓને રાજભવનના રાણીવાસમાં લઈ ગયાં. આ જોઈને નગરમાં હાહાકાર મચી ગયો. મહાજન એકદમ કોપાયમાન થયું. (૨૬)

**हिव छांडीजइ अेहनो वास, दिन बिहु मांहि पडसे त्रास ।**

**रावण राय लंकानों धणी, ते रामइ कीधो रेवणी ॥२७॥**

હવે તો આનાં રાજ્યને છોડી દેવું જોઈએ. બે-ચાર દિવસમાં જ આનું પાપ પોકારી ઊઠશે. લંકાનો ધણી રાવણ, પરસ્ત્રીમાં લંપટ થયો તો રામે તેની રેવડી કરી. (૨૭)

**गर्दभिल्ल उजेणी भूप, पार्पि पडीयो नरगह कूप ।**

**सरसती सती अेणइ अपहरी, घणो विगूतो[१] पार्पि करी ॥२८॥**

ઉજ્જૈનીનો રાજા ગર્દભિલ્લ, જેને સરસ્વતીનાં રૂપને જોઈને તેનું અપહરણ કર્યું તો છેવટે એનાં પાપે કરીને ઘણો નિંદાપાત્ર થયો. તે પાપી તે પાપથી નરકનાં કૂવામાં પડ્યો. (૨૮)

**हिव सही जास्ये अेहनों राज, दीजइ सीखामणि अेहर्नि आज ।**

**तव महाजन सवि नगर ज तणो, राजभुवन चाल्यो अति घणो ॥२९॥**

જો સ્ત્રીઓને હેરાન કરશે તો આની (આ રાજાની) પણ આ જ દશા થશે. માટે હમણાં આપણે બધાં ભેગાં થઈ કંઈક શિખામણ આપીએ જો કંઈક સુધરે તો. એમ વિચારીને નગરનાં ઘણાં મહાજનના આગેવાનો રાજભવનમાં ગયાં. (૨૯)

**तेहमांहि धुरि जगसी जयवंत, भीमसेन अर्नि श्रीवंत ।**

**खेतो पूनो पातू पहिराज, मनजी मांडण नइं महिराज ॥३०॥**

---

१. **विगूतो**= વગોવાયો.

તેમાં સૌથી મોખરે જયવંત એવા જગસિંહ હતાં. સાથે શ્રીમંત અને ભીમશી હતાં. ખેતો, પૂનો, પાતૂ, પહિરાજ, મનજી, માંડણ અને મહિરાજ હતાં. (૩૦)

**जावड भावड भूचर भीम, राणो रणधो खेतो खीम ।**
**पूनो पीथो नइं पदमसी, भोजो काजो नइं राजसी ॥३१॥**

વળી જાવડ, ભવાડ, ભૂચર, ભીમ, રાણો, રણધો, ખેતો, ખીમો, પૂનો, પીથો અને પદમશી, ભોજો, કાજો અને રાજસિંહ હતાં. (૩૧)

**वीरो धीरो नइं धरमसी, आसड पासड नइं करमसी ।**
**धांधो धीधो नइं धनराज, मानों मांडण नइं सिवराज ॥३२॥**

વીરો, ધીરો અને ધરમશી. આસડ, પાસડ અને કરમશી. ધાંધો, ધીધો અને ધનરાજ. માનો, માંડણ અને શિવરાજ વગેરે બધાં મહાજનનાં માણસો એકઠાં થયાં. (૩૨)

**चाल्यो महाजन धरीय विचार, जई अबलानी कीजइ सार ।**
**राजभुवन जइ भेट्यो राय, स्वामी म करिअे वडो अन्याय ॥३३॥**

તે અબળાની સારસંભાળ લેવી જોઈએ એવો વિચાર કરી ચાલ્યા. રાજભુવનમાં જઈ રાજાની આગળ ભેટણું મૂક્યું અને મહાજને વાતની શરૂઆત કરી કે, ''હે સ્વામી ! આ મોટો અન્યાય છે, આવું ન કરો, આવું ન કરવું જોઈએ.'' (૩૩)

**रवि ऊगें जउ होई अंधार, ससिहर[१] बरसइ जो अंगार ।**
**जउ तूं चूकसि देव विचार, तउ प्रजा तणी कुण करिसे सार ॥३४॥**

જો સૂરજ ઊગતાય અંધારું રહે, વળી ચંદ્રમાંથી અંગારા ઝરે તેમ તમો જો આવો અન્યાય કરો તો પછી પ્રજાની સારસંભાળ કોણ લેશે ? (૩૪)

**तूं सही मोटो नइं मोभीक, अेणी वार्ति सही थासो फीक ।**
**अबला छोडि कह्यो अम्ह मान, पछइ उरतउ[२] करसिं निरवाणि[३] ॥३५॥**

---

१. ससिहर=ચંદ્ર. २. उरतउ=ઓરતો, પસ્તાવો. ३. निरवाणि=નક્કી, ખરેખર.

તમે તો ખરેખર મોટા મોભ છો. તો પછી શા માટે આવી વાતે ઝાંખા થાવ છો ? માટે અમારું કહ્યું માનો અને આ અબળાઓને છોડી દો. નહીંતર પછી ખરેખર પાછળથી પસ્તાવો થશે. (૩૫)

**तिण वार्तें ते कोप्यो राउ, सीख न मानी वाज्यो वाय ( ? ) ।**

**जे महाजन बात जई कही, भर्या घडा ऊपरि वहि गई ॥३६॥**

મહાજનની વાત સાંભળીને રાજા ક્રોધિત થયો.મહાજનની શિખામણને રાજાએ કાને ધરી નહીં. જેમ ભરેલાં ઘડા ઉપરથી પાણી વહ્યું જાય તેમ મહાજનની કોઈ વાતની અસર રાજાને થઈ નહીં. (૩૬)

**तव ते महाजन पाछो वल्युं, हिव रायनइं बोलावुं टल्युं ।**

**सीख न मानी अेणिं आपणी, सही राजा थास्ये रेवणी ॥३७॥**

ત્યારે મહાજન પણ કંટાળીને પાછું ફર્યું. અને નક્કી કર્યું કે હવે રાજા સાથે કોઈ વાત કરવી નહીં. તેને જો આપણી આ શિખામણને સાંભળી નથી તો નક્કી તેની રેવડી થશે. (૩૭)

**हिव चिंतिं नारी मन माहि, सासनदेवति मन आराहि ।**

**पुन्यप्रभावे परतखि हुई, मागि मागि वछ तूटी सही ॥३८॥**

હવે આ બાજુ ચારે સ્ત્રીઓ વિચારે છે કે, આપણે શાસનદેવને પ્રાર્થના કરવી, તે જ આપણને સહાય કરશે. એમ વિચારી શાસનદેવની આરાધના કરતાં તેમનાં પુણ્યપ્રભાવે તે તત્ક્ષણ પ્રત્યક્ષ થતાં હે વત્સ ! માંગો, માંગો, હું તમારાં ઉપર પ્રસન્ન છું એમ કહ્યું. (૩૮)

**नारि भणइं तूं तूंठी मात, कहु किंहा कंत अम्हारी बात ।**

**देवी भणइ ते [ सुणि ] वृतांत, विद्याधरी हर्यो तुम्ह कंत ॥३९॥**

ત્યારે એ સ્ત્રીઓ બોલી કે,"હે માતાજી ! તમે તુષ્ટમાન થયાં છો તો અમને જણાવો કે અમારાં સ્વામી ક્યાં છે ?" ત્યારે દેવીએ પણ સઘળો વૃત્તાંત કહ્યો કે, "વિદ્યાધરીએ તમારાં કંતનું હરણ કર્યું છે." (૩૯)

**होस्ये भेट म करो उचाट, मास दीह तुम्ह जोज्यो वाट ।**

**राजरिद्ध स्त्री लहस्ये घणी, करस्ये सार वहिली तुम्ह तणी ॥४०॥**

પણ તમે જરાય ઉચાટ કરશો નહીં. નક્કી તે તમને મળશે. એક મહિનો વાટ જોજો. ઘણી રાજઋધ્ધિ અને સ્ત્રીઓને મેળવીને તે તમારો સ્વામી તમારી સાર કરશે અર્થાત્ તમને મળશે. (૪૦)

**हरखी नारि भणइ सुणि माय, एणें नयर अन्याई राय ।**

**दुष्ट बुध अम्ह उपरि धरइ, पापी पाप भये नवि डरइ ॥४१॥**

દેવતાનાં વચન સાંભળીને ચારે સ્ત્રીઓ ઘણી હરખિત થઈ અને દેવીને કહેવા લાગી કે, "હે માતા ! આ નગરનો રાજા અન્યાયી છે. તે પાપી પાપથી પણ ડરતો નથી અને અમારી ઉપર ખરાબ બુદ્ધિ કરી છે." (૪૧)

**सासनदेवति आपइ हार, ए पहिरजउ तुम्हे सिणगार ।**

**जे नर कुदृष्टि करी जोइस्ये, ते निहचइ आंधो होइस्ये ॥४२**

ત્યારે શાસનદેવતાએ તેમને હાર આપ્યો અને કહ્યું, 'આને તમે શણગાર કરીને પહેરજો.' જે તમારી ઉપર કુદષ્ટિ કરશે તે નિશ્ચે અંધ થઈ જશે. (૪૨)

**हार देईनइं देवि पहूत, कुमरी मनिं आणंद बहूत ।**

**हिईया मांहि आरति धरइ, धरमध्यान वसेषें करइ ॥४३॥**

આ પ્રમાણે હાર આપીને દેવતા અદશ્ય થયાં. કન્યાઓનાં મનમાં આનંદનો કોઈ પાર નથી. હૈયામાં ખેદ છે પણ વિશેષે કરી ધર્મધ્યાનમાં મન જોડ્યું છે. (૪૩)

**राजा पापबुध बहु धरी, आव्यो ततखिण तिहां संचरी ।**

**आगइ नयण न देखइ सही, विलखवदन थयो पाछउ थई ॥४४॥**

રાજા પણ પાપબુદ્ધિ કરીને તે ક્ષણે કુંવરીની પાસે આવ્યો પણ શાસનદેવતાએ આપેલા હારનાં પ્રભાવે તે અંધ થયો. તે કશું દેખી શકતો નથી તેથી તે વિલખા મોઢે પાછો ફર્યો. (૪૪)

॥ दूहा ॥

**श्रीगजसिंघकुमारनुं, सांभलो चरित विख्यात ।**
**विद्याधरीओ अपहरुं, तेहनी ते सुणो हवि वात ॥४५॥**

હવે આ બાજુ ગજસિંહકુમારનાં ચરિત્રને જણાવતાં કહે છે કે, તેનું વિદ્યાધરીએ અપહરણ કર્યું હતું તે વાત હવે સાંભળો. (૪૫)

**गिरि वइताढे लेई गई, पुहुति निय घर मांहि ।**
**एक संपि बिन्हे थई, वात करइं उछाहि ॥४६॥**

ગજસિંહકુમારનું વિદ્યાધરીએ અપહરણ કરી તે વૈતાઢ્યગિરિ ઉપર પોતાનાં ઘેર લઈ ગઈ અને બંને એક સંપ થઈને ઉછળતા હૈયે વાત કરવા લાગી કે, (૪૬)

**कंत नहि घरि आपणो, गयो वदेसें तेह ।**
**तिहां लगि आपण अेहसुं, रंग करीस्यां बेहि ॥४७॥**

હમણાં આપણા ઘરમાં આપણો સ્વામી નથી. તે વિદેશે ગયેલો છે ત્યાં સુધી આપણે બંને આની સાથે રંગરેલી કરીશું. (૪૭)

**इम जाणी विद्याधरी, जगाव्यो कुमार ।**
**हावभाव बहु प्रेमरस, करइं ते सार श्रृंगार ॥४८॥**

આ પ્રમાણે વિચારીને વિદ્યાધરીએ કુમારને જગાડ્યો અને હાવ-ભાવપૂર્વક, અનેક પ્રકારનાં નખરાં કરતી કામચેષ્ટા કરવા લાગી. (૪૮)

॥ चउपइ ॥

**जाग्यो कुमर मन चिंतइ असुं, हुं इहां आव्यो ते कारण किसुं ।**
**हुं वन मांहि हुंतो सही, मुझनइं इहां कुण आण्यो लई ॥४९॥**

ગજસિંહકુમાર જ્યારે જાગ્યા ત્યારે વિચારે છે કે, 'હું અહીં કયા કારણથી આવી ચઢ્યો ? હું ગાઢ એવા વનમાં હતો મને અહીંયા કોણ લઈ આવ્યું ? (૪૯)

**आकारइ करि जाण्यो सहु, नारिचरित्र इणें मांड्या बहु ।**
**इम जाणीनइं मन आदयरयो, [1]सीलसनाह सबल तिण करयो ॥५०॥**

આ સમયે ત્યાં આગળ વિદ્યાધર સ્ત્રીઓનાં અનેક પ્રકારનાં હાવભાવ જોતાં એને લાગ્યું કે તેણીએ જ આ સ્ત્રીચરિત્ર માંડ્યા છે, તે પ્રમાણે જાણીને મનમાં જ શીલરૂપી બખ્તરને સારી રીતે ધારણ કર્યું. (૫૦)

**सास्त्रवात तिण हियडइ धरी, रह्यो कुमर निहचल मन करी ।**
**विद्याधरीयइ धर्यो मन नेह, मधुर वयण बोलाव्यो तेह ॥५१॥**

શાસ્ત્રની વાત હૈયામાં ધારણ કરી અને કુમાર નિશ્ચલ થઈને રહ્યો છે. બંને વિદ્યાધરી મનમાં પ્રેમભાવને ધારણ કરતી, મધુર વચનથી ગજસિંહકુમારને બોલાવવા લાગી. (૫૧)

**हावभाव नारी मन धरिं, अबला वेस नवरंगी करइं ।**
**पहिरणि फाली बाली तणइ, रंग्यो वस्त्र ऊपरिं ओढणइ ॥५२॥**
**उरि कंचूवो कसण बहु कसइं, मयणराउ जाणो तिहां वसइ ।**
**सोवन झाल फलकइ सार, उरि सोहइ अेकावलि हार ॥५३॥**

ઘણાં હાવભાવને કરતી અબળાએ નવરંગી વસ્ત્ર ધારણ કર્યા ઉપર રંગીન ઓઢણી ઓઢી. વળી સ્તન ઉપર કસીને કંચુક પહેર્યો જે જાણે કામદેવને વસવાનો તંબૂ ન હોય ? કાનમાં લટકણીયા પહેર્યા. અને તેઓના હૃદય ઉપર એકાવલી હાર શોભે છે. (૫૨-૫૩)

**[2]नलवट टीलीछइ वाटली, पहिरइ सोवनमइ राखडी भली ।**
**[3]वेणिदंड करइ वासंग नाग, सइथो जिसो मयणनो माग ॥५४॥**

કપાળમાં ગોળ એવું તિલક છે. સુવર્ણની રાખડી હાથમાં બાંધી જાણે વાસુકિ નાગ ના લટકતો હોય ? તેવો વેણીદંડ (ચોટલો) કર્યો અને સેંથો પૂર્યો તે તો જાણે કામદેવને આવવાનો માર્ગ લાગતો હતો. (૫૪)

**बेहू बाहें सोहइ बहिरखा, झलकइ हीरा तिहां नवलखां ।**
**करि चूडी झलकइ रूयडी, आंगुलीयइं झलकइ मुंद्रडी ॥५५॥**

१. सीलसनाह= શીલ રુપી બખ્તર. २. नलवट=કપાળ ३. वेणिदंड=ચોટલો.

બંને બાહુ ઉપર બેરખાં પહેર્યા છે. તેની ઉપર નવલખા હીરા ઝબકી રહ્યાં છે. હાથમાં રૂડી એવી ચૂડી ઝબકારા મારે છે અને આંગળીઓમાં વીંટી ઝળકે છે. (૫૫)

**कटिमेखला पाऊँ नेउरी, जाणें हरिनंदन अंतेवरी ।**

**रूपि रम्भा समवडि होय, जे देखी रंजइ सुरलोय ॥५६॥**

કેડે કંદોરો અને પગમાં ઝાંઝર પહેરેલ છે જાણે કે હરિની પુત્રવધૂ ન હોય ! રંભા જેવી રૂપાળી કે જેને જોઈને દેવો પણ મોહી જાય. (૫૬)

**चंद्रवयणी मृगनयणी जिसी, बेउ भमहि[१] सींगणि[२] होइ तिसी ।**

**नासां सोहइ शुकचंचु समान, अधर रंग प्रवालवान ॥५७॥**

ચંદ્રમુખી(જે ચંદ્ર જેવા મુખવાળી), મૃગલી જેવા નયનોવાળી એવી તેણીની ભ્રમરો ધનુષ્ય જેવી શોભી રહી છે. પોપટની ચાંચ જેવું તેનું નાક છે. પરવાળાનાં રંગ જેવા લાલ તેનાં હોઠ છે. (૫૭)

**दाडिमबीज सरीखा दंत, कमल सरीखा ते नेत्र ज हुंति ।**

**स्तन उत्तंग अंगि पातली, चालें विविह विबुध परि वली ॥५८॥**

દાડમના દાણા જેવા તેનાં દાંત છે. કમલનાં પાંદડા સરખા તેનાં નેત્રો છે. પાતળાં અંગ ઉપર તેનાં ઉત્તુંગ સ્તન શોભે છે. ચાલે ત્યારે તો જાણે આકાશની પરી સરખી શોભી રહી છે. તેની પાતળી કેડ ને વિશાળ જંઘા છે. (૫૮)

**कृसोदरी जंघा सुविसाल, नवल वेस नवरंगी बाल ।**

**पातली चामरिं करिं धरी, कुमरि बोलाव्यो विद्याधरी ॥५९॥**

કુંવરી નવરંગી એવા વેશને ધારણ કરીને, બંને હાથમાં ચામર ધારણ કરીને રહેલી વિદ્યાધરી કુમાર પાસે આવીને તેને બોલાવે છે. (૫૯)

**चतुरपणइ चालइ चमकती, गयगमणी रमणी ते हुती ।**

**मधुर वाणि मुखि भाखिं तेह, नयणबाणि मूकइ तव वेह ॥६०॥**

---

१. भमहि=ભ્રમર. २. सींगणि=ધનુષ્ય.

ચતુરાઈપૂર્વક હાથણીની ચાલે સુંદર રીતે ચાલતી. નયન કટાક્ષને મૂકતી, મધુર વાણીથી તે કુમારને કહેવા લાગી. (૬૦)

**तव मुख बोलइ रंग रसाल, स्वामी आस पूरो सुविसाल ।**
**विद्याधरी सहि तूठी अम्हे, विषयतणा सुख भोगवो तुम्हे ॥६१॥**

કુંવરને કહે છે, ''હે રંગરસીયા સ્વામી ! આજ તો અમારી આશા પૂરો. અમે વિદ્યાધરી તમારી ઉપર તુષ્ટમાન છીએ. તમે હવે વિષયસુખને ભોગવો.'' (૬૧)

**जीवतव्य फल ए संसारि, लही अवसरि भोगवीओ नारि ।**
**जोवनवय [1]तुरणापण सही, लाज म आणों अवसरि लही ॥६२॥**

જ્યારે અવસર આવે ત્યારે સ્ત્રીને ભોગવી લેવી એજ આ સંસારમાં જીવ્યાનું ફળ છે. યૌવન અવસ્થા ને તરુણપણું છે તો અવસર આવ્યે ચૂકશો નહીં, લાજ રાખશો નહીં. (૬૨)

**कुमर न बोलइ वलितुं किसुं, मुनिव्रत आदरीयुं जिसुं ।**
**संवर [2]खेडो( डु ) तिणें करि धरी, पंचइंद्री राख्या वसिं करी ॥६३॥**

પણ આટલા બધા હાવભાવ અને કટાક્ષ છતાં કુંવર મૌનપૂર્વક ત્યાં રહ્યો છે. કશુંય બોલતો નથી. સંવરરૂપી ઢાલ હાથમાં ધારણ કરીને જાણે પાંચે ઈન્દ્રિયને તેને વશ કરી છે. (૬૩)

**॥ दुहा ॥**

**हावभाव बहु प्रेमरस, करइं ते सार शृंगार ।**
**वलतुं नर बोलइ नही, जाणों अछइ गमार ॥६४॥**

આ બાજુ વિદ્યાધરીઓ ખૂબ હાવભાવ કરતી, વાસના ઉત્પન્ન થાય તેવી કામચેષ્ટા કરે છે પણ ગજસિંહકુમાર તો જાણે કોઈ પાગલ માણસ હોય તેમ કંઈ બોલતો નથી. (૬૪)

**ते जाणी विद्याधरी, अंगे लागी बेउ ।**
**लाजह लोपी मन तणी, मयण जगावेइ तेउ ॥६५॥**

१. तुरणापण=તરુણપણું. २. खेडु=ઢાલ.

તોપણ વિદ્યાધરી તેનાં અંગે લાજ લોપીને વળગી જાણે હમણાં એ પુરુષને કામ જાગૃત થાય અને અમારી ઈચ્છા પૂર્ણ થાય તેવા આશયથી વળગી. (૬૫)

**पग तलासइ करि करी, बोलावइं मनरंग ।**
**लाज म आण सनाहला, लेहि उरि हीइउछंग ॥६६॥**

વળી કુંવરનાં પગને પંપાળતી, કુંવરને સ્નેહથી બોલાવવા લાગી. હે સ્નેહી ! શરમ શું રાખો છો ? અમને બાથમાં લઈ અમને ઘણાં દિવસથી ઉત્પન્ન થયેલ કામવાસનાને શાંત કરો. (૬૬)

**विषयबुध अम्ह ऊपनी, संतापी निसदीस ।**
**औषध करो सुजाण प्रिय, पूरो अम्ह जगीस ॥६७॥**

અમારી બુદ્ધિ વિષયવાસનાના દર્દથી પીડાય રહી છે આ દર્દને માટે અમારુ ઔષધ તમે જ કરી શકો તેમ છો માટે અમારી આશા પૂર્ણ કરો. (૬૭)

**जल सुय तस सुय तास सुय[ धूय ], तस रिपु पीडइ देह ।**
**क्रिपा करो म्हां उपरी, पीड निवारो एह ॥६८॥**

સાગરનો પુત્ર ચંદ્ર તેનો પુત્ર શરદઋતુ કાળ તેનો પુત્ર કામદેવ મારા દેહને પીડી રહ્યો છે, કામવાસનાથી બાળી રહ્યો છે તેથી કૃપા કરી અમારી પીડાનું નિવારણ કરો. (૬૮)

**मुंह मांगसि ते पूरसुं, देसुं विद्यासार ।**
**अम्हे बे नारी ताहरी, तूं निहचइ भरतार ॥६९॥**

અમે બંને સ્ત્રીઓ તારી જ છીએ અને નિશ્ચે તું અમારે નાથ છે. તું જે માંગીશ તે સઘળું પૂરું કરીશું, વળી ઉત્તમ એવી વિદ્યા પણ આપશું. (૬૯)

**एम करंतां निस समइ, आवीयो नारीकंत ।**
**[१]प्रंछन्न गति बाहिर रही, [२]प्रीछ्यो सयल वृतंत ॥७०॥**

એમ કરતાં રાત્રિ પસાર થઈ અને પરોઢિયું થતાં વિદ્યાધરીનો સ્વામી આવી પહોંચ્યો અને છૂપી રીતે બહાર રહીને તેને આ સઘળો વૃત્તાંત જાણી લીધો.(૭૦)

---

१. प्रछन्न=છૂપી રીતે. २. प्रीछ्यो=જાણ્યો.

**सयल चरित्र देखी करी, विद्याधर पभणेइ ।**

**जे नर नारी वीसर्से, तेहनूं घर विणसंत ॥७१॥**

આ સઘળું ચરિત્ર જોઈને બહાર રહેલો વિદ્યાધર મનમાં બોલે છે કે, 'જે પુરુષ નારીનો વિશ્વાસ કરે તેનાં ઘરનો નાશ થાય છે.' (૭૧)

**इसी वात जाणी करी, चित्त चमक्या तेह ।**

**साहसीक नर अे भलुं, सील न मूकइ जेह ॥७२॥**

આ તો ખરેખર આશ્ચર્ય છે ! કે વિદ્યાધરીઓની આવી ચેષ્ટા છતાં આ સાહસિક પુરુષ જરા પણ શીલથી ચૂકતો નથી. (૭૨)

**॥ चउपई ॥**

**विद्याधर इम चिंतइ सही, जोवुं हजी प्रछन्नों रही ।**

**अ( ह )जीय वात वीचारये किसी, निरखइ नारीचरित्र मन हसी ॥७३॥**

હજુ પણ હું છાનો રહી આગળ જોઉં તો ખરો કે હજુય આ સ્ત્રીઓ કેવું સ્ત્રીચરિત્ર ભજવશે ? આ તો મનમાં આનંદ ઉત્પન્ન થાય તેવી વાત છે. (૭૩)

**विद्याधरी विविध परि घणी, कला प्रगट मांडइ आपणी ।**

**इम करता नवि दीठउ बंध, कोप चडिउ नारी कामंध ॥७४॥**

વિદ્યાધરીએ પોતાની વિવિધ પ્રકારની નૃત્ય વગેરે કળાને અજમાવી. છતાં કુમારનાં મનને ચલિત કરી શકી નહી તેથી તે કામાંધ સ્ત્રીને ક્રોધ ચઢ્યો. (૭૪)

**सुणिहो नर तूं अछइ अजाण, कह्यो करि अम्ह कइ चूकसि प्राण ।**

**वडीवार अेम कहतां हुई, तउहे वलतूं बोलइ नही ॥७५॥**

તે બોલી ઊઠી કે, 'હે અજાણ પુરુષ ! અમે કોણ છીએ ? તે તને ખબર નહીં હોય. મારું કહ્યું કર, નહીં તો પ્રાણથી જઈશ. ઘણીવાર આમ કહેવા છતાં પણ તે કુમાર વળતો કંઈ પણ જવાબ આપતો નથી. (૭૫)

**ते निसुणी कुमर इम भणइ, पोतइ काम नहीं अम्ह तणइ ।**

**वात कहुं तउ लाजूं सही, कह्या विना पण न सकुं रही ॥७६॥**

જ્યારે બંને સ્ત્રીએ તે કુમારને ક્રોધિત થઈને આ પ્રમાણે વારંવાર કહ્યું,

ત્યારે કુમારે ધીરે રહીને કહ્યું, ખરેખર, તમારું કાર્ય હું કરી શકું તેમ નથી. હું વાત કરતાં પણ લજ્જા પામું છું. છતાંય કહું છું, 'હું નપુંસક છું' તમને કઈ રીતે સંતોષ આપું ? (૭૬)

**विद्याधरी कहइ अम्हे सुजाण, अणहूंतुं उपजावुं माण ।**
**जे नर अन्न निरंतर जमइं, नारिरूप देखी ते भमइं ॥७७॥**

ત્યારે વિદ્યાધરીઓ બોલી ઊઠી 'અમને ખબર તો પડી જ છે કે દાળમાં કંઈક કાળું છે. જે પુરુષ હંમેશા અન્ન જમતો હોય તે વધારે પડતું માન માંગે નહીં અને સ્ત્રીનું રૂપ દેખીને મોહ્યા વિના રહે નહીં. (૭૭)

**नही पुरुषारथ अेहनइं सही, अेह वात पण साची कही ।**
**रूपइ रूयडो मयण सरीस, अेह वात पण जाणइ जगदीस ॥७८॥**

આનામાં કોઈ પુરુષાર્થ દેખાતો નથી તેથી તે કહે છે તે વાત સાચી જ હશે. રૂડો રૂપાળો કામદેવ સરખો દેખાય છે પણ ભગવાન જાણે ! પુરુષ છે કે પવૈયો ? (૭૮)

**च्यारि पुहुर अम्ह अंगे करी, दीधा आलिंगन आघो धरी ।**
**हाव भाव बहु कीधा पछइ, जाणो पाहण अे नर अछइ ॥७९॥**

ચાર પહોર સુધી આપણે એને ચુંબન કરી આલિંગન આપ્યું. ઘણાં હાવભાવ કર્યા છતાં આ પુરુષ તો જાણે પાષાણનું પુતળું છે. આ પ્રમાણે બંને વિદ્યાધરી વાત કરે છે. (૭૯)

**इम करतां नवि लागो मरम, स्त्री रूठी जव भागो भरम ।**
**तव नारी बुंबारव कीयो, चोर चोर कहि बोलावीयो ॥८०॥**

આવું કરવા છતાં પણ તેનું મન ચલિત થતું નથી તેથી તે બંને સ્ત્રીનો ભરમ ભાંગી ગયો અને તે રોષાયમાન થઈને બંને બુંબારવ કરવા લાગી 'ચોર છે ચોર છે' (૮૦)

**धाया लोक न लागी वार, आव्यो ततखिण [१]नगरतलार ।**
**वाज्या काहली वाज्या तूर, मिलिया लोक विगोवा पूर ॥८१॥**

---

१. नगरतलार=કોટવાલ.

ચારે બાજુથી લોકો દોડીને આવ્યાં અને નગરનો કોટવાળ પણ તે જ ક્ષણે આવી પહોંચ્યો. નગરને વગોવવા માટે જાણે ફૂટેલા ઢોલ અને મંજીરા વગાડતા લોકો ભેગાં થયાં. (૮૧)

**घर वीट्यो आवी तिह तणुं, मारि मारि मुख बोलइ घणुं ।**
**तं निसुणी विद्याधर इम भणइ, घाउ म देज्यो सिर अेह तणइं ॥८२॥**

ચારે બાજુથી લોકો 'મારો, મારો'નો કોલાહલ કરતાં તે વિદ્યાધરનાં ઘરને (વીંટી લીધું) ઘેરી વળ્યા. આ બધો કોલાહલ સાંભળીને જે ઘરનો માલિક વિદ્યાધર હતો તે સઘળાંને કહેવા લાગ્યો કે, ''મહેરબાની કરીને કોઈ આનાં મસ્તક ઉપર ઘા કરતાં નહીં.'' (૮૨)

**मंइं प्रीछ्यो छइ सयल सरूप, नही चोर अेह मोटो भूप**
**अे नर साहसवंत सुजाण, अे निरमल जाणे जगि भाण ॥८३॥**

મેં સઘળું સ્વરૂપ છાનાં રહીને જોયું છે. આ ચોર નહીં પણ મોટો રાજા છે. એનાં સાહસપણાથી જ જણાઈ આવે છે કે આ તો નિર્મળ, સૂર્ય જેવો તેજસ્વી અને શૂરવીર છે. (૮૩)

**नारिचरित्र निहचइ सही, मइं जोयुं सब छानांइ रही ।**
**सास्त्रमांहि जे वात ज कही, ते तो कांई खोटी नही ॥८४॥**

મેં સઘળું નારીચરિત્ર છાની રીતે રહીને જોયું. શાસ્ત્રમાં જે સ્ત્રીચરિત્રની વાત કહી છે તે જરાય ખોટી નથી. (૮૪)

**॥ दूहा ॥**

**अंबर [1]वियरय स्त्रिचरिय, कोय न जाणइ भेय[उ] ।**
**साहसीक नर ते भलुं, सील न चूकइ जेह ॥८५॥**

[2][गह चरिअं स्त्री चरीअं, कोई न जाणइ भेउ । साहसीक नर ते भलउ, शील न चूकि जेउ ॥]

આકાશમાં ઊડતા પક્ષીનાં પગલાં અને સ્ત્રીચરિત્રનાં ભેદને કોઈ જાણી શકતું નથી. આ તો સાહસિક ઉત્તમ પુરુષ છે કે જે શીલરૂપી સદાચારને જરાય ચૂક્યો નથી. (૮૫)

---

૧. वियरय=વિહરતા-ઊડતા પક્ષી. ૨. B પ્રત. [गाथा-८७]

**पाय प्रणमी कुमरह तणों, बोलइ बे कर जोडि ।**
**सोनइ साम न लागही, सापुरिस न लागइ खोडि ॥८६॥**

એમ કહેતાં તે વિદ્યાધર બે હાથ જોડીને કુંવરનાં પગમાં પડ્યો. કુંવરની પ્રશંસા કરતા કહે છે કે, 'જેમ સોનાને કાળાશ ન લાગે તેમ સત્પુરુષને ક્યારેય લાંછન લાગતું નથી. (૮૬)

**॥ चउपई ॥**

**तिण गिरि राजा अति बलवंत, नामसु विद्याधर श्रीवंत ।**
**तेणइं मोकलीया जण आपणा, तेडाव्या ते बिन्हें जणा ॥८७॥**

હવે આ બાજુ તે ગિરિ(વૈતાઢ્યગિરિ)નાં રાજાને જાણ થઈ ત્યારે અતિબલવંત એવા વિદ્યાધર **શ્રીવંત**રાજાએ, પોતાનાં માણસો મોકલ્યાં અને ગજસિંહકુમાર તથા વિદ્યાધરને પોતાની પાસે બોલાવ્યાં. (૮૭)

**विद्याधर गजसिंघ कुमार, आवी रायनइं कीध जुहार ।**
**आसण बइसण दीधां मान, आदर सहित दिवार्या पान ॥८८॥**

વિદ્યાધર અને ગજસિંહકુમાર શ્રીધર રાજા પાસે આવ્યાં. ગજસિંહકુમારે શ્રીધર રાજાને પ્રણામ કર્યા ત્યારે રાજાએ પણ તેને ખૂબ સન્માન પૂર્વક આસન ઉપર બેસાડીને આદરસત્કારપૂર્વક પાનબીડા અપાવ્યા. (૮૮ )

[१] **[ वितक वात हूई ते किसी, जाणु तुम्हे कहु हूई जिसी ।**
**कुमर भणइ स्वांमी अवधारि, कर्म न छूटइ को संसारि ॥**
વીતેલી વાત શું બની તે તમે જાણો સંસારમાં કર્મ કોઈને છોડતું નથી આ પ્રમાણે કુમારે કહ્યું ]

**क्रम [ कर्म ] उदय ए आव्युं सही, वात कहिवा तउ जुगती नही ।**
**देखी रूप लावन तेह तणो, श्रीधर राजा हरख्यो घणुं ॥८९॥**

વિદ્યાધર રાજાએ ગજસિંહકુમારને કહ્યું કે, ''અમારા નગરમાં ન બનવા યોગ્ય બની ગયું અને તમારાં કર્મનો ઉદય. ત્યારપછી વિદ્યાધરે રાજા શ્રીધરને કહ્યું કે, ખરેખર આ રૂપવંતકુમાર ખૂબ ગુણવાન છે. શ્રીધર રાજા પણ આ સાંભળીને ઘણાં હર્ષિત થયાં. (૮૯)

---

૧. ગાથા B પ્રતની છે.

**नेहभर थयुं वलतुं एम भणइ, पुत्री दोइ अछ्इ अम्ह तणइं ।**
**ते तुम्ह परणों करीय पसाय, असूं वचन कहइ श्रीधर राय ॥९०॥**

અને શ્રીધર રાજા સ્નેહપૂર્વક ગજસિંહકુમારને કહેવા લાગ્યાં કે, ‘‘મારે પણ સુંદર એવી બે પુત્રી છે તો કૃપા કરીને તમે તેની સાથે પાણિગ્રહણ કરો.’’ (૯૦)

**कुमर भणइ सांभलो नरेस, नाम ठाम नवि जाणो नवेस ।**
**कुल सरूप अजाण्या परवइ, परणइ परणावइ ते झंखइ ॥९१॥**

ત્યારે કુમારે પણ કહ્યું કે, ‘‘હે રાજન્ ! નામ, ઠામ, નિવાસ, કુળ, સ્વભાવથી અજાણ્યાને જો પરણાવશો તો પાછળથી પસ્તાવો થશે.’’ (૯૧)

**राय भणइ तूं अतिहि सुजाण, आभइ छायो किम रहइ भाण ।**
**रूप लखण गुण त(ते )जइ करी, मइं जाणी सवि ताहरी चरी ॥९२॥**

ત્યારે રાજા પણ કહે છે કે, ‘તું ઘણો હોંશિયાર છે. શું છાબડે ઢાંક્યો સૂરજ છાનો રહે ?’ અરે ! આકાશમાં વાદળની છાયા છવાઈ જાય તો પણ સૂર્ય અજાણ રહેતો નથી. તેમ તારાં રૂપ, લક્ષણ, ગુણ અને તેજે કરીને તારી સઘળી ચેષ્ટાથી તારાં સ્વરૂપને મેં બરાબર જાણી લીધું. (૯૨)

**लीओ लगन गोधूलिक सार, नरनारी मन हरख अपार ।**
**राजलोक मन हरख्यो सहू, घरि घरि उछ्व करई बहू ॥९३॥**

ગોધૂલિક લગ્ન સમયે બંને કન્યાને ગજસિંહકુમાર પરણ્યો. ઘરે ઘરે ઓચ્છવ મંડાયા અને રાજલોક હર્ષિત થયો. ગજસિંહકુમાર અને બંને કન્યાનાં આનંદનો કોઈ પાર નથી. (૯૩)

**॥ ढाल-विवाहलानी ॥**

**दोय कन्या सिणगारीयो ए, विवाह उछ्व कारीयो ए ।**
**गीत धवल गाअे अति घणा ए, तिहां थाट मिला सजन तणा ए ॥९४॥**

લગ્ન સમયે (વિવાહ ઉત્સવ સમયે) સાજન-માજન અને ઘણા સજ્જન લોકો એકઠાં થયાં. ધવલમંગલ ગીતો ગવાવા લાગ્યાં અને બંને કન્યાને શણગારવામાં આવી. (૯૪)

**नारीओ [ लाडीअ ] रूपिं रूवडी ए, करि [1]खलकइ कंचन चूडली ए ।**
**सयंवर मण्डप रूवडो ए, वरवारुय बेसइ लहुयडो ए ॥९५॥**

સ્વરૂપવાન એવી કન્યાઓને સોનાની રણકાર કરતી એવી ચૂડી પહેરાવવામાં આવી. સુંદર પવિત્ર એવા લગ્નમંડપ નીચે વર-વધૂને બેસાડવામાં આવ્યાં. (૯૫)

**लग्न समिं जब आवीयो ए, विप्र समय वरतावीयो ए ।**
**[2]हथलेवो मेली करी ए, गजसिंघ नारी दोय वरी ए ॥९६॥**

જ્યારે લગ્નનું મુહૂર્ત નજીક આવ્યું ત્યારે બ્રાહ્મણે લગ્ન સમય જણાવવા માટે ‘વર કન્યા સાવધાન’ એવા શબ્દોચ્ચાર કરીને હસ્તમેળાપ કરાવ્યો. એ રીતે ગજસિંહકુમારે બંને કન્યા સાથે પાણિગ્રહણ કર્યું. (૯૬)

**मनरंगि सहु इम भणइ ए, सुख संपत्ति होज्यो इह तणइ ए ।**
**पूरव भव तप बहु करया ए, कइ न्याय निहचल मन धरी ए ॥९७॥**

આનંદમાં આવીને સઘળા લોકો બોલવા લાગ્યાં. આ વરકન્યા ઘણા સુખ સંપન્ન થજો. સદાય સંપત્તિની રેલમછેલ હોજો. પૂર્વભવમાં ઘણાં તપ કર્યાં હશે. ન્યાયનીતિ અને મનથી હંમેશા નિશ્ચલ રહ્યાં હશે. (૯૭)

**भाव करी जिन पूजीया ए, मनसुध जिन धरम आराधीया ए ।**
**जीवदया पाली खरी ए, जिनवाणीय निहचल मन धरी ए ॥९८॥**

**वर लाधो सुमन करी ए, कवि नेम कहई आणंद धरी ए ।**
**[ इम कहिउ सयल वृतांत ए, तिणि पांम्यउ सुख अणंत ए ] ॥९९॥**

ભાવથી જિનેશ્વરદેવની પૂજા કરી હશે. જિનેશ્વર પ્રભુએ કહેલાં ધર્મને મનની શુદ્ધિપૂર્વક આરાધ્યો હશે. ઘણી એવી જીવદયા પાળી હશે. આ રીતે જિનેશ્વરની વાણીને નિશ્ચલ મનથી હૈયામાં ધારણ કરી હશે. તેથી કરીને આવું સુંદર વરકન્યાનું જોડું પ્રાપ્ત થયું. **કવિ નેમિકુંજર** કહે છે કે જે આ રીતે જિનેશ્વરદેવનાં ધર્મને આરાધે છે **તેનાં ઘેર આનંદ જ હોય.** (૯૮)

---

૧. **खलकइ**=રણકાર. ૨. **हथलेवो**=હસ્તમેળાપ.

॥ वस्तु ॥

**मनहरंगि मनहरंगि हूवो विवाह ।**
**सयल जन संतोषीया, नयर लोक सहु इम बोलइ ।**
**कन्या वर लाधो भलुं, नहीय रूप कोय अेह तोतइ ।**
**पूरव भव पुन्यें करी, पाम्या सुख संसारि ।**
**बेहु खण्ड पूरा हूवा, ते परणी तिण नारि ॥९९॥**

સહુનાં મનને આનંદ આપનાર વિવાહ ઉત્સવ પૂર્ણ થયો. સઘળાં લોકો હજુ તેનો આસ્વાદ લેતાં બોલી રહ્યા છે કે, રાજાએ બધાંને ખૂબ સંતોષ્યા. ખરેખર વરકન્યાનું રૂપ કોઈની તોલે આવે તેમ નથી. કોઈ પૂર્વભવનાં પુન્ય હોય તો આ સંસારમાં આવી સુખસંપત્તિ પામે. આ રીતે ગજસિંહકુમાર એ સ્ત્રીઓને પરણ્યો. અહીં બીજો ખંડ પૂર્ણ થયો. (૯૯)

**च्यारि खण्ड बुधि बहु कही, अेतलइ दो खंड पूरा थइ ।**
**संघ तणी जउ अनुमति लहइ, कथा खिणंतर तउ कवि कहइ ॥१००॥**

બુદ્ધિએ કરીને ચાર ખંડ જે કહેવાનાં છે તેમાંથી બે ખંડ અહીં પૂર્ણ થયાં. કવિ કહે છે કે, ક્ષણ વિરામ લઈ, સંઘની અનુમતિ હશે ત્યારે આગળ બે ખંડ કહીશું. (૧૦૦)

**॥ इति श्रीगजसिंघचरित्र द्वितीयखण्ड सम्पूर्ण ॥**

## ખંડ-૩

**हिवइ ते परणी दोइ विद्याधरी, मयणवती मयणमंजरी ।**
**देखी वर-कन्यानों रूप, मन हरखे विद्याधर भूप ॥१॥**

હવે ગજસિંહકુમાર બે વિદ્યાધર કન્યાની સાથે પરણીને વિવિધ પ્રકારનાં સુખોને ભોગવતો રહેલો છે. સુંદર એવી વર-કન્યાની જોડીને જોઈને વિદ્યાધર રાજાનું હૈયુ પણ હર્ષિત થયું. (૧)

**सीलें सुख संपति होइ पूर, सीले दुरगति नासइ दूर ।**
**सीलें सुर-नर सानिध करइ, सीलें सुरगति नर संचरइ ॥२॥**

કહ્યું છે કે, શીલથી સુખ સંપત્તિ પ્રાપ્ત થાય છે. શિયળનાં પ્રભાવે દુર્ગતિ દૂર થાય છે. શિયળનાં પ્રભાવે દેવ અને મનુષ્યનું સાંનિધ્ય મળે છે. વળી શિયળનાં પ્રભાવે મનુષ્ય અવશ્ય દેવગતિમાં જાય છે. (૨)

**सील प्रभावइं विघन सवि टलई, राखस-भूत-प्रेत नवि [१]छलई ।**
**[२][ सील तणों महिमा ए होय, गजसिंघ कुमर तणी परि जोय ॥३॥ ]**

શીલના પ્રભાવથી સર્વ વિઘ્નો ટળે છે, વળી રાક્ષસ, ભૂત, પ્રેત છળી (પીડી) શકતું નથી આવો શીલનો મહિમા હોવાથી ગજસિંહ કુમારની જેમ સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે. (૩)

**कुमर प्रति विद्याधर कहई, सुख भोगवो तूं अम घरि रहइ ।**
**राजरुद्धिनी नही कांई मणा, मांगी लेजो देस आपणा ॥४॥**

હવે આ બાજુ વિદ્યાધર ગજસિંહકુમારને કહે છે કે, આપણાં ઘરે રહીને તમે સુખ ભોગવો. આ ઘર તમારું જ છે જે જોઈએ તે માંગીને લેવું. આ રાજ્યમાં કોઈ ધન, ધાન્યની ખામી નથી. (૪)

---

૧. छलई=પીડા-દુખ. ૨. પુસ્તકમાં જ્યાં જ્યાં ચોરસ [ ] કૌસ છે તે પાઠ B. પ્રતનો છે.

**वलतु कुमर इणि परि कहई, पूरव विरह नीतु अम्ह मनि दहइ ।**

**पहिली नारि मइं परिणी च्यारि, मूकी सूती वनह मझारि ॥५॥**

ત્યારે વળતાં કુમારે પણ કહ્યું કે, તમે કહ્યું તે સત્ય છે પણ પૂર્વે જે સ્ત્રીઓને મૂકીને આવ્યો છું. તે સ્ત્રીઓનો વિરહ મારાં તનને દઝાડી રહ્યો છે. પહેલાં જે ચાર કન્યાને હું પરણ્યો હતો મારું અપહરણ થયું તે કારણે તેને વનમાં સૂતી મૂકીને અહીં આવવાનું થયું છે. (૫)

**विद्याधरीअे आण्यो अपहरी, पछइ न जाणुं पूरव चरी ।**

**सूध जोइ आव्युं जेतलइं, तुम्हें बेंटी राखो तेतलइ ॥६॥**

વિદ્યાધરીએ મારું અપહરણ કર્યા પછી તેનું (ચારેનું) શું થયું તે હું જાણતો નથી તેથી તે ચારેની શોધ કરવી મારે જરૂરી છે. જ્યાં સુધી તેઓની શોધ કરીને આવું ત્યાં સુધી તમારી પુત્રીઓને અહીંયા રાખજો. (૬)

**बीजी वात सघली सोहिली, स्त्रीना पग-बंधण दोहिली ।**

**तिण कारणि हूं तुम्हनइं कहूं, सूध[१] जांण्या विण हूं किम रहुं ॥७॥**

કારણ કે મુસાફરીમાં સ્ત્રીનું સાથે હોવું તે પગબંધન છે. બીજી કોઈ વાતનો રસ્તો નીકળે પણ સ્ત્રીને એકલ મૂકાય નહીં. તે કારણે કહું છું કે, 'તમારી પુત્રી અહીંયા રહે અને હું શોધ કરી સમાચાર લઈને આવું.' (૭)

**राउ भणइ देस-देसांतरी करी, जोर्सें देस-वदेस फिरी ।**

**नारीनों दोहिलो संघात, अेम जाणीनइं मानी वात ॥८॥**

ત્યારે રાજાએ પણ કહ્યું કે, તમારી વાત સાચી છે. દેશ-વિદેશ ફરવું પડે ત્યારે સ્ત્રી બંધનરૂપ થાય માટે તમારી વાતને હું સ્વીકારું છું અને મારી કન્યાને હું અહીં રાખીશ. (૮)

**दीधी विद्या सारी दोय, अंजन करे न पेखइ कोय ।**

**आगासगामिनी बीजी दीध, राय जमाइनइं हित कीध ॥९॥**

વળી તમને હું બે વિદ્યા આપું છું તે સ્વીકારો. તે તમારા હિતને માટે થશે. એક અંજન છે તેનાથી તમે અદશ્ય થઈ શકશો અને બીજી જે

---

૧. सूध=સમાચાર.

આકાશગામિની વિદ્યા છે તેનાથી આકાશમાં ગમન કરી શકશો. આમ કહી હેતપૂર્વક જમાઈને બે વિદ્યા આપી. (૯)

**त्रिहुं मास ऊपरि दिन सात, हुं आविस जोई सवि वात ।**
**करीय मनावी चाल्यो वीर, मन चिंतइ ते साहस-धीर ॥१०॥**

ગજસિંહકુમારે તે બે વિદ્યાને ગ્રહણ કરી અને વળી ગજસિંહકુમારે વળતું કહ્યું કે, ''હું ત્રણ માસ અને સાત દિવસ સુધીમાં સઘળી જગ્યાએ ફરીને આવી જઈશ. આ રીતે રાજાને મનાવીને તે શૂરવીરતાપૂર્વક ચાલ્યો.'' (૧૦)

**जिहांथी लीधो विद्याधरी, पहिलु जोयो ते सवि फिरी ।**
**विद्यातणइ प्रभावें करी, आव्यो ततखिण तिहां संचरी ॥११॥**

સાહસિક ગજસિંહકુમાર વિચારે છે કે, 'જ્યાં આગળ હું કન્યાને સૂતેલી મૂકીને આવ્યો છું અને વિદ્યાધરીઓએ જ્યાંથી મારું અપહરણ કર્યું હતું ત્યાં જ પહેલાં શોધ કરું તે પ્રમાણે વિચારીને, વિદ્યાનાં બળે કરીને તે તત્ક્ષણ આકાશમાં ઊડ્યો. (૧૧)

**॥ दूहा ॥**

**अंबर ऊडी आवीयो, निरखइ ते वन मांहि ।**
**तिण वड-तलि आवी करी, कुमर दहो दिस चाहि ॥१२॥**

અને જે વનમાંથી તેનું અપહરણ થયું હતું તે જ વનમાં તે આવી પહોંચ્યો. જે વડવૃક્ષની નીચે તે વિશ્રામ માટે રહેલાં ત્યાં આવીને ગજસિંહકુમારે ચારે દિશામાં સ્ત્રીઓની શોધ કરી. (૧૨)

**नारि नारि जंपइ इसु, साद करइ सुविसाल ।**
**उलंभा देवइ देवर्नि, जोवइं वन गिरिमाल ॥१३॥**

ક્યાંય સ્ત્રીઓ દેખાઈ નહીં એટલે 'હે પ્રિયા ! હે પ્રિયા ! એ પ્રમાણે જોરજોરથી અવાજ કરતાં વનમાં ચારે તરફ ફરે છે અને વિધાતાને ઓલંભો દે છે કે, મને આવો સંયોગ કરાવીને શા માટે વિયોગ કરાવ્યો ? (૧૩)

**दिवस गयो रयणी थइ, सोधतां ते नारि ।**
**अेक असंभम वातडी, दीठी वनह मझारि ॥१४॥**

આમ સ્ત્રીની શોધ કરતાં કરતાં આખો દિવસ પૂરો થયો અને રાત્રિ શરૂ થઈ ત્યારે એક અસંભવ એવું દશ્ય તે વનમાં તે ગજસિંહ કુમારનાં જોવામાં આવ્યું. (૧૪)

**राति अंधारी अेकलुं, संचल हूवो ताम ।**

**अेक नारि आक्रंदती, जंपइ अरिहंत नाम ॥१५॥**

કે એક તરફથી આવી અંધારી રાતમાં કંઈક સંચાર થઈ રહ્યો છે આક્રંદ કરતી એક સ્ત્રીનો અવાજ આવી રહ્યો છે. આક્રંદ કરતી તે અરિહંત અરિહંત એવું મુખેથી બોલી રહી છે. (૧૫)

**जनम जनम जिनवर सरण, मुख विलवलइ अपार ।**

**सबद सुणीनइं कुंवरिइ, सज कीया हथियार ॥१६॥**

'જન્મોજન્મ મને અરિહંતનું શરણ હોજો' એવું મુખથી વારંવાર તે સ્ત્રી વલોપાત કરી રહી છે. આવા શબ્દો સાંભળીને ગજસિંહકુમારે હાથમાં રહેલું હથિયાર તૈયાર કર્યું. (૧૬)

**गईवर मुख नारी पडी, [१]साही भइकड जंत, ।**

**नवि मारइ मेल्हइ नही, कुमरिं ते पेखंत ॥१७॥**

અને કુમારે જોયું તો એક હાથીની સૂંઢમાં તે સ્ત્રી દાંત વચ્ચે ફસાયેલી છે. હાથી તેને મારતો ય નથી અને મૂકતો પણ નથી. (૧૭)

**॥ पधडी छंद ॥**

**तव धायो धसमसंत वीर, कर करवाल करंती धीर ।**

**मुख हाकइ थाकई नही लगार, जाणे परि सिंघह अपार ॥१८॥**

ત્યારે ગજસિંહકુમાર પણ હાથમાં તલવારને ધારણ કરી ધીરજપૂર્વક તેની સામે ધસ્યો અને મુખથી હાકોટા કરતા હાથીને પરાક્રમથી પોતાના તરફ વળ્યો. (૧૮)

**करि मोडइ मुं( पूं )छ विसाल-वाल, रातडा नयण कीधा विकराल ।**

**[२]ऊधसइ [धसइ] जिम संड मत्त, वग्घह परि उगमाइं तिलत्त(?) ॥१९॥**

---

१. B પ્રત. [सही तिणि कडी यन्ति ।] २. ऊधसइ=રોમાંચિત.

હાથીને ફેરવીને તેનાં પૂંછડાને વાળ્યું ત્યારે હાથીએ પણ ઉન્મત્ત થઈને માતેલા સાંઢની જેમ વિકરાળ એવી આંખોને લાલ કરી વાઘની જેમ કુમારનો વધ કરવા માટે તે જ ક્ષણે વેગથી તેની તરફ ધસ્યો. (૧૯)

**बोलाव्यो गयवर तेणि वेगि, ए नारि छोडि मुझ केडी लगि ।**
**ते सुणीय वयण मेंल्हीय बाल, थयुं कुमर केडि देयंति फाल ॥२०॥**

કુંવરે હાથીને લલકાર્યો અને કહ્યું. આ કેડમાંથી પકડેલી સ્ત્રીને તું છોડી મૂક. ત્યારે કુંવરનાં વચન સાંભળીએ હાથીએ તે બાળાને મૂકી દીધી અને ફાળ ભરીને કુમાર તરફ દોડ્યો. (૨૦)

**सुंड उलालइ त्राडइ भिडइ तेउ, वनमांहि झुझ करइ ते बेउ ।**
**ते हणीयो गयवर खग-प्रहारि, जीवंती मेल्हाविय नारि ॥२१॥**

અને મુખેથી અવાજ કરતો, સૂંઢ ઉલાળતો કુંવરને પકડવા દોડ્યો. ત્યારે કુમારે પણ તે હાથીને ગોળગોળ ફેરવ્યો. આ રીતે કુંવર અને હાથીનું યુધ્ધ જામ્યું અને લાગ જોઈને કુંવરે હાથીને ખડ્ગથી હણ્યો અને તે સ્ત્રીને જીવતી છોડાવી અર્થાત્ હાથીથી બચાવી. (૨૧)

**॥ चउपइ ॥**

**गयवर हणी मेल्हावी बाल, पूछइ कुंवर वात विसाल ।**
**सि कारणि वन माहे पडी, केणी परि गयवर-मुख चडी ॥२२॥**

આ રીતે તે હાથીએ સૂંઢમાં પકડેલી બાળાને ગજસિંહકુમારે છોડાવી અને પૂછ્યું કે, કયા કારણથી તું આ વનમાં આવી ચડી ? અને હાથીનાં મુખમાં પડી ? શું વાત છે જે હોય તે કહે. (૨૨)

**नारि भणइ ए कारण सुणो, श्रीपुर नयर छइ अम्हतणो ।**
**श्रीचंदराय अम्हारुं तात, सीलवती नामि मुझ मात ॥२३॥**

ત્યારે તે કન્યા પણ બોલી કે, **શ્રીપુર** નામનું અમારું નગર છે. તે નગરનાં **શ્રીચંદ્રરાજા** મારા પિતા છે. મારી માતાનું નામ **શીલવતી** છે. (૨૩)

**तसु बेटी हूं अछो कुमारि, करम-उदय आव्या तेणि वारि ।**
**मुझ माता बालापणि मुई, हूं मंत्रईनइ वसि हुई ॥२४॥**

તેની હું કન્યા છું. મારાં કોઈ પૂર્વકૃત કર્મ ઉદયમાં આવ્યા કે મારી માતા બાળપણમાં મરી. અને માટે મંત્રીનાં વશમાં રહેવું પડ્યું. (૨૪)

**मुझसु द्वेष धरइ ते घणुं, हुं पणि नाम न लिउं तिह तणुं ।**
**मुझ अवगुण अहिनिस उचरई, झूठी वात राउ आगलि करई ॥२५॥**

એ મારી ઉપર ઘણો દ્વેષ કરતો હતો અને હું પણ તેનું નામ ક્યરેય લેતી નહીં છતાંય તે હંમેશા મારાં અવગુણ જોયાં કરતો અને જૂઠી વાતો કરી કરીને રાજાની કાનભંભેરણી કર્યા કરતો. (૨૫)

**कूडी आल मुझनइ तिण दीध, राउ भंभेरीनइ वसि कीधं ।**
**मंत्रेईय हुं गाढी नडी, भरी दुःख सरोवरमांहि पडी ॥२६॥**

આ રીતે કાનભંભેરણી કરીને એકવાર મારી ઉપર ખોટું આળ મૂક્યું. એ મંત્રીનું જૂઠું આળ મારાથી સહન થયું નહીં અને દુઃખથી ભરેલા હૈયે મેં સરોવરમાં ઝંપાપાત કર્યો. (૨૬)

**सरोवरमांहि गयवर अछइ, पडतां तेणि साही हुं पछइ ।**
**बीजा गयवर धाया जाम, मुखी साहीनइ नाठो ताम ॥२७॥**

તે સરોવરમાં ઘણાં હાથી હતાં જે સ્નાન કરતા હતાં. ત્યારે હું હાથીની પાછળથી સરોવરમાં પડી ત્યારે બીજા હાથી ભાગી ગયાં પણ આ હાથીએ મને સૂંઢમાં પકડી અને ભાગ્યો. (૨૭)

**मइं समरुं श्री जिनवर देव, तउ लाधी सही तुम्हारी सेव ।**
**मुझनइ दीधुं जीवतदान, तुम्हे सही पुरुषमांहि प्रधान ॥२८॥**

જ્યારે મેં જિનેશ્વર ભગવાનનું સ્મરણ શરૂ કર્યું ત્યારે તમારી સહાય મને મળી અને તમે મને જીવિતદાન આપ્યું તેથી ખરેખર તમે પુરુષોમાં પ્રધાનપુરુષ છો. (૨૮)

**हिव सही तुम्ह मुझनइं वरो, आस अम्हारी पूरी करो ।**
**जनम जनम तुम्हारि पाय, अवर पुरुष माहरि भाय ॥२९॥**

હવે મહેરબાની કરીને તમે મને વરો અને અમારી આશા પૂર્ણ કરો. હું જન્મોજન્મ તમારી દાસી છું. બીજા પુરુષોને તો હું મારાં ભાઈ સરખા માનું છું. (૨૯)

**मानी वयण रमणी ते वरी, तेहनुं नाम मयणमंजरी ।**
**साखी थया चंद्रनइ सूर, वरिय नारि तिण आणंदपूर ॥३०॥**

તે કન્યાનાં વચનને માન્ય કરીને ગજસિંહકુમારે તે **મદનમંજરી** નામની કુંવરી સાથે પાણિગ્રહણ કર્યું. આનંદપૂર્વક વિવાહ કરતાં ચંદ્ર અને સૂર્ય તેનાં સાક્ષી થયાં. (૩૦)

**हिव ते निसुणो स्त्रीनी वात, जे हुंती मंत्रेई मात ।**
**तेणे राय आगलि वात ज कही, स्वामी कुमरि नीकली गई ॥३१॥**

હવે તે સ્ત્રીની વાત સાંભળો. કે જે મંત્રીની માતા છે તેણીએ **શ્રીચંદ્ર** રાજા આગળ આવીને કાનભંભેરણી શરૂ કરી કે, 'હે સ્વામી ! કુંવરીબા નાશી ગયાં.' (૩૧)

**तुम्हनइ वात हुं कहती जेह, इणि कीधी छइं साची तेह ।**
**लेई पुरुष गई नीकली, लाज अणावी कुलनइ वली ॥३२॥**

તમને અમે કહેતાં હતાં કે, કુંવરીબા 'કાચા પગનાં છે' તે વાત આજે સાચી ઠરી. તે કોઈ પુરુષ સાથે ભાગી ગયેલ છે તેથી કુળની લાજેય તેણે લોપી. કોઈ મર્યાદા રાખી નહીં. (૩૨)

**ते निसुणीनइ कोप्यो राउ, कोणि कीधुं एवडुं अन्याय ।**
**चंचल चडउ ततखिण वली, स्त्री केडइ बाहर नीकली ॥३३॥**

**बाज्या ढोल नफेरी जाम, सुभट सर्वे सज हूवा ताम ।**
**पाखरीया घमघमइं तोखार, चाल्या जोवा कारण बहार ॥३४॥**

તે સાંભળી રાજા એકદમ કોપાયમાન થયાં કે તેવો કોણ છે કે જેને મારી કુંવરીને ભગાડવાનો અન્યાય કર્યો ? એમ ક્રોધથી ધમધમતા તે જ ક્ષણે ઘોડા ઉપર ચઢીને શ્રીપુર નગરમાંથી બહાર નીકળ્યા. ત્યારે ચારે બાજુ ઢોલ-નગારા

વાગવા લાગ્યાં અને તે અવાજથી સુભટો-સૈન્ય સજ્જ થયું. પવનવેગી ઘોડા ઉપર ચઢીને કુંવરીની શોધ કરવા આખું સૈન્ય ચાલ્યું. (૩૩-૩૪)

**जोवइ वन ते दह दिस फिरी, नर साथि दीठी कुंवरी ।**

**जण साहवा कारण धाईया, कुमर आवंता बोलावीया ॥३५॥**

વનમાં દશે દિશામાં ફરતાં એક પુરુષ સાથે કુંવરી જોવામાં આવી ત્યારે ઘણાં બધા માણસો તે તરફ જવા લાગ્યા. ગજસિંહકુમારે પણ બધાને આવકાર્યા કે પધારો ! પધારો ! (૩૫)

**जण जंपइ कुमर अजाण, आज सही तूं चूकसि प्राण ।**

**गजसिंघ कुमर ते प्रीछी वात, आव्यो अेह नारि तणो तात ॥३६॥**

ત્યારે જનસમુદાય બોલી ઊઠ્યો કે, ''હે કુમાર ! તું અજાણ છે પણ હમણાં જ આજે તારાં પ્રાણ જાશે'' જ્યારે આ પ્રમાણે ગજસિંહકુમારે સાંભળ્યું ત્યારે વિચાર્યું કે નક્કી તેણીનો બાપ સૈન્ય લઈને આવ્યો છે. (૩૬)

**मुझ कन्हे विद्या छइ वडी, सिधपुरुष आपी जे जडी ।**

**मुझसिउ जउ अे जपइ आज, तउ तेह राख्यानुं केहो काज ॥३७॥**

કંઈ વાંધો નહીં. મને પણ સિદ્ધપુરુષે જે જડીબુટ્ટી આપી છે તે અને મારી પાસે વિદ્યાધરે આપેલ વિદ્યા છે તેનો ઉપયોગ આ અવસરે હું કરીશ, એને રાખી મૂકીને શું કરવાનું ? (૩૭)

**ते ऊषधीनइ करी प्रणाम, झुझ कारणि सज थयुं ते ताम ।**

**करि लीधुं कुंवरे करवाल, पूठइ राखी अबला बाल ॥३८॥**

કુંવરે પણ તે ઔષધિને પ્રણામ કરી ઔષધિ સાથે લીધી અને યુદ્ધ કરવા માટે તે હવે સજ્જ થયો. હાથમાં તલવાર લીધી અને સ્ત્રીને પોતાની પાછળ રાખી, સામે ચાલ્યો. (૩૮)

**राय हकार्या जण आपणा, झूझ कारणि सज्ज हूवा घणा ।**

**हाक देईनइ साम्हा थाय, किहां जायसि रे रूठो राय ॥३९॥**

રાજાએ પણ તે કુંવરની સામે યુધ્ધ માટે પોતાનાં સૈન્યને લલકાર્યું ત્યારે તે સૈન્યનાં ઘણાં માણસો પણ હાકોટા કરતાં કુંવર સામે જઈને કહેવા લાગ્યા કે, ''રાજા આજે હવે તારી ઉપર રૂઠ્યા છે ક્યાં જઈશ હવે ?'' એમ કહેતાં સૈન્યે કુંવરને ઘેરી લીધો. (૩૯)

**कुमरि भणइ निसुण रे राय, सूतो सींह जगाव्यो आय ।**
**ताहरा दलनुं काढुं मूल, उडाडुं जिम आकह तूल ॥४०॥**

ત્યારે ગજસિંહકુમાર પણ કહે છે કે, ''હે રાજન્ ! સૂતા સિંહને જગાડ્યો છે તો આવો તમારું સૈન્યનું મૂળીયું હમણાં આંકડાનાં રૂની જેમ ઉડાડી દઉં છું.'' (૪૦)

**॥ छंद ॥**

**जयसिंघ-राय-कुल-कमल-दिणेसर, उगम लगइ सदा अलवेसर ।**
**भुज-बलि भिडतां किमइं न भजइ, साहसीक इक नामह छजइ ॥४१॥**

હવે ગજસિંહકુમાર, જયસિંહ રાજાનાં કુળરૂપી કમળને વિકસિત કરવામાં સૂર્ય સરખો, ગમે તેવા બાહુબળીયા સાથે બાથ ભીડતા ડરે નહીં એવો સાહસિક (૪૧)

**जयवंतउ भड भडवा लगो, चउपट मल्ल चउसाल ।**
**तव धायो [१]धूंबड धसमस करतुं, कर लीधुं करवाल ।**
**निय तेजइ दीपइ रणि न छिप्पइ, वाणी [२]गुहिर रसाल ।**
**[३]महीमंडल [४]मंडइ कुमर महाभड, मोडइ मुंछ विसाल ॥४२॥**

ચારે બાજુ મલ્લ જેવા રહેલાં સૈન્યની સાથે યુદ્ધ કરતા જય પામવા લાગ્યો. ત્યારે હાથમાં તલવાર લઈને ઘૂમતુ ઉગ્ર જુલ્મી સૈન્ય સામે થયું ત્યારે સિંહ જેવો ગંભીર અવાજ કરતો કુમાર પણ રણસંગ્રામમાં થાક્યા વિના પોતાનાં તેજથી દીપવા લાગ્યો અને વિશાળ એવી મૂછોને મરડતો મહાભડવીર તે કુમાર પૃથ્વીમંડળને શોભાવવા લાગ્યો. (૪૨)

---

૧. धूंबड=જંગલી, જુલમી. ૨. गुहिर=ગંભીર. ૩. महीमंडल=પૃથ્વી મંડળ. ૪. मंडइ=શોભા.

**एक नयणे डारइ एक निवारइ, एक हांक्या सवि दूरि ।**
**एक तेजइ नासइ तिमर विणासइं, जिम ऊगमति सूरि ।**
**एक कायर कंपइ [१]दीणह जंपइ, छीपइ तेहना वीर ।**
**इम झुझ करंतां सडसड सूडइ, कुमर साहसधीर ॥४३॥**

કુંવર એકને નયનથી ડરાવે છે તો એકને હાથથી વારે છે અને એક હાકોટો કરે ત્યારે કેટલાય ભાગી જાય છે. જેમ એક સૂરજ ઊગતા તેનાં એક કિરણથી અંધકાર નાશ પામે તેમ કુમારને જોવા માત્રથી કોઈ કાયર કંપવા લાગ્યો. તો કોઈ દીન થઈને બોલવા લાગ્યો કે, ''હે વીર ! મને છૂપાવી દો'' એમ યુદ્ધ કરતાં ધૈર્યવંત સાહસિક કુમાર ઝટાઝટ બધાંને ઝૂડવા લાગ્યો (એ રીતે) સૈન્યને દૂર ભગાડવા લાગ્યો. (૪૩)

**जे पग धरंतां कर सरमंतां जे [२]कुंतिहि झुंझंति ।**
**जि किम्हेइ न चूकइ [३]तीन दिस भव कइ धीरह [४]तुष धरंति ।**
**जे गयवर मारइ काढइ, काढी रहइ जे बतक हुंते [५]च्यारि ।**
**ते सघला नाठा कुमरि नवि दीठा सवि नासी गया पारि ॥४४॥**

કેટલાંક યોદ્ધા યુદ્ધમાં હાથને બદલે પગથી તીર મારતાં હતાં. અને ભાલા હાથમાં લઈ ઝઝૂમતાં હતાં છતાંય કુંવર એકેય દિશાનાં નિશાનને ચૂકતો નથી અર્થાત્ કુંવર બરાબર સામનો કરે છે. આ જોઈને કેટલાંક ધીરપુરુષો તો દાંતમાં ઘાસનું તણખલું લઈ શરણ સ્વીકારવા આવ્યાં. વળી કેટલાંક યોદ્ધાઓ તો એક હાથે હાથીને મારીને તેનાં કુંભસ્થળમાંથી નીકળતા મોતીને ઝીલીને, રથમાં જડેલ હંસ (બતક)નાં મુખમાં મોતીનો ચારો (બીજા હાથથી) ચરાવવા લાગ્યાં. આવા શૂરવીરો પણ કુંવરને જોઈને એવા નાશી ગયાં કે (દેશપાર થઈ ગયાં હોય તેમ) ક્યાંય જોવામાં ય ન આવ્યાં. (૪૪)

**इम झूझ करंतां रण रमंतां नवि लगि हथियार ।**
**तें महिमा निसुणो ऊषध केरो पुनइ करइ जयकार ।**

---

१. दीणह=दीन-गरीब २. कुंतिहि=ભાલો. ३. तीन दिस=તે દિશા. ४. तुष=તૃણ-ઘાસ. ५. च्यारि=ચારો-મોતીચારો.

**तउ राय दीठा जण सवि नाठा ऊठो हाकी तेउ ।**
**हिव अंगोअंगइ झूझ करण सज हूवा ते बेउ ॥४५॥**

આ રીતે યુદ્ધ કરતાં કુમારને ઔષધિના કારણે હથિયારની ઈજા થતી નથી. જ્યારે **શ્રીચંદ્ર** રાજાએ જોયું કે સર્વ સૈન્ય ભાગી ગયું છે ત્યારે તે પોતે યુદ્ધ કરવા માટે ઊઠ્યા. ત્યાં કુંવરને જોઈને (અંગો-અંગ ભેટી) હાથો-હાથથી યુદ્ધ કરવા લાગ્યા. (૪૫)

**॥ छपद ॥**

**झूझह कारइ ते बेउ रणह रोस चडिया ।**
**अंगहि लगिसु घण घण भिडीया ॥**
**[१]जीतु ततखिण राउ रण करतु [ झुझतु ]भग्गु ।**
**पेखी अचरिज [ आवइ ] [२]जीमाता पाय लग्गु ॥**
**भणइ राउ कर जोडी करी कहो वछ कारणि किसुं ।**
**अणजाणतां अम्ह झूझ मांडुं जिसुं होइ बोलइ छइ तिसुं ॥४६॥**

રણભૂમિમાં ક્રોધથી ધમધમતા જાણે બંને મલ્લકુસ્તી કરતાં હોય તેમ લડી રહ્યાં છે. બંને બાથ ભીડીને લડતા કુંવરે તે જ ક્ષણે રાજાને જીતી લીધો. સૈન્ય તો નાશી ગયું છે. જમાઈનો આ રીતનો ચમત્કાર જોઈ રાજા તેને પગે પડ્યો. અને હાથ જોડીને કહે છે, ''વત્સ ! અહીં આવવાનું શું કારણ છે ? કુંવરી તમારી પાસે ક્યાંથી ?'' અમે અજાણપણાથી યુદ્ધ માંડ્યું પણ હકીકત જે હોય તે કહો. (૪૬)

**॥ चउपई ॥**

**कर जोडी राजा इम भणइ, हूवो जमाइ ए अम्हतणइं ।**
**कारण बात कहो तुम्ह आज, कां ईम आणो माहरी लाज ॥४७॥**

બે હાથ જોડીને શ્રીચંદ્રરાજા ગજસિંહકુંવરને કહી રહ્યાં છે કે, ''તમે તો અમારાં જમાઈ થયાં છો. તમે અમારી શરમ શા માટે રાખો છો ? જે કંઈ કારણ હોય તે વિના સંકોચે કહી બતાવો.'' (૪૭)

**तउ वलतुं कुंमर बोलंति, तुम्ह बेटी पूछो अेकंति ।**
**सुणी वात राजा मन धरी, कहों वछ ए पूरव चरित्र ॥४८॥**

---

१. जीतु=જીત્યુ-મેળવ્યું. २. जीमाता=જમાઈ.

ત્યારે કુંવર પણ પ્રત્યુત્તર આપે છે કે, " હે રાજન્ ! તમારી દીકરીને એકાંતમાં જઈ પૂછો. રાજાએ પણ કુંવરની વાત સાંભળીને **મદનમંજરી** પાસે જઈને પૂછ્યું કે, "બેટા ! આગળ શું બન્યું હતું તે કહે." (૪૮)

**स्त्री जंपइ हिव निसुणो वात, हूं दुहवेई मंत्रेई मात ।**
**जिण कारणि सरोवरमांहि पडी, पडतां गइंवरनइ मुखि चडी ॥४९॥**

ત્યારે તે કન્યા બોલી, 'હે પિતાજી ! ખરેખર મંત્રીની માની કાન ભંભેરણીથી હું ખુબ દુઃખી થઈ હતી. તેથી દુઃખથી ભરેલી હું સરોવરમાં પડી. અને પડતાં જ હાથીએ મને સૂંઢમાં પકડી. (૪૯)

**मुखि साही वनमांहि पहूत, मइं आक्रंद कर्या तव बहुत, ।**
**हूं छोडावी गइंवर पास, सुणो पिताजी ए साची वात ॥५०॥**

અને તે ગજવર મને મુખમાં લઈને ગાઢ વનમાં પહોંચ્યો ત્યાં અરિહંત અરિહંત નામ જપતાં ઘણા એવા આક્રંદ ને હું કરતી હતી ત્યારે તે સાંભળીને કુમારે મને આ હાથીથી છોડાવી. હે પિતાજી ! જે સાચી હકીકત હતી તે મેં જણાવી. (૫૦)

**तं निसुणी सव प्रीछी वात, मनमांहि अति हरख्यो तात ।**
**जिह कटक पहिलुं खलभलुं, ततखिण आवीनइं सहु मिलुं ॥५१॥**

ત્યારે તેણીની વાત જાણીને રાજા પણ મનની અંદર આનંદિત થયાં કે ખરેખર મારી દીકરી એ કુળની મર્યાદા લોપી નથી. યુદ્ધ કરતાં જે સૈન્ય નાશી ગયું હતું તે ક્ષણે ત્યાં પાછુ એકઠું થયું. (૫૧)

**कुमर प्रतिं इम बोलइ राय, नयर पधारो करीय पसाय ।**
**चंचल चपल तुरंगम चडी, वन माहिथी कटक ऊपडी ॥५२॥**

ત્યારે હવે ગજસિંહકુમારને રાજાએ કહ્યું કે, 'નગરમાં પધારવાની કૃપા કરો એમ કહીને કુંવરને મૂલ્યવાન અશ્વ આપ્યો. તે ઉપર બેસીને કુંવર સહિત રાજા નગર તરફ ચાલ્યા. (૫૨)

**नगर भणी ते चाल्युं तेह, ओणि प्रस्तावि वूठो मेह ।**
**नयनला सवि पूरइ वहिं, ते कटक आवी तिह रहि ॥५३॥**

જ્યારે નગર તરફ રાજા જઈ રહ્યા છે ત્યારે તે સમયે ખૂબ વરસાદ વરસ્યો. નદી-નાળા વગેરે પાણીથી પૂરાઈ ગયાં ત્યારે સૈન્ય કાંઠે આવીને રહ્યું. (૫૩)

**नदी महागिरि पूरइ वहइ, तेहनुं पाट घणी दूर रहइ ।**

**कांठि कटक आव्या जिसइ, अचरिज वात इक दीठी तिसइ ।।५४।।**

નદીમાં મોટું પૂર આવ્યું છે અને નગર હજુ દૂર છે, જ્યાં સુધી પૂર ઓસરે નહીં ત્યાં સુધી સામે કાંઠે જવાય તેવું નથી તેથી આખુ સૈન્ય ત્યાં નદીકિનારે રહેલું છે. ત્યાં એક આશ્ચર્ય બન્યું તે જુઓ. (૫૪)

**[१]रघवलगी तिहां कन्या दोय, पूरमांहि ताणीछइ सोय ।**

**मुखि बुंबारव करइ अपार, धीर वीर को करइ अम्ह सार ।।५५।।**

તે પૂરની અંદર બે કન્યા તણાઈ રહી છે. તે રડી રહી છે અને બુમાબુમ કરી રહી છે કે ‘મને કોઈ બચાવો ! કોઈ બચાવો ! હે કોઈ વીરપુરુષ સાહસિક અમને બચાવો. (૫૫)

**कुमरतणी दृष्टि ते पडी, ततखिण धायुं दडवडी ।**

**[२]जडी प्रभावे पइठो पूर, जलनइं न बीहतुं सूर ।।५६।।**

આ અવાજ સાંભળીને કુંવરની દૃષ્ટિ તે કન્યાઓ ઉપર પડી અને તે જ ક્ષણે દડબડ દડબડ દોડીને કુંવરે નદીમાં ઝંપલાવ્યું. જડીબુટ્ટીનાં પ્રભાવથી કુંવરને કોઈ પૂરની અસર થઈ નહીં. માટે તે સાહસિકને હું ડૂબીશ તેવો ભય પણ નથી. (૫૬)

**महापूर कुमर ते तरी, स्त्री वाहरि तिण साची करी ।**

**नदी मांहिथीं काढी तेउ, जीवती ते लीधी बेउ ।।५७।।**

તેથી ભયંકર પૂરમાં પણ તરીને બંને કન્યાઓને તેને બચાવી લીધી અને જીવતી જ તે બંનેને નદીમાંથી બહાર કાઢી. (૫૭)

**राजा चिंतइ मनमांहि इसुं, सूर रुप आव्यो ए किसुं ।**

**जिणें एकला कटक निरजणी, वली वात ए कीधी घणी ।।५८।।**

---

૧. रघवलगी=રડવા લાગી. ૨. जडी=જડીબુટ્ટી-ઔષધી.

રાજા તો મનમાં આ પ્રમાણે વિચારી રહ્યાં છે કે દેવરૂપે અહીંયા આ કોણ આવ્યો છે કે જેને એકલાં હાથે જ સૈન્યને દૂર કર્યું ! અને આવા પૂરમાંથી આ કન્યાઓને પણ બચાવી. (૫૮)

**राइ पूछी ततखिण नारि, किम ताणी तुमे पूर मझारि ।**
**दोय सरीखी रूपि रुवडी, नवि परणीवइ जुयलडी ॥५९॥**

શ્રીચંદ્રરાજાએ તે કન્યાઓની પાસે જઈને પૂછ્યું અરે ! તમે આ પૂરમાં કઈ રીતે તણાયાં ? રંગેરૂપે બંને સરખી દેખાઓ છો વળી યુવાન છો. બંને પરણેલી છો કે કુંવારી ! (૫૯)

**स्त्री भणइ निसुणो वृतंत, दसरथ नयर अमाहरुं हुंत ।**
**छइ नंदीदास विवहारी तेह, अम्ह पितानुं नाम ज एह ॥६०॥**

ત્યારે તે કન્યાઓ પણ બોલી કે, ''અમારું વૃત્તાંત સાંભળો. **દશરથપુર** અમારું નગર છે. તે નગરમાં **નંદીદાસ** નામે વેપારી રહે છે. તે અમારાં પિતા છે. (૬૦)

**पापबुध ते तिहां छइ राय, तिणि मांड्यो मोटो अन्याय ।**
**को परदेसी नारी च्यारि, वलिं आवी ते नयर मझारि ॥६१॥**

ત્યાંનો રાજા ખૂબ પાપી છે. તેની બુદ્ધિ બગડી ગઈ છે. તેથી તેને ઘણો મોટો અન્યાય કર્યો છે. કોઈક પરદેશી ચાર સ્ત્રીઓ નગરમાં આવેલી. (૬૧)

**पापबुध ते राये धरी, च्यारे नारि लीधी अपहरी ।**
**लेइं अंतेउरमाहि पहूत, हाहाकार थयुं तिहां बहुत ॥६२॥**

તે પાપિષ્ઠ રાજાએ ચારે સ્ત્રીઓનું અપહરણ કરાવીને પોતાનાં અંતઃપુરમાં ઘાલી છે. તેનાં એ પાપે કરીને આ નગરમાં ઘણો હાહાકાર થઈ ગયો છે. (૬૨)

**तिहां महाजन छोडावा गयुं, तउ राजा साम्हो कोपीयुं ।**
**रूडी सीख दीयइ तसु जेह, साम्हा अन्याई कीजइ तेह ॥६३॥**

જ્યારે મહાજન તે સ્ત્રીઓને છોડાવવા ગયું ત્યારે રાજા સામેથી વધારે કોપાયમાન થયો. તેને જે સારી શિખામણ આપે તેનું જ તે ભૂંડું કરે તેવો છે.(૬૩)

**तउ महाजन बुध बहु धरी, अवर नगर अधूआरुं करी ।**
**माणस सवे वस्तु लेई गया, आपण पई छडा घर रह्या ॥६४॥**

જ્યારે મહાજને ઘણું સમજાવ્યા છતાં તે રાજાએ કશું કાને ધર્યું નહીં ત્યારે આ નગર છોડીને બીજે જવાનો વિચાર કર્યો. મહાજનની આજ્ઞાથી સર્વે લોકો ઘરની સામગ્રી લઈને નીકળી ગયાં. ઘર ખાલી પડ્યાં રહ્યાં. (૬૪)

**अम्हो अम्ह तात बुलावी जाम, भाई सार्थि आव्यो ताम ।**
**रथि बइसारी चाल्यो वीर, पुहुता श्रीपुर नयर गंभीर ॥६५॥**

અમારા પિતાએ પણ અમને રથમાં બેસાડીને ત્યાંથી બોલાવી, ભાઈ સાથે હતો. ચાલતાં ચાલતાં અમે **શ્રીપુર** નગરમાં આવી પહોંચ્યા. (૬૫)

**नदी उपकंठ अम्हो ऊतरी, जमवा तणी सजाई करी ।**
**कांठि मूकी गयो अम्ह भाय, अन्नह कारण नयरमांहि जाय ॥६६॥**

શ્રીપુરનગર આગળ જે નદી વહે છે ત્યાં અમે ઉતર્યા. ભોજન માટેની તૈયારી કરી. અમારો ભાઈ અમને નદીકાંઠે મૂકીને અનાજ વગેરે લેવા માટે નગરમાં ગયો. (૬૬)

**आवी तव नयर जल-पूर, लोक सवे नासी गया दूर ।**
**रथ सहित अम्हे जले आफलुं, आज सही मनवंछित फलुं ॥६७॥**

તે જ સમયે તે નગરની નદીમાં પૂર આવ્યું. પૂર આવતાં સઘળા લોકો નાશી ગયાં. પૂરનું પાણી અફળાતા રથ સહિત અમે અહીં તણાઈ આવ્યાં. ખરેખર અમારાં ભાગ્યથી અમારાં મનોવાંછિત ફળીભૂત થયાં છે. (૬૭)

**इणि पुरुषें अम्ह कीधी सार, अम्हनइं भवभव एह भरतार ।**
**पूरव पुन्य करी ओ मिल्यो, भाग आंब अम्ह हृदय फल्यो ॥६८॥**

આ પુરૂષે આવા સમયે અમારી સાર-સંભાળ કરી, અમારાં કોઈ પૂર્વકૃત પુન્યથી જ તે આવી મળયો છે. અમારાં ભાગ્યથી આજે અમારાં ભાગ્યરૂપી આંબો ફળીભૂત થયો છે. ભવોભવ મારો આ જ સ્વામી થજો. (૬૮)

**॥ वस्तु छन्द ॥**

**राय चितइ राय चिंतइ मनह मझारि सार जमाई पामीयो**
**सत रूप तणों तेज सोहइ, पूरव भव करी पुनि[1] आज अम्ह**
**घरि अेह जई कुमर भणइ राजा प्रति स्वामी वयणे अवधारी,**
**दसरथ नयर जोई करी छोडावुं ते नारि. ॥६९॥**

રાજા તો મનમાં ચિંતન કરે છે કે, અહોહો ! સૂર્ય જેવો તેજસ્વી જમાઈ હું પામ્યો ! પૂર્વભવમાં એવા કોઈ પુણ્ય કર્યા હશે કે જેથી આજે મને આ જમાઈરાજ મળયાં. હવે જયારે પૂર ઓસરી ગયું અને સર્વ ઘરે પહોંચ્યા ત્યારે એકવાર ગજસિંહકુમાર રાજાને કહે છે કે, હે સ્વામી ! મારી એક વિનંતી સાંભળો. મારી એવી ઈચ્છા છે કે દશરથપુર નગરમાં જઈને પેલી સ્ત્રીઓને હું છોડાવું. (૬૯)

**॥ चउपई ॥**

**नदी पूर उपसमुं जेतलइ, स्त्रीभाई आव्युं तेतलइ ।**
**कुमरतणा चरण प्रणमेउ, कहइ वात कर जोडी बेउ ॥७०॥**

હવે આ બાજુ જેટલામાં નદીનું પૂર ઉતર્યું તેટલામાં બંને કન્યાના ભાઈ ત્યાં આવી પહોંચ્યાં. કુંવરનાં ચરણમાં પ્રણામ કરીને, બે હાથ જોડીને કહેવા લાગ્યો. (૭૦)

**ए बिन्हे नारी तुम्ह वरो, साला बहिनेवी सगपण करो ।**
**उच्छव लगन लीयो तिण वारि, एतलइ परणी ते बिन्हे नारी ॥७१॥**

મારી આ બંને બહેનોને વરો અને આપણા બંને વચ્ચે સાળા-બનેવીનો સંબંધ કરો. મનમાં ઉત્સાહથી ત્યાં આગળ મુહૂર્ત જોવામાં આવ્યું અને ગજસિંહકુમાર બંને કન્યાને પરણ્યો. (૭૧)

**ततखिण कुमर कटक मेलंति, आणंदपुर कागल मेल्हंति ।**
**सेन्य लेई साला आवीया, गय पाखरी तुरी सज्ज कीया ॥७२॥**

---

१. पुनि=પુણ્ય.

ત્યારપછી કુંવરે સૈન્ય એકઠું કર્યું અને પોતાના સાળાને પણ કાગળ લખીને બોલાવ્યો તે પણ સૈન્ય લઈ સજ્જ થયો. (૭૨)

**लेई कटक कुमर चालीयो, श्रीचंद राजा सार्थे थयो ।**
**राजा राणा तेडाव्या बहू, कटक मेल्या तिण अवसरि सहू ।।७३।।**

જ્યારે હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરે સૈન્ય લઈને ગજસિંહકુંવર ચાલ્યાં ત્યારે **શ્રીચંદ્ર**રાજા પણ સાથે હતાં. બીજા પણ ઘણા રાજા-રાણાને તેડાવ્યા. તેઓ પણ પોતાનાં સૈન્યને લઈને આવી મળ્યાં. (૭૩)

**ढमढम बाजइ ढोल असंख, उँ उँ मंगल बाजइ संख ।**
**रिरि सरणाई बाजंइ तूर, मिल्या सुभट गहिगहिया सूर ।।७४।।**

ઢમઢમ ઢોલ વાગવા લાગ્યા. શંખનાં ॐ ॐ એવા મંગલ અવાજ થવા લાગ્યા. શરણાઈનાં સૂર રિરિ એવો અવાજ કરે છે. શૂરવીર એવા સુભટો આ રીતે વાજિંત્ર સાથે ચાલવા લાગ્યા. (૭૪)

**गामि गामि आवइं भेटणा, दान मान तसु दीजइं घणा ।**
**देसमांहि दिवरावी धीर, पुहुतो दसरथपुर गंभीर ।।७५।।**

ગામોગામથી કુંવરને ભેટણા આવવા લાગ્યા. કુંવર પણ ઘણાંને દાન અને માન આપતો આગળ જાય છે. ઘણાં દેશમાં આજ્ઞા મનાવતો તે દશરથપુર નગરમાં પહોંચ્યો. (૭૫)

**दीठो नगर चिहुं दिस फिरी, रह्यो कटक तिह कहु करी ।**
**पापबुध ते राइं सुणी, दल वीटी सीख दीधी घणी ।।७६।।**

ચારે બાજુથી નગરને જોયું અને પછી ચારે બાજુ સૈન્યને ગોઠવી દીધું અને નગરને ઘેરી લીધું. પાપબુદ્ધિ રાજાને આ પ્રમાણે કહેવડાવવામાં આવ્યું કે ચારે કન્યાને છોડી દો, નહીંતર યુદ્ધ માટે તૈયાર થાવ. (૭૬)

**गयवर हयवर तुरिय पाखरया, अंग रंगाउलि सज करया ।**
**चालो पापबुध सामिही, हय गय पायक संख्या नहि ।।७७।।**

ગજવર, રથ, પાખરેલાં ઘોડા, અંગરક્ષકો વગેરેને સજ્જ કરી પાપબુદ્ધિ સામો ચાલ્યો. ઘોડા, હાથી, પાયદળ સંખ્યાનો તો કોઈ પાર નથી. (૭૭)

**जिमें तुरंगम दीधुं पाय, तउ आडी ऊतरी [१]बिलाय ।**

**हाथ लीया हथियार जाम, साहमी छींकं हुई ते ताम ॥७८॥**

પાપબુદ્ધિએ યુદ્ધ માટે ઘોડાએ ચઢી પ્રયાણ કર્યું ત્યારે બિલાડી આડી ઉતરી અને જ્યારે હાથમાં હથિયાર લીધાં ત્યારે સામી છીંક થઈ. (૭૮)

**कटक लई ते सांचर्यो, तिम कागे कोलाहल कर्यो ।**

**डाबी भयरव तउ कलकली, धूंधाती छाणी तसु मिली ॥७९॥**

વળી સૈન્ય લઈને નીકળ્યો ત્યારે કાગડાએ કોલાહલ કર્યો. ડાબી ભૈરવ કલકલ અવાજ કરવા લાગી અને ધૂણીવાળાં સળગતા છાણાં સામા મળ્યાં. (૭૯)

**जमणी [२]देव( वी ) टहूको करइ, नागराज आडो ऊतरइ ।**

**अेक भणइ अे मरसे आज, अेक भणइ अे जास्ये राज ॥८०॥**

જમણી બાજુ દેવચકલીએ ટહૂકો કર્યો, અને નાગરાજ આડો ઉતર્યો. આવા અપશુકન જોઈ એક જણ કહે છે કે, આજ આ રાજા મરશે ત્યારે બીજો વળી કહે છે કે આનું રાજય જશે અર્થાત્ હારીને પાછો આવશે. (૮૦)

**पापी जई सही किमे न थाय, भय भंगाणां पडीया नाय ।**

**अपसुकन चालीयो राय अबूझ, पोलें आवी मांड्यो झूझ ॥८१॥**

પાપીનો જય ક્યારેય થતો નથી છતાંય અપશુકનને ગણકાર્યા વિના આ અજ્ઞાની અન્યાયી એવો રાજા જઈ રહ્યો છે. લોકો આ રીતે બોલે છે છતાં તેને અવગણીને પાપબુદ્ધિ રાજા પોળનાં દરવાજે જઈ પહોંચ્યો. (૮૧)

**बिहूं दले मिलावो हूवो, सुभट झूझवा माग्यो दूउ ।**

**परदल भडवा[ तां ] जे भाजस्यइ, तेहनों ठाकुर सही लाजस्यइ ॥८२॥**

---

१. बिलाय=બિલાડી. २. देव( वी )=દેવચકલી.

બંને સૈન્ય ત્યાં મળ્યા અને ઝઝૂમવા લાગ્યા. જે શત્રુસૈન્યને ભાંગવામાં આવશે તેનો નાયક લાજશે. (૮૨)

**हिवइ बिउना दल चडीआ वली, भारि भोम थई आकुली ।**
**कांसला परि ते आफल्या, इसा सूभट रणमांहि मिल्या ॥८३॥**

**हयवर गयवर जुडीया अपार, हथियारइ लागइ हथियार ।**
**घोडो घोडासिउ भिडइ, पायक पायकसिउ भिडइ ॥८४॥**

હવે બંનેનાં સૈન્યની શ્રેણી લડવા માટે ગોઠવાઈ ગઈ ત્યારે ભૂમિ ભારે થઈ, આકુળવ્યાકુળ થઈ. ભાલા સામસામે અથડાવા લાગ્યાં. રણમાં શૂરવીરોનાં બાણો છૂટવા લાગ્યાં.

હાથીની સામે હાથી અને ઘોડાની સામે ઘોડા ગોઠવાઈ ગયાં. સામ સામા એકબીજાનાં હથિયાર ટકરાવા લાગ્યાં. પાયદળની સામે પાયદળ ભીડાયું. (૮૩-૮૪)

**रथसिउ रथ जुडइ अपार, इणि परि झूझ होइ उदार ।**
**उड्या लोह जाइ एक कोस, झूझरइ राउत पूरइ रोस ॥८५॥**

રથની સામે રથ જોડાયાં અને પરસ્પર આ બંનેનાં સૈન્ય ઉદારતાથી યુદ્ધ કરવા લાગ્યા. એક કોશ સુધી લોહીની શેરો ઉડવા લાગી ત્યારે રાજા પણ ઘણાં રોષથી ઝઝૂમવા લાગ્યા. (૮૫)

**कायर त्रासि सुरुं धसइ, रण पेखी ते साम्हो हसइ ।**
**बांधी बाण तणी गठडी, रवि किर मूकुं तिण आवरी ॥८६॥**

કાયર હતાં તે નાસી ગયાં, રણ શૂરવીર હતાં તે તો સામે ગયા અને યુદ્ધ કરતા હસવા લાગ્યાં. ઘણા એવા બાણનું ભાથુ બાંધીને બાણાવલીઓ રાડ પાડી પાડીને બાણો તેમાંથી છોડવા લાગ્યાં સૂર્ય કિરણોને ઢાંકી દીધા. (૮૬)

**खांडा झलकई बीजली जिसीं, सुहड तणा मन तेणें उल्हसीं ।**
**तेजी तुरी नवि साह्य रहे, परदल देखी ते गहगहे ॥८७॥**

સામસામી તલવારો તો વીજળીની જેમ ચમકવા લાગી અને સુભટોના મનમાં ઉલ્લાસને વધારવા લાગી. તેજવંત એવા ઘોડાઓ તો ઝાલ્યા ય રહેતાં નથી. શત્રુસૈન્ય દેખીને તે હેષારવ કરતાં સામા ધસ્યા. (૮૭)

**रुधिरपूर रथ ताण्या जाय, सिर तूटइ धड धसमस थाय ।**
**[१] [ एक पडइं एक आखडइं बहु, आकुल व्याकुल हूआ सहू ] ॥८८॥**

એટલું બધું લોહીનું પૂર વહ્યું કે તેમાં રથો તણાવા લાગ્યાં. માથા હેઠા પડતાં ધડ ધસમસ કરતાં લડી રહ્યાં છે. લડતાં લડતાં એકબીજા અથડાતા પછડાતા સહુ આકુળ વ્યાકુળ થઇ રહ્યાં છે. (૮૮)

**दोय पहुर इम हूवो संग्राम, पापबुध राय हार्यो ताम ।**
**भागुं कटक दहदिसे जाय, जीवंतु ते साह्यो राय ॥ ८९॥**

બે પ્રહર સુધી આ રણસંગ્રામ ચાલ્યો અને પાપબુદ્ધિ હાર્યો. રાજાનું સૈન્ય તો દશે દિશામાં નાસી ગયું અને પાપબુદ્ધિ રાજા જીવતો જ પકડાઈ ગયો. (૮૯)

**पाछइ करि[२] बांध्यो ते वली, नाठो कटक दहुं दिस वली ।**
**रण जय कुमर लगी पामीउ, तउ पापी राय बोलावीयो ॥ ९०॥**

પાપબુદ્ધિ રાજાનું સૈન્ય દશે દિશામાં ભાગી રહ્યું છે, ત્યારે પાપબુદ્ધિ રાજા જીવતો જ પકડાઈ ગયો છે તેના હાથનાં પાછળ બાંધી દીધા. (૯૦)

**कुमर भणइ रे पापी राय, तइं कीधो मोटो अन्याय ।**
**कीया कर्म ते लागा आज, जय जीवंतइ गयुं तुझ राज ॥९१॥**

પણ પાપબુદ્ધિ રાજાને જ્યારે ગજસિંહકુમાર પાસે લાવવામાં આવ્યો ત્યારે કુમારે કહ્યું, ''હે પાપી રાજા ! તે ઘણો મોટો અન્યાય કરીને પાપ બાંધ્યું છે. કરેલાં કર્મો આજે તારાં ઉદયમાં આવ્યાં છે. જેથી તમારા જીવતાં જ તમારું રાજ્ય ચાલ્યું ગયું છે. (૯૧)

**सुणी वयण ते नासी गयुं, कुमर नगर मांहि आवीयुं ।**
**नगर लोक आणंद्या बहु, भेट लेइनइ आव्या सहु ॥९२॥**

---

૧. ચોરસ [ ] કૌંસમાં આપેલ ગાથાની એક કડી B. પ્રતમાં છે. ૨. **करि**=હાથી.

આ પ્રમાણે સાંભળીને પાપી રાજા ત્યાંથી નાશી ગયો અને કુંવર નગરમાં આવ્યો. નગરનાં લોકો ઘણાં હર્ષિત થયાં અને ભેટણાં લઈને ગજસિંહકુમાર પાસે આવવા લાગ્યા. (૯૨)

**सासनदेवीअे हरख मन धरी, कुमर वधावई आवी करी ।**
**बोलावी ते नारी च्यारि, हिव आव्यो छइ तुमह दुःख पार ॥९३॥**

શાસનદેવી પણ મનમાં હર્ષિત થઈ અને કુમારને વધામણું કરવા આવ્યાં. હવે શાસન દેવીએ ચારે સ્ત્રીઓને કહ્યું કે, ‘‘તમારાં દુઃખનો પાર આવી ગયો છે. (૯૩)

**मास दीस आण्यो तुम्ह कंत, सुणी वयण ते मन हरखंति ।**
**पापी राजा एणें क्षय कीयो, गजसिंघ राजा मन हरखीयो ॥९४॥**

આજે એક માસે તમને તમારો પતિ મળ્યો છે, આ પ્રમાણે સાંભળીને તે પણ મનમાં આનંદિત થઈ. આ રીતે પાપબુદ્ધિ રાંજાનો નાશ કરીને ગજસિંહરાય મનમાં હર્ષ પામ્યો. (૯૪)

**तुम्ह भरतारें राज पामीयुं, पुनइं करी मेलावु कीधुं ।**
**पूछइ नारीतणो वृतंत, जे ऊपनीथी मन महि भ्रांति ॥९५॥**

વળી ચારે સ્ત્રીઓને કહે છે કે, ‘‘તમારાં ભર્તારે રાજ્ય મેળવ્યું અને પુણ્યે કરીને તમારો પણ મેળાપ થયો.’’ હવે ચારે સ્ત્રીઓને કુંવર પૂછે છે તમારાં ચારેનો જે વૃત્તાંત હોય તે કહો, જેથી મારાં મનનો ભ્રમ ભાંગે. (૯૫)

**तउ नारी पभणइ सिरनामि, सील अखंडित अम्हे छुं स्वामी ।**
**सासनदेवी कीधी सार, अम्ह आप्यो एकावलि हार ॥९६॥**

ત્યારે તે સ્ત્રીઓ પણ બોલી કે, ‘‘હે સ્વામીનાથ ! અમારું શીલ અખંડિત છે.’’ શાસનદેવીએ અમારી ઘણી સંભાળ લીધી અને અમને એકાવલી હાર આપ્યો છે (૯૬)

**जे नर कुदृष्टि जोवइ रही, ते नर अंधो थाओ सही ।**
**सुणी वयण सय हरखीउ कुमार, नगर मांहि हूवो जयकार ॥९७॥**

હારના પ્રભાવે જે પુરુષ ખરાબ દૃષ્ટિથી જુએ તે નિશ્ચે આંધળો થઈ જાય. આ સાંભળીને ગજસિંહકુમાર ખૂબ આનંદિત થયો અને નગરમાં પણ તેનો ખૂબ જયજયકાર વર્ત્યો. (૯૭)

**पुन्य करी ए पाम्यो राज, पुन्यें सीधा सघला काज ।**
**पुण्यें सुर-नर सानिध करइ, पुण्यें नर भवसायर तरइ ॥९८॥**

પુણ્ય પ્રભાવે તે રાજ્ય પામ્યો અને તેનાં સઘળા કાર્યો સિદ્ધ થયાં. કહ્યું છે કે, પુણ્ય હોય તો દેવ પણ મનુષ્યનું સાંનિધ્ય કરે છે. પુણ્યથી મનુષ્ય ભવસાગર તરે છે. (૯૮)

**दसरथ नयर हूवो उछाह, राज करइ तिहां गजसिंघ राय ।**
**सात नारि सिउं सुख भोगवइ, नमिकुंजर कवि एम कहइ ॥९९॥**

દશરથપુર નગરમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો છે. જ્યાં આગળ ગજસિંહ રાજા રાજ્ય કરે છે. સાત નારીની સાથે સુખ ભોગવે છે. આ પ્રમાણે કવિ નેમિકુંજર કહે છે. (૯૯)

**च्यारि खंड बुध बहु करीं, एतलई नवनारि तिण वरी ।**
**संघ तणी जउ अनुमति लहइ, कथा खिणंतर कवियण कहइ ॥१००॥**

**નેમિકુંજર** કવિ કહે છે કે, ‘‘ચાર ખંડની રચના કરવાની છે, તેમાં નવ નારીને પરણ્યા ત્યાં સુધીનો વૃત્તાંત કહ્યો હવે સંઘની અનુમતિ લઈને ક્ષણ વિરામ કરી આગળ કથા કહીશું. (૧૦૦)

**॥ इति श्रीगजसिंघरास तृतीयखण्ड सम्पूर्ण ॥**

## ખંડ ૪

### ॥ वस्तु छन्द ॥

राउ गजसिंघ राउ गजसिंघ मनह चिंतेइ ।
विद्याधरी आवुं लई अवधि कहीनइ मेलीय ।
राज भलाव्युं मंत्रनइं ताम कुमर बहु रंगि चालीय ।
मास दीह मांहि आविसुं कह्यो प्रधाननइ भेउ ।
गिरि वैताढ विद्याधरी हूं लेई आवुं तेह ॥१॥

હવે ગજસિંહરાજા મનમાં વિચારે છે કે, સમયની અવધિ કરીને જે વિદ્યાધરીને મૂકીને આવ્યો છું તેને લઈ આવું. પછી મંત્રીને બોલાવી રાજ્ય તેને ભળાવીને કહ્યું કે, 'હું એક માસમાં પાછો આવું છું. ગિરિવૈતાઢ્ય ઉપર બે વિદ્યાધરીને હું મૂકીને આવ્યો છું તેને લઈ આવું. આ પ્રમાણે ગજસિંહકુમારે ચાલવાની તૈયારી કરી. (૧)

### ॥ चउपई ॥

राज भलाव्युं मंत्री पासि, चलिउ कुमर मनह उल्हासि ।
विद्यातणइ प्रभावें करी, गिरि वइताढ भणी संचरी ॥२॥

મંત્રીને રાજ્ય ભળાવીને ખૂબ ઉલ્લાસપૂર્વક ચાલ્યો. વિદ્યાનાં પ્રભાવે કરીને ગિરિવૈતાઢ્ય તરફ જઈ રહ્યો છે. (૨)

गिरि पासइ छइ प्रवर प्रासाद, सुरगिरिशुं ते मांडइ वाद ।
दंड कलस धजा लहलहइ, तोरण मंडप अति गहगहइ ॥३॥

તે વૈતાઢ્યગિરિ બાજુ શ્રેષ્ઠ ઊંચો એવો એક પ્રાસાદ છે તે જાણે મેરુ પર્વતની સાથે વાદ ન કરતો હોય ? તેવો શોભી રહ્યો છે. તેના શિખર ઉપર દંડ અને ધજા રહેલી છે તથા સુવર્ણ કળશ શોભી રહ્યો છે, તે પ્રાસાદ તોરણ મંડપથી વધારે શોભી રહ્યો છે. (૩)

**तिण भवने आव्यु कुमार, दीठो [1]जख अनोपम सार ।**

**धूतारा बईठा तेह मांहि, तिण बोलाव्युं कुमर उछाहि ॥४॥**

તે ભવનની અંદર જ્યારે કુંવરે પ્રવેશ કર્યો ત્યારે તેને સુંદર એવી એક યક્ષ પ્રતિમા જોઇ. તેનાં રંગમંડપમાં ધૂતારા બેઠેલા છે, તે ધૂતારાએ ઉત્સાહથી આનંદિત થઈને કુમારને બોલાવ્યો. (૪)

**मान दीअे ते नर अति घणुं, आसण दीधुं तव आपणुं ।**

**विण सगपण मुख जंपइ भाय, घणें दिवस अम्ह कीध पसाय ॥५॥**

તે માણસો કુંવરને ખૂબ માન આપે છે. બેસવા માટે આસન આપ્યું. કોઈ પ્રકારનું સગપણ ન હોવા છતાં બોલવા લાગ્યાં કે, ''ભાઈ ! તે તો ઘણા દિવસે અમારાં ઉપર કૃપા કરી.'' (૫)

**च्यारि धूरत बइठा तेउ, कुमर न जाणइ तेंहनुं [2]भेउ ।**

**कूडबुद्धि तेह मन सहि धरइ, पापी मुखि माया बहु करिइं ॥६॥**

ચારે ધૂતારા બેઠા છે પણ કુમારને તેમનાં મનનાં ભેદની કંઈ ખબર પડતી નથી. ખોટી બુદ્ધિ મનમાં ધારણ કરતા તેઓ મોઢેથી મીઠું મીઠું બોલે છે. (૬)

**॥ दुहा ॥**

**मुख बोलत कोमलपणइ, वाणी सीतल होय ।**

**[3]हीयो धार करवत जिसुं, धूरति लखण जोय ॥७॥**

મુખમાં કોમલતા છે, વાણીમાં શીતલતા છે, પણ તેમનું હૈયુ કરવતની ધાર જેવું છે. ધૂતારાનાં આવા બધાં લક્ષણ જ હોય છે. (૭)

**बोलंता बाहरि भला, चंदन सरखी वाणि ।**

**हीयो कठिण पाहण जिसुं, तेसूं प्रीति म आणि ॥८॥**

બહારથી બોલે ત્યારે તો ચંદન જેવા શીતળ લાગે પણ હૈયામાં તો કઠણ પથરા જેવાં હોય છે. તેવા ધૂતારા સાથે શું મિત્રતા કરવી ? (૮)

---

१. जख=યક્ષ. २. भेउ=ભેદ. ३. हीयो=હૈયુ.

**॥ चउपई ॥**

**पूछइ कुमर तव तेहनी वात, तुम्ह च्यारें किम मिलुं संघात ।**
**पूरव चरित्र कहो आपणो, सुणी वयण ते बोलइ घणो ॥९॥**

પણ કુંવર બિચારો ભોળો છે તેને કશી ખબર નથી. ધૂતારાના લક્ષણ જાણતો નથી તેથી તેમની સાથે વાત કરે છે કે તમારા ચારેનો ભેટો ક્યાંથી થયો અને ક્યાંથી આવ્યાં છો ? વગેરે પૂર્વચરિત્ર હોય તે જણાવો. ત્યારે કુંવરનાં વચન સાંભળીને તે ચાર (ધૂતારા) કહેવા લાગ્યા કે (૯)

**धूरत भणइ सुणो अम्ह चारी, जोया देसदेसंतर फिरी ।**
**अेह वन मांहिं आव्या जाम, वात असंभम दीठी ताम ॥१०॥**

અમે ઘણા બધા દેશદેશાંતર ભમીને અહીં આવ્યા છીએ પણ જ્યારે આ વનમાં આવ્યા ત્યારે એક અસંભવ વાત જોવામાં આવી. (૧૦)

**गिरि मांहें छइ गुफा अनेक, तिहां निवसि विद्याधर एक ।**
**तिहनइं घरि छइ बेटी च्यारि, नव जोवनवइ ते नारि ॥११॥**

આ પર્વતમાં અનેક ગુફા છે. ત્યાં એક વિદ્યાધર વસે છે. તેનાં ઘરે ચાર દીકરી છે. તે યુવાન વયને પામી છે. (૧૧)

**अेक दिवस च्यारे कुंवरी, आवी एणे भवने संचरी ।**
**जख आराधिउ तेणि अपार, वांछित वर मांगि ते सार ॥१२॥**

હવે તે ચારે કુમારીઓ એક દિવસ આ યક્ષમંદિરમાં આવી અને જે આ યક્ષ છે તેની તેને આરાધના કરી. અને પોતાને ઈચ્છિત એવા વરની માંગણી કરી. (૧૨)

**जक्षदेव प्रसन्नुं थयुं, च्यारि नारि प्रति ते इम बोलीयुं ।**
**मास दिवस वर आणीस सही, तेणी वार्ति च्यारे गहगही ॥१३॥**

ત્યારે આ ચારે કુંવરીની આરાધનાથી યક્ષદેવ પ્રસન્ન થયાં. અને બોલ્યા કે, ''એક માસ (ત્રીસ દિવસ) પછી તમારા માટે નિશ્ચે વર લઈ આવીશ.'' ત્યારે તે ચારે સ્ત્રીઓ ખુશ થતી ત્યાંથી નીકળી. (૧૩)

**असी वात अम्ह जाणी करी, जोवा रह्या अपूरव चरी ।**
**मास दीस आज वउलो सही, कुमरी वर तउ आव्यो नही ॥१४॥**

અમને આ વાત જાણીને આશ્ચર્ય થયું. એ અપૂર્વ કૌતુક જોવા માટે અમે અહીં રહ્યાં છીએ. આજે એક મહિનો પૂરો થયો પણ હજુ તેનો વર આવ્યો દેખાતો નથી. (૧૪)

**जख उपरि तिणि आण्यो कोप, वरनी वाचा ए थई फोक ।**
**काष्टभखण ते च्यारइ करइ, आज सही ते कुमरी मरइ ॥१५॥**

ત્યારે તે ચારે કુંવરી યક્ષ ઉપર રોષાયમાન થઈ કે, અમારાં માટે જે વરની વાત કરી હતી તે ફોક થઈ છે. તો હવે અમે બળીને મરી જઈશું. તેથી ચારે કુમારિકા આજે નિશ્ચે કરીને મરવાની છે. (૧૫)

**तूं नर उत्तम आव्यो इहां, मया करीनइं पुहचउ तिहां ।**
**स्त्री बलसें सही अग्नि मझारी, जई जीवंती राखो नारि ॥१६॥**

આજે ખરા અવસરે તું આવી ગયો છે. તું ઉત્તમ પુરુષ, છે. મહેરબાની કરીને તું ત્યાં પહોંચી જા. એ કન્યા અગ્નિમાં પડીને બળી મરે તે પહેલાં તું ત્યાં જઈને તેને બચાવી લે. તેને જીવતી રાખ. (૧૬)

**गजसिंघ राउ वयण ते सुणी, ततखिण चाल्यो कुमरी भणी ।**
**साथि नर कीधा ते च्यांरि, आवी लेई गुफानइं [१]बारि ॥१७॥**

ગજસિંહકુમાર આ પ્રમાણે વચન સાંભળીને જ્યાં કન્યા છે તે ગુફા તરફ ચાલવા લાગ્યો અને ચારે ધૂતારા પણ તેની સાથે છે. તેઓ ચાલતાં ચાલતાં ગુફાનાં દ્વાર પાસે પહોંચ્યા. (૧૭)

**दीठी नारि रूपिं रूवडी, नव जोवन रूपिं लहुवडी ।**
**नारींइं नर तें दीठो जिसइ, कालमुही सिर धूणइ तिसइ ॥१८॥**

ત્યારે ગજસિંહકુમારે ગુફાના દરવાજામાંથી જોયું. નવયૌવનવંતી રૂડી રૂપાળી એકએકથી ચઢીયાતી સ્ત્રીઓ બેઠેલી છે જ્યારે સ્ત્રીની નજર પુરુષ

---

૧. बारि=દ્વાર-દરવાજો.

ઉપર પડી ત્યારે મુખ કાળુ કરીને માથુ ધૂણાવવા લાગી કે જાણે કહેતી ના હોય કે અહીં આવવા જેવું નથી. (૧૮)

**गजसिंघ कुमर चिंतवइ असुं, कूड रच्यो छइ मुझनइं किसुं ।**
**पासइ अग्निकुंड इक जलई, खयर अंगारें ते झलहलइ ॥१९॥**

ત્યારે ગજસિંહકુમાર પણ વિચાર કરવા લાગ્યો કે, આ ધૂતારાઓ કંઈ કૂડકપટ કરીને મને અહીં લઈ આવ્યા લાગે છે તેવું આ સ્ત્રીઓનાં હાવભાવ ઉપરથી લાગે છે. વળી પાસે એક અગ્નિકુંડ છે જે ખેરનાં અંગારાથી ઝળહળી રહ્યો છે. (૧૯)

**पासइ दीठा च्यारि [१]तोखार, बाध्या [२]अंजावर करइ पोकार ।**
**दीठा तिहां तिल जवनइं [३]विरही, दीठा उडद घणां तिण सही ॥२०॥**

વળી પાસે ચાર ઘોડા બાંધેલા છે. બાજુમાં બોકડા બાંધ્યા છે. તે પોકાર કરે છે. વળી વેરાયેલાં તલ, જવ, અડદ વગેરે કુંવરે જોયાં. (૨૦)

**देखइ गूगल गोली वली, देखी कणयरनी ते कली ।**
**दीठा तेलतणां तिहां घडा, दीठा धूपतणां तिहां पुडा ॥२१॥**

ત્યાં ગુગળની ગોળીઓ પડેલી જોઈ તથા કણેરની કળીઓ દેખી. તે ગુફામાં તેલનાં ઘડા અને ધૂપના પડા પડેલા જોયાં. (૨૧)

**दीठा [४]बाउल नइं घूघरी, वली दीठी तिहां लापसी करी ।**
**दीठी पउली तिहां चउपडी, दीठो खीचपुडा घारडी ॥२२॥**

વળી બાકુળા માટે તૈયાર કરેલી ઘુઘરી જોઈ. વળી લાપશી કરેલી જોઈ. ચોપડેલી પૂડી, ખીચડો, ઘારી, વડા વગેરે નૈવેદ્ય માટે તૈયાર કરેલ સઘળી વસ્તુ કુંવરે જોઈ. (૨૨)

**पासइ दीठा कीधा वडा, दीठा माणसनां तिहां मडा ।**
**दीठो जोगी करतुं ध्यान, कुमरइं वात जाणी अनुमान ॥२३॥**

---

**१. तोखार=ઘોડા. २. अजावर=બોકડો. ३. विरही=વેરાયેલા. ४. बाउल=બાકુળા.**

વળી ત્યાં માણસનાં મડદા પણ પડેલા છે. ત્યાં બાજુમાં ધ્યાન કરતો એક યોગી બેઠો છે તેથી કુંવરે અનુમાનથી આખી વાત જાણી લીધી કે નક્કી મારાં પ્રત્યે કપટ રચાયું છે. (૨૩)

**ऊठो जोगी धरी उल्हास, मुख जंपइ अम्ह पूगी आस ।**
**वाट जोवंता थया घण दीह, तूं भल आव्यो माहरुं सिह ॥२४॥**

કુંવરને જોઈને યોગી ઉલ્લાસપૂર્વક ત્યાંથી ઊભો થયો અને મુખથી બોલ્યો કે, આજે મારી આશા ફળીભૂત થઈ. ઘણા સમયથી વાટ જોતાં હતાં તેથી હે ઉત્તમપુરુષ ! તું ભલે આવ્યો. (૨૪)

**परिणावुं च्यारे कुंवरी, राखुं घरि जमाइ करी ।**
**आपसि(पीस) अे च्यारे तोखार, आर्पो(पुं) विद्या सोवन सार ॥२५॥**

હવે હું તને આ ચારે કુંવારિકા પરણાવીશ અને ઘરજમાઈ કરીને મારાં ઘેર રાખીશ. વળી આ લક્ષણવંતા ચાર ઘોડા અને સુવર્ણસિદ્ધિની વિદ્યા આપીશ. (૨૫)

**अम्हे पांचे जण करिसुं सेव, अेक वचन तुम्ह मानों देव ।**
**सार विद्या साधूं छुं अम्हे, उत्तरसाधक थावो तुम्हे ॥२६॥**

વળી અમે પાંચે જણા તારી સેવા કરીશું. પણ હમણાં તું મારું એક વચન માન. સુંદર એવી વિદ્યાની સાધના મારે કરવી છે તો તું ઉત્તરસાધક થા.(૨૬)

**जोगीतणा वचन इम सुणी, गजसिंघ कुमर हाय ज भणी ।**
**बुध करीनइं बोलइ धीर, साधो विद्या थावो सवीर ॥२७॥**

યોગીનાં આવા વચન સાંભળીને ગજસિંહકુમારે હા ભણી ચતુર એવો ગજસિંહકુમાર મનમાં બધું સમજી ગયો છે. છતાં ધૈર્યપૂર્વક ગંભીરતાથી યોગીરાજને કહે છે કે, 'તમે શૂરવીર થઈને વિદ્યાને સાધો. હું ઉત્તરસાધક છું. પછી તમારે શું ચિંતા. (૨૭)

**तणी वार्ते जोगी हरखीयो, आगलि कुंवर बयसारीयो ।**
**चिहुं दिसइ राखी ते नारि, चिहुं दिसे नर बईसार्या चारि ॥२८॥**

કુંવરની વાત સાંભળી જોગી તો આનંદિત થઈ ગયો. અને કુંવરને આગળ બેસાડ્યો તથા કુંવરની ચારે બાજુ ચાર સ્ત્રીઓને રાખી અને વળી પાછાં કુંવરની ફરતાં ચાર ધૂતારાને બેસાડ્યા. (૨૮)

**मांड्यो होम करइ दुरध्यान, बइठो कुमर थई सावधान ।**

**पूठइं जोगी आहुत करइ, कुमर हीयइ कांइ नवि डरई ॥२९॥**

યોગીએ તો દુર્ધ્યાનપૂર્વક હોમ કરવાનું શરૂ કર્યું પણ કુમાર સાવધાન થઈને બેઠો છે. પાછળ જોગી આહુતિ આપી રહ્યો છે અને આગળ કુંવર હૈયામાં હિંમત રાખીને ડર્યા વિના બેઠો છે. (૨૯)

**पहिलूं होम्या जव नइ विरहि, उडाडइ बाकुला नइ घूघरी ।**

**पछइ आंण्यां मदना घडा, बोलइ अजावर के बापुडा ॥३०॥**

યોગીરાજે પહેલાં યજ્ઞમાં જવ હોમ્યા, ઘુઘરીનાં બાકુળા ઉડાડ્યા. મદિરાનાં ઘડા મંગાવ્યા. પછી બિચારા બોકડાને હોમવા માટે તૈયાર કર્યો. (૩૦)

**ते देखी चिंतवइ कुमार, अंजन विद्या छइ अति सार ।**

**तेहनी महिमा जोईस आज, जे आपी विद्याधर राज ॥३१॥**

આ જોઈ કુમાર વિચાર કરવા લાગ્યો કે, મારી પાસે સરસ અંજનવિદ્યા તો છે, જે મને વિદ્યાધર રાજાએ આપી હતી તેનાં પ્રભાવને આજે જોઉં. (૩૧)

**नयण बेहू तिण अंजन करी, उठिओ ततखिण साहस धरी ।**

**कुमर प्रतिं नवि पेखइ कोय, ते महिमा ऊषधीनो जोय ॥३२॥**

ધીમે રહીને પોતાની બંને આંખોમાં અંજન કર્યું ને તે જ ક્ષણે સાહસ કરીને તે ઊઠ્યો. ત્યારે કુમારને કોઈ જોઈ શકતું નથી કારણ કે તેની પાસે આ અંજન ઔષધનો પ્રભાવ હતો. (૩૨)

**पहिलूं तो जोगी साहीयो, पाछइ करी कुंवरि बांधीयो ।**

**नाख्यो लेइ अग्नि मझारि, ते देखी नर चिंतइ च्यारी ॥३३॥**

ત્યારે તે યોગી પાસે પહોંચ્યો અને પાછળથી તેને બાંધીને અગ્નિકુંડની અંદર નાંખ્યો. તે જોઈને પેલા ચારે ધૂતારા વિચારવા લાગ્યા. (૩૩)

**देव देवता रूठो कोय, जे उतपात अेवडो होय ।**

**सुर रूपइ आव्यो ए आज, विणठा सवे अम्हारा काज ॥३४॥**

કે નક્કી કોઈ દેવ-દેવતા કોપાયમાન થયાં લાગે છે કે જેથી આવો ઉત્પાત શરૂ થયો અને તે માણસ કોઈ દેવસ્વરૂપે હશે જેથી તે દેખાતો નથી અને અમારાં બધા કામ વિણસી ગયાં. (૩૪)

**जीव लेईनइ हवि जाईयइ, नहीं तउ जोगी पर थाइ ।**

**ते च्यारे नर नासी जाय, ए सीह प्रति अमहे सुं थाय ॥३५॥**

તે સિંહ જેવા સામે આપણું શું ચાલવાનું છે ? જીવ લઈને અહીંથી ભાગો નહીં તો જોગીની જેમ આપણે પણ મરશું એમ બોલતાં ચારે ધૂતારા નાશી ગયાં. (૩૫)

**जोगी बलीनइं पुरिसो थयो, तव गजसिंघ कुमर पेखीयो ।**

**आलि माटि अम्ह विद्या फली, तउ ते नारि बोलावी वली ॥३६॥**

યોગી તો બળીને સુવર્ણપુરુષ થયો. તે ગજસિંહકુમારે જોયો. ગજસિંહકુમારે વિચાર્યું કે વિદ્યાધરે આપેલી વિદ્યા આજે ફળીભૂત થઈ. પછી તે ચારે સ્ત્રીઓને કુમારે પૂછ્યું કે તમે કોણ છો ? (૩૬)

**स्त्री जंपि निसुणो अम्ह [१]चरी, अम्हे च्यारि आणी अपहरी ।**

**पूछइ कुमर वलि वलि घणुं, कहो चरित्र तुम्हे आपणुं ॥३७॥**

ત્યારે સ્ત્રીઓ બોલી કે, 'અમારાં ચારેનું અપહરણ કરીને અમને અહીં લાવવામાં આવી છે. આ રીતે ચારે કન્યા રડવા લાગી ત્યારે કુંવરે આશ્વાસન આપતાં કહ્યું, હવે કોઈ ડર રાખશો નહીં. તમે ક્યાંના છો કઈ રીતે અહીં આવવું થયું ? તે તમારું સઘળુ વૃત્તાંત કહો. (૩૭)

**नयर अम्हारू हरिपुर ठाम, राज करइ तिहां सिवादे राय ।**

**तिहां वसइ विवहारीया च्यारि, तसु बेटी अम्हे अछउ कुंमारि ॥३८॥**

---

१. चरी=જીવન કથની.

ત્યારે ચારે કન્યાઓ કહે છે કે, ''**હરિપુર** અમારું નગર છે. **સિવાદે** નામે રાજા ત્યાં રાજ્ય કરે છે. તે નગરમાં ચાર વ્યવહારી (વહેપારી) રહે છે. તેમની અમે ચારે કુંવારી કન્યાઓ છીએ. (૩૮)

**विवहारीअे जात्र मन धरी, चाल्या संघ अेकठो करी ।**

**समेतसिखर गिरि जात्रा सहू, संघ मिल्यो तिण अवसरि बहू ॥३९॥**

તે ચારે વ્યવહારીને યાત્રા કરવાનું મન થયું. સંઘ એકઠો કરીને સમેતશિખરની યાત્રા કરવા સહુ ચાલ્યા ત્યારે રસ્તામાંથી ઘણાં બધા સંઘો તેમને મળ્યા. (૩૯)

**अम्हे पिताइं सार्थि लीध, समेतशिखर जइं जात्रा कीध ।**

**पूज्या जिनवर पूगी आस, मारग लागा दिन छमास ॥४०॥**

અમને પણ પિતાએ સાથે લીધી સમેતશિખરની યાત્રા કરી જિનેશ્વરની પૂજા કરતાં અમારી આશા પરિપૂર્ણ થઈ. ત્યાં પહોંચતા અમને છ મહિના લાગ્યા. (૪૦)

**संघ उतरिउ महावन माहि, निसिभरि सहु निद्रावसि थाय ।**

**ईणि अवसरि धूरति आवीया, निद्रा मांहि अम्हनइं लेई गया ॥४१॥**

મહાન એવા વનમાં સંઘનો ઉતારો હતો. યાત્રા કરીને થાક્યા-પાક્યા અમે રાત્રે ગાઢ નિદ્રામા સૂતેલાં હતાં તે સમયે ધૂતારાં આવ્યા અને ગાઢ નિદ્રામાં સૂતેલા અમને લઈ ગયા. (૪૧)

**इणि वने मांडी पुरिस सिद्ध, तिण रची एवडी बुध ।**

**अेह विद्या रुठी अेह मांहि, धूतारा सवि नासी जाइ ॥४२॥**

ત્યારપછી અમને અહીં ગુફામાં લઈ આવ્યાં અને તે ચારે ધૂતારા ઉત્તરસાધક પુરુષની શોધ માટે ગયેલાં. અહીંયા સિદ્ધ પુરુષે (યોગીએ) આ પ્રમાણે બુદ્ધિ કેળવીને અમને બેસાડી રાખી એની વિદ્યા સિદ્ધ કરવા માટે તેને આ પ્રમાણે કપટ રચ્યું. તેની મનની મુરાદ મેલી હતી. એની વિદ્યા એને જ રૂઠી. અને યોગી અગ્નિમાં પડ્યો અને સર્વે ધૂતારા નાશી ગયાં. (૪૨)

**मया करी अम्ह चिहुनइ वरो, पाणीग्रहण अम्हारो करो ।**

**भवभव अम्हनइ तुम्ह भरतार, अेह वचन जाणो तुम्ह सार ॥४३॥**

હવે મહેરબાની કરીને અમને ચારેને તમે વરો અને અમારી સાથે પાણિગ્રહણ કરો. ભવોભવ તમે જ અમારાં સ્વામી હોજો. ખરેખર અમારું આ સારભૂત વચન છે, દિલથી કહીએ છીએ તે તમે માન્ય કરો. (૪૩)

**कुमर वयण [१]ते सुणी वली , ततखिण च्यारि स्त्री वरी ।**

**काढ्यो पुरिसो सोनुं तणो, तेहनुं महिमा छइ अति घणुं ॥४४॥**

કુમારે પણ તે કન્યાઓનાં વચન સાંભળીને તે જ ક્ષણે ચારે કન્યા સાથે હાથમેળાવડો કર્યો. વળી અગ્નિકુંડમાંથી સુવર્ણપુરુષને બહાર કાઢવામાં આવ્યો. તે સુવર્ણપુરુષનો પ્રભાવ ખૂબ જ છે. (૪૪)

**दिन दिन कीजइ तेहनुं भंग, वली आवइ तसु नवला अंग ।**

**देवती रिध ते कुमरनइं हुई, पुरव पुन्य फलुं तिहां सही ॥४५॥**

જેમ જેમ દિવસે દિવસે તે સુવર્ણપુરુષના અંગોના ટુકડા કરવામાં આવે તેમ તેમ તે અંગ ફરી પાછું તેવું જ થઈ જાય. અર્થાત્ તે અખંડ થઈ જાય આવો તેનો પ્રભાવ હોય છે. તેથી કરીને તે કુમાર દૈવીઋધ્ધિને પામ્યો. તે તેનાં પૂર્વે કરેલ પુણ્યનું ફળ જાણો. (૪૫)

**लीधो [२]पुरिसो नइं तोखार, नारि लेई चाल्यो कुमार ।**

**वन अटवी ते मूकी घणी, तव चाल्यो ते हरिपुर भणी ॥४६॥**

ગજસિંહકુમાર તે સુવર્ણપુરુષને લઈને ઘોડા ઉપર ચઢ્યો. ચારે સ્ત્રીઓને પણ સાથે લીધી અને ઘણી વન અટવીને ઓળંગીને તે હવે **હરિપુર** નગર તરફ ચાલ્યો. (૪૬)

**मारगि नगर आवइ अति घणां, केता नाम कहुं तेह तणां ।**

**एक दिवस ते साहस धीर, पुहता पुर पाटण गंभीर ॥४७॥**

---

૧. B પ્રત. [ **ते मानी करी,** ] ૨. **पुरिसो**=પુરુષ.(કથા અન્તરગત સુવર્ણ પુરુષ)

માર્ગની અંદર કેટલાંય ગામ, નગર વગેરે આવ્યા, તે ઓળંગીને સાહસિક એવો તે ગજસિંહકુમાર એક દિવસ ઘણાં વિશાળ એવા **પાટણ** નગરમાં પહોંચ્યો. (૪૭)

**[1]परिसरि आव्या वाडी मांहि, लीइं वीसामुं आवी छाह ।**
**गजसिंघ कुमर चिंतवइ असुं, जोवुं नगर अछइ किसुं ॥४८॥**

ત્યાં પાટણ નગરનાં પાદરમાં આવેલ બગીચાના વૃક્ષની છાયામાં વિશ્રામ લેવા માટે બેઠાં ત્યારે ગજસિંહકુમારે વિચાર્યું કે તે નગરમાં જઈને જોઉં કે તે કેવું નગર છે ? (૪૮)

**साथ संघात जोवुं सही, स्त्रीनइं पीहर जाउं सही ।**
**वाडीमांहि बइसारी नारि, कुमर पुहूतो नयर मझारि ॥४९॥**

વળી કોઈ સથવારો મળી જાય તો નારીનાં પિયર હરિપુર જવાની અનુકૂળતા રહે. એ પ્રમાણે વિચારી સ્ત્રીઓને વાડીમાં બેસાડીને કુંવર નગરમાં આવ્યો. (૪૯)

**जोतूं हरिपूर तणों संघात, पूछइ देस-देसांतरी बात ।**
**इणि अवसरि वनमांहि ठाम, नगरनायका आवी ताम ॥५०॥**

ચારે બાજુ નગરમાં ફરતાં કોઈ પરદેશી દેખાય તેને પૂછે છે કે, હરિપુર નગર તરફ જવાવાળું કોઈ છે ? હવે આ બાજુ જે સ્ત્રીને બગીચામાં બેસાડીને ગયો છે ત્યાં આગળ નગરની વેશ્યા ફરવા માટે આવી. (૫૦)

**दीठी नारि रूपिं अतिसार, दीठो पुरिसो सोना तोखार ।**
**लोभ लगइ तेहनी मति फिरी, कूडी माया मांडी खरी ॥५१॥**

સુંદર રૂપવાળી એવી આ ચાર કન્યાઓને વેશ્યાએ જોઈ. તેની પાસે રહેલ ઘોડા ઉપર સુવર્ણપુરુષને જોયો. આ જોઈને વેશ્યાને લોભ લાગ્યો અને તેની બુદ્ધિ ફરી. આમેય વેશ્યા તો માયાવી હોય જ તેથી કૂડકપટથી માયા રચવા માંડી. (૫૧)

---

१. परिसरि=ગામનું પાદર .

**तुम्हे माहरइ भउजाइ च्यारि, उठो आवो नगर मझारि ।**
**तुम्हे तेडवा आवी सही, भाई अम्ह घरि बइठा जई ॥५२॥**

તે સ્ત્રી પાસે જઈ વેશ્યા બોલી. અહોહો ! તમો તો ચારે મારી ભોજાઈઓ છો ! લો, ઊઠો, નગરમાં આપણાં ઘરે ચાલો. ભાઈ આપણાં ઘરે જ બેઠાં છે. હું તમને તેડવા આવી છું. (૫૨)

**एहवी कूडी बुधि बहु करी, च्यारि स्त्री आणी अपहरी ।**
**लेई आई घरि आपणइ, तउ ते नारि प्रतिं इम भणइ ॥५३॥**

આ રીતે કુબુદ્ધિથી કૂડકપટ કરી મીઠી મીઠી વાણીથી ચારે સ્ત્રીઓને ભોળવી લીધી. તે ચારે વેશ્યાનાં વિશ્વાસમાં આવીને તેમની સાથે ચાલવા લાગી. વેશ્યા આ રીતે ચારેને પોતાનાં ઘેર લઈ આવી પછી આગતા-સ્વાગતા કરીને તેણીને બેસાડી અને ધીમે રહીને તે સ્ત્રી પ્રત્યે કહેવા લાગી. (૫૩)

**रहो अम्ह घरि पुरुष छइ बहु, जे जोइए ते देसूं सहू ।**
**वयण सुणी स्त्री चिंति तेह, नगरनायकानुं घरि एह ॥५४॥**

અમારાં ઘરે શાંતિથી રહો. અહીંયા તો ઘણા પુરુષો આવે છે. જે કંઈ જોઈશે તે બધું અહીંથી મળી જશે. વેશ્યાનાં આ પ્રમાણેનાં વચન સાંભળી તે સ્ત્રીઓ વિચારવા લાગી કે આ તો ખરેખર નગરનાયિકા (વેશ્યા)નું ઘર લાગે છે. (૫૪)

**एह घरि नटविट आविं घणा, [१]निखर अचार अछइ एह तणा ।**
**अेम जाणी घर माहि जई, दीधा बार तिणें निहचल थई ॥५५॥**

અહીંયા તો ઘણાં નટ-વિટ આવતાં હશે. તે લોકોનાં આચારવિચાર સારા ન હોય, નિષ્ઠુર નીચ અને પરસ્ત્રીલંપટ હોય. એ પ્રમાણે વિચારી ઘરમાં જે કમરો તેમને રહેવા માટે આપેલ તે અંદરથી બંધ કરીને પોતે નિશ્ચિંત થઈને રહી. (૫૫)

---

૧. निखर=ખરાબ.

॥ दूहा ॥

**नगर जोईनइं आवीयो, कुंवर आंबा हेठ ।**
**नारि तउ देखइ नही, जोवइ दह दिस द्रेठ ॥५५॥**

આ બાજુ નગર જોઈ ગજસિંહકુમાર બગીચામાં આવ્યો જ્યાં આંબાનાં વૃક્ષ નીચે સ્ત્રીઓને બેસાડીને ગયો હતો ત્યાં આવીને જોયું તો સ્ત્રીઓ દેખાઈ નહીં. દશે દિશામાં દૃષ્ટિ માંડીને જોવે છે પણ સ્ત્રીઓ દેખાતી નથી. (૫૫)

**मन चिंतइ कारण किसुं, कुणइ हरीय ते बाल ।**
**पग जोईस सवि तेहना, धरीय बुध सुविसाल ॥५६॥**

તેથી વિચાર કરે છે કે, આ બાળાઓ(સ્ત્રીઓ)નું કોને હરણ કર્યું હશે ? તે દેખાતી નથી જ્યારે સ્ત્રીઓ દેખાઈ નહીં ત્યારે ઘણી લાંબી બુદ્ધિથી નક્કી કર્યું કે તેનાં પગલાં જોઉં જેથી કરીને તેની શોધ થઈ શકે. (૫૬)

**तउ आंखि अंजन करी, चाल्युं नयर मझारि ।**
**पग जोतो नारी तणा, पहुतो वेस्या दुवारि ॥५७॥**

આમ વિચારી આંખમાં અંજન કરી, અદશ્ય થઈ કુંવર સ્ત્રીઓનાં પગલે પગલે નગરમાં પેઠો. પગલાં જોતા જોતાં તે વેશ્યાનાં દ્વારે જઈ પહોંચ્યો. (૫૭)

॥ चउपई ॥

**पग जोतुं वेस्या घरि गयुं, विद्याप्रभावि अदृष्टिउ थयु ।**
**नारी तणी सुध लाधी खरी, सही अेणी वेस्या अपहरी ॥५८॥**

વિદ્યાના પ્રભાવથી તે અદશ્ય છે પણ પગલાં જોતાં તેને નિશ્ચય કર્યો કે સ્ત્રીઓ નક્કી આ ઘરમાં છે. નક્કી આ વેશ્યા જ અપહરણ કરીને તેણીને લઈ આવી હશે. (૫૮)

**सुध जाणीनइं पाछुं वलियुं, नारि विरह मनमाहि टलियुं ।**
**गजसिंघ राई बुध मन धरी, विप्र वेस तव ततखिण करी ॥५९॥**

આ રીતે તેની શોધ કરીને તે પાછો વળ્યો. સ્ત્રીવિયોગનો ઉચાટ હતો તે દૂર થયો. હવે તે ગજસિંહકુમારે મતિને ધારણ કરીને બ્રાહ્મણનો નવો વેશ ત્યારે ધારણ કર્યો. (૫૯)

**खंध जनोई कर टीपणुं, निमित्त वात मुख भाखइ घणुं ।**
**विप्र थई तेहनिं घरि गयुं, आवतु वेस्या पेखीयुं ॥६०॥**

ખભા ઉપર જનોઈ રાખી. હાથમાં ટીપણું લીધું. વળી મોઢેથી ''જોશીજી આવ્યા છે. કોઈને નિમિત્ત જોવડાવવું હોય તો. એમ બોલતાં બોલતાં વેશધારી બ્રાહ્મણ તે વેશ્યાના ઘર આગળથી પસાર થાય છે. વેશ્યાએ જોયું કે કોઈ નિમિત્તજ્ઞ આવી રહ્યાં છે. (૬૦)

**वेस्या आदर कीधुं बहुं, निमत्त बात ते पूछइ सहू ।**
**लग्न मंडाव्यो तेणी वार, चिंता छइ अम्ह अेक अपार ॥६१॥**

આદરપૂર્વક વેશ્યા, જોશીમહારાજને ઘરમાં બોલાવી લાવી અને જોશીમહારાજને પ્રશ્ન પૂછવા લાગી કે, હમણાં મારે એક મોટી ચિંતા આવી છે તો પ્રશ્નકુંડલી માંડીને કહો કે તેનું નિવારણ થશે ? (૬૧)

**लग्न जोई जोसी इम भणइ, स्त्री चिंता छइ मन तुम्ह तणइ ।**
**ते [१]परहुणी आवी वली, ते तो सिध सिकोतरी छली ॥६२॥**

ત્યારે જોશી મહારાજે લીટા દોરી કુંડલી માંડી, બારખાના (ભવન) દોર્યા. વેઢા ઉપર આંગળી ફેરવતાં કંઈ ગણગણાટ કરતાં બોલ્યાં કે, 'તમારે સ્ત્રી સંબંધી કંઈક ચિંતા છે તે પરોણા તરીકે આવી છે પણ ખરેખર તે સિદ્ધશિકોતરી છે. (૬૨)

**इसी वात तिणि बांभण कही, वेस्या मन जाणिं अे सही ।**
**जिम कह्यो पूरव संकेत, तेणी वात ते थईय सचेत ॥६३॥**

જ્યારે આવી વાત તે બ્રાહ્મણ નિમિત્તજ્ઞે કીધી ત્યારે વેશ્યાએ કહ્યું, 'હા, હા...તમે કહો છો તે બધું સાચું છે, તેવું જ લાગે છે. તમે જે સંકેત આપ્યો તે પ્રમાણે એ શિકોતરી જ લાગે છે. (૬૩)

**जोसी जोइस तुम्ह जुवों खरो, ए [२]दोषासर पाछो करो ।**
**अम्ह परहुणी आवी च्यारि, रूपवंत नव जोबन नारि ॥६४॥**

१. परहुणी-प्राहुणी=મહેમાન સ્ત્રી. १. दोषासर=દોષનો ઢગલો.

હવે વેશ્યા બોલી, 'જોશી મહારાજ ! આ દોષનો ઢગલો તમે જ પાછો વાળો. અમારાં ત્યાં જે પ્રાહુણી (મહેમાન સ્ત્રીઓ) આવી છે તે અતિરૂપાળી યૌવનવંતી છે. (૬૪)

**कोई दोष विसेषे सही, बार देई घरि मांहि रही ।**

**ए कारण तुम्ह टालो हेव, जे जोईअे ते लाव्युं देव ॥६५॥**

પણ તમે કીધું તેમ તેને કંઈ વળગાડ તો છે જ. અહીં આવી તેવી જ બારણા બંધ કરીને રહે છે. હમણાં જ તમે તે દોષનું નિવારણ કરો. ભૂદેવ ! તમારે જે જોઈએ તે સામગ્રી લાવી આપું. (૬૫)

**विप्र भणइ वेस्या अवधारि, विसम दोष छली अे नारि ।**

**हुं अे दोष बोलावसि जई, तूं वेगली थइ रहिजे सही ॥६६॥**

વિશ્વાસ પામેલી વેશ્યાને ત્યારે બ્રાહ્મણે પણ કહ્યું કે, વિષમ રીતે આ સ્ત્રીઓ કોઈ શિકોતરીની ઝપટમાં આવી છે. જે હશે તેને વિધિ કરીને, બરાબર હું બોલાવીશ. પણ તે વખતે તમે આઘા રહેજો, નહીં તો ઝપટમાં આવી જશો. (૬૬)

**ताम कुंमर पहुतो बारणइ, नारि चिहुं प्रति ते इम भणइ ।**

**मन असमाधि म करिस्यो किसी, सुणी वयण ते नारी हसी ॥६७॥**

આ પ્રમાણે વેશ્યાને આઘી કરીને, જે ઓરડામાં તે ચારે સ્ત્રીઓ હતી તે બારણાં પાસે કુમાર પહોંચ્યો. અને બારણા ઉપર ટકોરા કરીને તે સ્ત્રીઓ પ્રતિ બોલ્યો. મનમાં ઘણી ચિંતા હવે કરશો નહીં. હું અહીં આવ્યો છું. આ પ્રમાણે પોતાનાં પતિનાં વચન (અવાજ)ને ઓળખીને તે સ્ત્રીઓ પણ આનંદિત થઈ. (૬૭)

**जाणी कंत उघाड्यां बार, स्त्री आवी भेट्यो भरतार ।**

**कुमरे वात तासुं कही, तेतलइ रहो घरि माहे जई ॥६८॥**

પોતાનાં સ્વામી આવ્યાં છે તેવું જાણી તેણીએ બારણા ઉઘાડ્યા. એટલે ગજસિંહકુમાર પણ સ્ત્રીઓને જઈને મળ્યો. અને સ્ત્રીને સઘળી વાત કહી. વળી કહ્યું કે, 'જ્યાં સુધી હું ન કહું ત્યાં સુધી તમે આ ઘરમાં જ રહેજો. (૬૮)

**वेस्यानइं सीख देसुं जेतलइ, तुम्हे सासती थावो तेतलइ ।**
**बुध करी दिवराव्या बारि, वेस्या बोलावी तिण वारी ॥६९॥**

જ્યાં સુધી વેશ્યાને હું શિક્ષા ન આપું ત્યાં સુધી તમે અહીં શાંતિથી રહેજો. આ પ્રમાણે કહી, બુદ્ધિપૂર્વક બારણા બંધ કરાવ્યાં અને પછી વેશ્યાને બોલાવી, કુંવરે કહ્યું. (૬૯)

**अेह दोष मि जाणों सही, अेह उपाय करेसिउ सही ।**
**वेस्या पूछइ मननी रूली, सी सी विद्या जाणो वली ॥७०॥**

કે આ સ્ત્રીમાં શું દોષ છે ? તે મેં જાણી લીધો છે. નક્કી આ દોષને દૂર કરવાનો ઉપાય આપણે કરીશું. ત્યારે વેશ્યા પણ ડાહી થઈને બ્રાહ્મણ એવા કુમારને પૂછે છે, 'વળી તમે બીજી કઈ કઈ વિદ્યા જાણો છો ? (૭૦)

**विप्र भणइ हुं जाणुं सहू, मुझ माहि विद्या छइ बहु ।**
**जाणों कामण मोहण करी, जाणुं वशिकरण पणी खरी ॥७१॥**

ત્યારે બ્રાહ્મણ પણ બોલ્યો કે, ''હું તો ઘણુ બધુ જાણું છું. મારી પાસે ઘણી બધી વિદ્યા છે.'' હું તો કામણટૂમણ, સંમોહન, વશીકરણ વગેરે બધુંય કરી જાણું છું. (૭૧)

**नाहनुं माणस गरढो करूं, गरढा तणी जरा अपहरूं ।**
**वयण [सुणी] ते हरखी जाम, नगरनायका बोली ताम ॥७२॥**

નાના માણસને ઘરડો કરી શકુ છું અને વૃધ્ધાવસ્થાને હણીને યુવાન પણ કરી જાણું છું. બ્રાહ્મણનાં આ વચનો સાંભળીને વેશ્યા હરખીને બોલી. (૭૨)

**माहरी जरा तुम्हे अपहरो, सोल वरसी मुझनइं करो ।**
**विप्र भणइ मुझनइ सुं देसी, तुझनइं करुं हुं नान्ही वेसि ॥७३॥**

ઓહોહો ! ઘરડાંને જુવાન કરી શકો છો ? તો મારી જરાને હણીને, મને સોળ વર્ષની યુવાન કરી દો ને. ત્યારે તે નિમિત્તજ્ઞે કહ્યું કે, 'હું તમને યુવાન તો બનાવી દઉં પણ તમે તેનું મૂલ્ય મને શું આપશો ?' (૭૩)

**तेणी वात वेस्या गहगही, लाख द्रव्य हुं आपसि सही ।**
**भणइ विप्र विद्या हुं करुं, सिर मूंडावी पहिलुं ताहरुं ॥७४॥**

ત્યારે વેશ્યા તો આનંદમાં આવીને બોલી કે, "તમે મને યુવાન કરશો તો હું તમને લાખ દ્રવ્ય આપીશ" હું વિદ્યા શરૂ કરૂં ત્યારે પહેલાં તારું માથુ મુંડાવવું પડે પછી યુવાન કરું. (૭૪)

**ए वेस सघलुं अपहरुं, नग्न वेस पण साचो करुं ।**

**आंखि अंजन करिस्युं सही, तुंझनइं कोओ देखइ नही ॥७५॥**

આ તારો સઘળો વેશ (વસ્ત્ર) ઉતરાવી લેવા પડશે અને નગ્નવેશે પછી તને યુવાન કરવામાં આવશે પણ ચિંતા નહીં કરવાની, હું આંખમાં એવું અંજન આંજીશ કે કોઈ તને જોઈ નહીં શકે. આ બધું અદશ્ય રીતે થશે. (૭૫)

**नीमा बलतउ होइ जिहां, तेल सिंदर लेइ आवइ इहां ।**

**तिण आहवान करेसि अम्हे, लघुवेसें सही थासो तुम्हे ॥७६॥**

પણ જ્યાં લીમડાનો ધૂમાડો થતો હોય ત્યાંથી તેલ અને સિંદૂર લેવા તારે જવાનું અને પછી તેનું આહ્વાન હું કરીશ અને તું યૌવનવયને પામીશ. (૭૬)

**ते विध सघली तेणई करी, नगन वेस्या नगर संचरी ।**

**जिहां नीमा जली ते तिहां गइ, तिण धूंवाडि आकुली थई ॥७७॥**

હવે તેણીએ કુમારે જે પ્રમાણે કહી તે મુજબ સઘળી વિધિ કરી, એટલે કે માથે મુંડન કરાવ્યું. આંખમાં અંજન આંજી વસ્ત્ર ઉતાર્યા. નગ્ન અવસ્થામાં સિંદૂર, તેલ લેવા જ્યાં લીમડાંનો ધૂમાડો થતો હતો ત્યાં જાય છે. ધૂમાડાંથી તેની આંખમાં પાણી આવવા લાગ્યાં. (૭૭)

**नयन अंजन गलीनइं गयुं, ते सरूप लोके पेखीयुं ।**

**दीठी रूप नग्न ते तिहां, लोक चिउं दिस वींटी रह्या ॥७८॥**

આંખમાં જે અદશ્ય થવાનું અંજન આંજ્યું હતું તે આંખમાં પાણીની સાથે વહી ગયું અર્થાત્ દૂર થયું. અંજનનો પ્રભાવ દૂર થવાથી તે દશ્યમાન થવા લાગી. લોકો તેનાં સ્વરૂપને જોવા લાગ્યા. નગ્નરૂપે રહેલી તેણીને જોઈને ચારે બાજુથી લોકો વીંટળાઈ વળ્યાં. (૭૮)

**एक कहइ ए डाकणि होय, छल करवा आवीछंइ लोय ।**

**वेस्या साही बांधी तेउं, चाल्या राजभुवन ते लेउ ॥७९॥**

કોઈ એક કહેવા લાગ્યો કે આ તો ડાકિની છે, નક્કી કોઈને વળગશે, કાં તો નગરમાં રોગ ફેલાવશે માટે તેને બાંધો. તે પ્રમાણે બોલતાં લોકો તેને બાંધીને રાજભવનમાં લઈ ગયાં. (૭૯)

**देखी लोक हडहड हसइ, एक कउतिग जोवाने धसइ ।**
**एक जुवइ वलि ऊंचा चडी, एक लोक पडइं बूंबडी ॥८०॥**

તેને દેખીને લોકો ખડખડાટ હસવા લાગ્યાં. કૌતુક જોવા એકબીજાની ઉપર પડે છે. કોઈ ઊંચે ચઢીને જુએ છે. કોઈ બૂંબબરાડા કરે છે. (૮૦)

**एक [१]कूकूवा करइं अपार, एक करइं तेहनों विचार ।**
**चउपट चऊ[ ह ]टइ आणी जिसइ, गजसिंघ कुमर ते दीठी तिसइ ॥८१॥**

કોઈ કૂકૂવા (અવાજ) કરવા લાગ્યા. કોઈ વળી વિચાર કરે છે કે, આ શું થયું હશે ? આ રીતે ચારે બાજુથી તેને ઘેરીને લોકો તે વેશ્યાને ચૌટામાં લાવ્યા ત્યારે ગજસિંહકુમારે તેને જોઈ. (૮૧)

[२][ चिहुं स्त्रीनइं देखडी तेह, तुम्हसिउं वयर करिउं ते एह ।
एहनइं सीख हुइ छइ खरी, ए लोके तुं डाकिणि करी ॥ ]

**सिर मुंडायुं एहनुं आज, लोकमाहि तां अणावी लाज ।**
**वेस्या राजभुवन लेई गया, पूठइ लोक [३]घणाअेक थया ॥८२॥**

અને વિચાર્યું આજે તેનું માથુ મૂંડાવ્યુ વળી લોકમાં તેની લાજ પણ ગઈ. હવે બધાં લોકો તેને (વેશ્યાને) પકડીને રાજભવનમાં લઈ ગયાં. તેની પાછળ ઘણા લોકો એકઠા થઇ હેકારા-દેકારા કરતાં ગયાં. (૮૨)

**स्वामी डाकणि साही अम्हे, ए वात सवि जूवो तुम्हे ।**
**नगन नारि नइ माथो मूंड, राइ भणइ अे भंडो रंड ॥८३॥**

અને જઈને રાજાને કહેવા લાગ્યાં કે, 'હે સ્વામી ! જુઓ તમે અમે આ ડાકિની પકડીને લાવ્યા.' ત્યારે રાજાએ પણ કહ્યું કે,'માથે મુંડનવાળી વેશ્યા રાંડને અહીંથી કાઢો.' (૮૩)

**नाखो कूप मांहि अे परी, सही अे डाकणइ लागी खरी ।**
**राय आदेससुं सांभली, तउ ते नारी विगोवी वली ॥८४॥**

---

૧. B.પ્રત. [ गाथा ८४ ]. ૨. कूकूवा=અવાજ કરવો, ૨. घणाएक=ભેગા થયા-ભેગા થવું.

ખરેખર આ ડાકણ તો આ નગરમાં ફરતી હોય ને ? માટે તેને આઘી લઈ જઈ કૂવામાં નાંખી દેજો. આ પ્રમાણે રાજાનો આદેશ સાંભળી, લોકોએ પણ તેને ખૂબ વગોવી. (૮૪)

**खर ऊपरी बइसारी ताम, कांइ न राखी तेहनी माम ।**
**आगल [१] काहल बाजइ तूर, मिल्या लोक विगोवा पूर ॥८५॥**

અને ઊંધા મોઢે ગધેડા ઉપર બેસાડી, તેનું કહેલું કોઈ સાંભળતું નથી. ગધેડા આગળ કાહલા (વાજિંત્ર) વગાડતા ઘણા લોકોએ એકઠાં થઈ તેને નગરની બહાર વળાવી. (૮૫)

**इसी बात गणिकाइ सांभली, छोडाविवा ते वेस्या मिली ।**
**पांच सात हूई अेकठी, चाली राजभुवन ते लु[ ह ]ठी ॥८६॥**

હવે આ વાત જ્યારે અન્ય ગણિકાએ સાંભળી ત્યારે તે વેશ્યાને છોડાવવા માટે એકઠી થઈ. અને પાંચ-સાત વેશ્યા એકઠી થઈ રાજભુવનમાં ચાલી. (૮૬)

**मुखि बुंबारव करइ अपार, स्वामी करो अम्हारी सार ।**
**ए नारि डाकणि नही, कांइक कारणि वात अछइ सही ॥८७॥**

અને જોરજોરથી બૂંબારવ કરતી રાજભુવનમાં પહોંચી અને રાજાને કહેવા લાગી કે, 'સ્વામી ! અમને સહાય કરો અને જે સ્ત્રીને તમે ડાકિની કહો છો તે ડાકિની નથી પણ ગમે તે કારણથી તેને ડાકિની ઠેરવી છે.' (૮૭)

**पाछी तेडी पूछउ वरी, सुणी वयण राजा बुध करी ।**
**नगरनायका तेडी जाम, राय वात सब पूछइ ताम ॥८८॥**

એને (ગણિકાને) પાછી બોલાવીને પૂછો તો ખરાં. આ રીતે અન્ય વેશ્યાએ જ્યારે ફરિયાદ કરી ત્યારે રાજાએ પણ તે નગરનાયિકાને પાછી બોલાવી અને સઘળી હકીકત પૂછી કે શું વાત છે ? (૮૮)

**खरी वात अम्ह आगली कहो, [ तु ] जीवतव्य सही तुम्ह लहो ।**
**अेणें अवसरि कुंवर आवीयो, राजा प्रति जुहार ज कीयो ॥८९॥**

---

१. काहल=રણશીંગુ.

ખરી હકીકત અમારી આગળ કહો તો તમે જીવતાં રહેશો. હજુ રાજા પૂછે છે તે સમયે કુંવર ત્યાં આગળ હાજર થયો અને આવીને રાજાને નમસ્કાર કર્યાં. (૮૯)

**पूरव वात तिणि सघली कही, नगरनायका फीकी थई ।**
**वेस्या छोडावी तिणि वार, कुमरे दीधी सीख अपार ॥९०॥**

પછી કુંવરે પૂર્વે જે કંઈ બન્યું હતું, ચાર સ્ત્રીના અપહરણથી માંડીને સઘળો વૃત્તાંત વેશ્યાની સામે જ રાજાને કીધો. ત્યારે વેશ્યા ભોંઠી પડી. પછી કુંવરે રાજાને વિનંતી કરીને વેશ્યાને છોડાવી અને શિખામણ આપી કે ફરી આવું કરતી નહીં. (૯૦)

**कालमुही लाजी घरि गई, मास एक मुंह ढांकी रही ।**
**राइ कुवर मान्या बहू, पहिरामणी ते च्यारि वहू ॥९१॥**

વેશ્યા પણ કાળું મુખ કરી, લજ્જા પામીને ઘેર ગઈ. અને એક મહિના સુધી કોઈને મોઢું બતાવી શકી નહીં. આ બાજુ **પાટણ**નાં રાજાએ કુંવરને ઘણું માન આપ્યું અને ચારે વહુઅરને પહેરામણી કરી. (૯૧)

**साथ संघाति चलाव्या तेय, हरिपुर नयर वुलाव्या लेय ।**
**भेट्या नारीना माय तात, तिणें कही आपण पूरव वात ॥९२॥**

સારાં એવા સાર્થની સાથે તેમને **હરિપુર**નગર તરફ મોકલ્યાં. હરિપુરનગર આવ્યું ત્યારે તે સ્ત્રીઓનાં માતા-પિતા મળ્યાં, ખૂબ ભેટ્યા અને પૂર્વે જે કંઈ બીના બની હતી તે સઘળું માતપિતાને કીધું. (૯૨)

**सार जमाई पामी करी, विहवारीइं हरख मन धरी ।**
**कीधा उछ्व तिणि अपार, अेक जमाई सुसरा च्यारि ॥९३॥**

તે વ્યવહારીઓ પણ સજ્જન એવા જમાઈને પામીને મનમાં હર્ષિત થયાં. વળી એક જમાઈ અને ચાર સસરા એમ પાંચે જણ એકઠાં થઈ સુંદર મજાનો નગરમાં મહોત્સવ કર્યો. (૯૩)

**गजसिंघ कुमर संतोष्यो घणो, पूरव चरित्र कह्यो आपणो ।**
**गिरि वइताढ भणी चालीया, विद्याधर थई सारिख लीया ॥९४॥**

સસરાએ પણ કન્યાઓને ઘણો એવો દાયજો આપીને ગજસિંહકુમારને સંતોષ્યો. ગજસિંહકુમારે પણ આગળનો વૃત્તાંત કહ્યો અને કહ્યું કે, 'મારે વૈતાઢ્યપર્વત તરફ જવું છે. કેમકે હું વિદ્યાધરને વચન આપીને આવેલ છું. (૯૪)

**आज अवधि पुहुती तिह तणी, हिव वाट जोसें ते घणी ।**
**पीहर स्त्री मूकी आपणी, चाल्यो कुमर वइताढें भणी ॥९५॥**

આજે તેની અવધિ પૂરી થાય છે, જે સમય આપ્યો હતો તે પૂર્ણ થતાં તેઓ ઘણી રાહ (વાટ) જોશે. એ પ્રમાણે કહીને કુંવરે જવાની તૈયારી કરી. સ્ત્રીઓને પીયરમાં મૂકી અને ગજસિંહકુમાર વૈતાઢ્યપર્વત તરફ ચાલ્યો. (૯૫)

**विद्यातणइं प्रभावे करी, आव्यो कुमर तिहां संचरी ।**
**तिहां भेट्या विद्याधर राय, जई सुसरानइं लागो पाय ॥९६॥**

આકાશગામિની વિદ્યાનાં પ્રતાપથી ત્યાં વૈતાઢ્યપર્વત ઉપર પહોંચ્યો. ત્યાં વિદ્યાધર રાજાને મળ્યો અને સસરાને પગે લાગ્યો. (૯૬)

**पूरव चरित्र कह्यो ते सहू, विद्याधर राय हरख्यो बहू ।**
**आणो करावो मुझनइ तुम्हे, दसरथपुर सही जास्यूं अम्हे ॥९७॥**

અહીંથી નીકળ્યા પછી જે કંઈ બન્યું તે વૃત્તાંત ગજસિંહકુમારે રાજાને કહ્યું. તે સાંભળીને વિદ્યાધર રાજા પણ ઘણા આનંદિત થયાં. ત્યારપછી ગજસિંહકુમારે રાજાને કહ્યું કે, હવે તમે જલ્દી કન્યાનું આણુ કરી કન્યાને વળાવો. અમારે હવે દશરથપુર જવું છે. (૯૭)

**राज मूक्यां हूवा दिण घणा, जोस्ये वाट मंत्री आपणा, ।**
**सुणी वयण विद्याधर राय, सासुरवासुं करइं उछाहि ॥९८॥**

દશરથપુરનું રાજ્ય છોડ્યાને ઘણો સમય થયો છે. મંત્રીને રાજ્ય ભળાવીને આવ્યો છું. તે વાટ જોતાં હશે. આ પ્રમાણે ગજસિંહકુમારની વાત સાંભળીને વિદ્યાધર રાજાએ કન્યાને સાસરે વળાવવા માટે ઘણાં ઉત્સાહપૂર્વક તૈયારી કરી. (૯૮)

**दे राजा सीखामण घणी, करजो सार वेगी अम्ह तणी ।**
**आणो कराव्यो वेगो ताम, चाल्यो कुंवर करी प्रणाम ॥९९॥**

કન્યાઓને ઘણી શિખામણ આપી અને ગજસિંહકુમારને કહ્યું કે, વહેલાં વહેલાં અમારી સારસંભાળ લેતા રહેજો. આ રીતે વિદ્યાધર રાજાએ દીકરી જમાઈને વિદાયગીરી આપી ત્યારે કુંવર પણ પ્રણામ કરીને ત્યાંથી ચાલ્યો. (૯૯)

**विमान बइसी चाल्या तेउ, आव्यो हरिपुर नारी लेउ ।**

**कुमर हरखुं मनह अपार, विवहारीया तेडाव्या च्यारि ॥१००॥**

વિદ્યાધર રાજાએ આપેલ વિમાનમાં બેસીને તે કુમાર સ્ત્રીઓને લઈને **હરિપુર** નગરમાં આવ્યો. ત્યાં આવીને ગજસિંહકુમારે ચારે વેપારીને બોલાવ્યાં અને કહ્યું કે, તમારી દીકરીઓને હવે વળાવવાનું જલ્દીથી કરો. અમારે દશરથપુર જલ્દીથી પહોંચવું છે. (૧૦૦)

**आणो करावो वहिला थई, दसरथपुर अम्हे जास्यूं सहीं ।**

**विवहारीया मन हरख अपार, सासुरवासुं कीधो सार ॥१०१॥**

ત્યારે ચારે વેપારીઓ ખૂબ આનંદિત થયાં અને પોતાની દીકરીઓને સારો એવો કરિયાવર કરીને વિદાય આપવાની તૈયારી કરી. (૧૦૧)

**च्यारी सुनारी लेई करी, चाल्यो कुंवर साहस धरी ।**

**क्रमिं क्रमिं पुर आवीया, तव प्रधान बहु उछ्व कीया ॥१०२॥**

સુંદર એવી ચારે સ્ત્રીઓને સાથે લઈ સાહસિક એવો કુમાર ત્યાંથી ચાલ્યો. અનેક નગરો ઓળંગતો ક્રમે કરી કુમાર દશરથપુર આવ્યો ત્યારે પ્રધાને ઘણાં ઉલ્લાસપૂર્વક ગજસિંહકુમારનો નગર પ્રવેશ કરાવ્યો.(૧૦૨)

**साम्हो आव्यो सघलो लोक, नगरमांहि हूवो निरघोष ।**

**ठामि ठामि गूडी ऊछली, पोलइं तोरण बांध्या वली ॥१०३॥**

નગરનાં સર્વ લોકો કુંવરનું સ્વાગત કરવા સામા આવ્યાં. ચારે બાજુ વાજિંત્રો વાગ્યા. સ્થાને સ્થાને ગુલાલ ઉછળવા લાગ્યા. વળી પોળે પોળે તોરણ બંધાયા. (૧૦૩)

**जब पधारिउ नगर नरिंद, घरि घरि ओछ्व बहु आणंद ।**

**राज करइ गजसिंघ नरेस, सुखीयो हूवो सघलो देस ॥१०४॥**

લોકો ઉત્સાહ અને આનંદથી બોલી રહ્યાં છે કે, આજે તો આપણાં નગરનાં રાજા પધાર્યા છે. ઘરે ઘરે લાપશી રાંધો. ગજસિંહકુમાર આવતા દરેકનું હૈયુ આનંદથી ઉછળી રહ્યું છે. ગજસિંહ રાજાએ રાજ્યનું એવું સુંદર સંચાલન કર્યું કે સઘળાં રાજ્યમાં સુખ અને શાંતિ પ્રસરી રહી. (૧૦૪)

**पुन्यें करी सुख संपत्ति होय, मनवांछित फल पामइ तोय ।**
**अेक दिवस मन चिंतइ नरेस, हिव जाइसि उजेणी देस ॥१०५॥**

પુણ્યે કરી સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે અને મનની સઘળી ઈચ્છાઓ પૂર્ણ થાય છે. હવે શાંતિથી એક દિવસ ગજસિંહકુમાર બેઠાં છે અને મનમાં વિચાર કરે છે હવે મારે પિતાને મળવા માટે **ઉજ્જૈની** દેશ જવું જોઈએ. (૧૦૫)

**जई पितानइं करुं जुहार, कटक सजाइ करुं अपार ।**
**गयवर हयवर पायक बहू, चतुरंग सेना मेली सहू ॥१०६॥**

ઉજ્જૈની જઈને હું જ્યારે પિતાજીને પ્રણામ કરું ત્યારે મને શાંતિ થાય. આમ વિચારીને તેને સૈન્યને સાબદુ કર્યું. હાથી, ઘોડા, પાયદળ એમ ચતુરંગી સૈન્ય તૈયાર કરીને ઘણાં સ્ત્રીપુરુષોને સાથે લઈ ગજસિંહકુમાર ઉજ્જૈની નગરી તરફ ચાલ્યો. (૧૦૬)

**जे नरनारी साथीं लेय, नयर उजेणी पुहतु तेय ।**
**आवी भेट्यो जयसिंघ राय, मातपितानइ लागो पाय ॥१०७॥**

ઉજ્જૈની નગરીમાં પરિવાર સાથે પહોંચીને સૌ પ્રથમ પિતા એવા **જયસિંહ** રાજાને મળી માતાપિતાને પગે લાગ્યો. (૧૦૭)

**रिधि देखी रंज्यो भूपाल, भाग्यवंत मोटो सुविसाल ।**
**राजकुमरि अेणी परणी घणी, आण वरतावी जग आपणी ॥१०८॥**

કુંવરની આવી ઋદ્ધિ સમૃધ્ધિ જોઈ પિતા ખૂબ આનંદિત થયાં અને બોલ્યાં કે, 'તું ખરો ભાગ્યશાળી છે. આવી વિશાળ સમૃદ્ધિ તું પામ્યો અને રાજકુંવરીઓને પરણ્યો. આજે તે આપણા કુળની આબરૂ વધારીને રાજ્યને સમૃદ્ધ બનાવ્યું છે. (૧૦૮)

**सारी विद्या पाम्या बहू, देस विदेसें जाणइ सहू ।**
**राय पूछइं पहिलुं वृतांत, भंजइ कुमर मननी भ्रंत ॥१०९॥**

ઘણી વિદ્યાને પ્રાપ્ત કરીને તે દેશ-વિદેશમાં પણ ઘણી એવી પ્રસિદ્ધિ મેળવી છે. પહેલાં જે બન્યું હતું (એટલેકે માતા સાથે અંતઃપુરમાં તું રહેલો.) તે હકીકતમાં શું હતું ? ત્યારે કુમારે પણ પિતાનાં મનની ભ્રાંતિને ભાંગવા જે હકીકત હતી તે કીધી. (૧૦૯)

**मइ जे नकटी कीधी देवि, तेह वात तं सुणो संषेवि ।**
**धूरि विस्तरिउ कह्यो सरूप, हियडइ हरख्यो जयसिंघ भूप ॥११०॥**

હે પિતાજી ! મેં જે સ્ત્રીને નકટી (નાકકટી) કરી હતી તેને દૈવી શક્તિથી વૈર લેવા માટે કર્યું હશે. એટલું કહીને કુંવરે સંક્ષેપમાં આગળનો વૃત્તાંત કહી બતાવ્યો. વળી આ ઋદ્ધિ-સમૃદ્ધિ કઈ રીતે વરી ? તે સઘળું વિસ્તારથી પિતાને કહ્યું તે સાંભળીને પિતા એવા જયસિંહરાજા ઘણાં હર્ષને પામ્યાં. (૧૧૦)

**तव तेड्यो आपणुं प्रधान, राइं तेहनइं दीधुं मान ।**
**हुं अविचारी पाटो [ गाढउ ] सही, सास्त्र वात कांई जोई नही ॥१११॥**

સઘળો વૃત્તાંત જાણ્યા પછી જયસિંહરાજાએ પોતાના પ્રધાનને બોલાવ્યો. અને ઘણાં માનપૂર્વક ધન્યવાદ આપતાં પ્રધાનને રાજાએ કહ્યું કે, ખરેખર હું અવળા પાટે ચઢ્યો હતો, ત્યારે મેં કંઈ વિચાર્યું નહીં. ''છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય'' શાસ્ત્રની તે વાત વિચારીને તમે તેને સાચવી લીધો તેથી આજે મને પુત્રનો ભેટો થયો. (૧૧૧)

**दसरथपुरनुं पालइ राज, पुण्यें सीधा सघला काज ।**
**पुण्य करी सव टलीया अली, मनवांछित सुखसंपद मिली ॥११२॥**

આજે તો તે દશરથપુરનો રાજા છે તેનાં પુણ્ય પસાયે સઘળાં કાર્યો સફળ થયાં છે. પુણ્ય પ્રતાપે તેનાં સઘળાં વિઘ્નો ટળી ગયાં છે. વળી મન ઈચ્છિત સઘળી સુખસંપદા તેને પ્રાપ્ત કરી છે. (૧૧૨)

**॥ दूहा ॥**

**राज देई कुमारनइं, लीओ चारित्र उदार ।**
**संजम पाली निरमलुं, गयुं स्वर्ग्यापुरि बार ॥११३॥**

---

१. गाढउ=છેતરાયો.

ત્યારપછી હવે જયસિંહરાજાને વૈરાગ્ય પ્રાપ્ત થતાં ગજસિંહકુમારને રાજ્ય ભળાવી, ચારિત્ર ગ્રહણ કર્યું. નિર્મળ એવા સુંદર સંયમને પાળીને સ્વર્ગપુરીનાં દ્વારે પહોંચ્યાં અર્થાત્ સ્વર્ગે ગયાં. (૧૧૩)

**गजसिंघ भूपतिनी चरीत, मइ कहुं संखेव ।**

**भणइ गुणइ जे सांभलइ, सुख संपत्ति लहइ हेव ॥११४॥**

સંક્ષેપથી આ રીતે ગજસિંહકુમારનું ચરિત્ર મેં કીધું. તેને જે કોઈ ભણશે, ગણશે, સાંભળશે તે સુખસંપદાને પ્રાપ્ત કરશો.

**॥ चउपई ॥**

**सहि गुरु तणा वयण मन धरी, बोल्युं गजसिंघनुं चरीत, ।**

**जे नर जग इम पुन्य करंति, सुंदर राज तेह नर पामंति ॥११५॥**

ખરેખર સદ્ગુરુનાં વચનને ધારણ કરીને ગજસિંહકુમારનાં ચરિત્રને કહ્યું. જે મનુષ્ય આ જગતમાં પુણ્ય કરે છે અને કરશે તે ગજસિંહ-કુમારની જેમ સુંદર એવા રાજ્ય અને સુખસંપત્તિને પ્રાપ્ત કરશે. (૧૧૫)

**॥ इति श्रीगजसिंघकुमार चतुःखण्ड चतुष्पदी सम्पूर्ण ॥**

लिखितं पूज्य ऋषिश्री सुभटाख्येनाऽनुचर **मनहर**ऋषिणा लिपीकृता पठनार्थं श्री युगप्रधानजी पूज्य ऋषिश्री **धनराजजी** तस्य सेवक ऋषिश्री **श्रीपति** अभिधानेन लिखितं **धाइठा** नगर मध्ये संवत **१७०८** वर्षे अश्वन विदि १३ भोमदिने सिधयोगे लिखितं परोपगाराय लेखकपाठकयोश्चिरं नंद्यात् ।

**॥ शुभं श्रीरस्तु कल्याणमस्तु ॥**

સં. **૨૦૭૫**નાં ચૈત્રમાસે વઢીયારદેશે **માંડલ** નગરે શ્રી ગાડલીયા પાર્શ્વનાથ પરમાત્માની કૃપાથી
ભાવાનુવાદ કરનાર :
ધોળકા (ગુજરાત)કલિકુંડ તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી **રાજેન્દ્રસૂરી** મ.સા.નાં
સમુદાયનાં ગચ્છાધિપતિ આચાર્ય શ્રી **રાજશેખરસૂરીશ્વરજી** મ.સા.નાં
આજ્ઞાવર્તી સાધ્વી **સોહનશ્રીજી** મ.સા.નાં પ્રશિષ્યા
સાધ્વી શ્રી **વિરાગરસા**શ્રીજી, સાધ્વી શ્રી **ધૈર્યરસા**શ્રીજી.

**॥ શુભં શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ ॥**

●●●

इम जाणीनिं चालीयो,
लीधो मोर सुचंग ।
जंत्र प्रभाविं ऊडीओ,
अम्बरे गयो उतंग ॥

– श्री गजसिंहराय चरित्र रास

